પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૩૮ ॥

ઓંકારી નમોક્કારી




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# मस्तके सोमकलाकृतिचक्रं अष्टम्




असिआउसा नमंता,
सोमकला रूवसोमचक्कम्मि ।
सोमसिरिवण्णझाणेण,
झाइअ हुंति सिवहेऊ ॥

## : અર્થ :

સોમચક્ર જે સોમકળા (અર્ધચન્દ્રની આકૃતિ) સ્વરૂપ છે,
તેમાં 'અ સિ આ ઉ સા નમઃ ।' મંત્રનું
ચંદ્ર જેવા શ્વેતવર્ણ રૂપે ધ્યાન કરતાં
તે શિવના (અર્થાત્ મોક્ષના) કારણરૂપ બને છે.

॥ અ સિ આ ઉ સા નમઃ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૮ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

# ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.


## ☐ VOLUME - 38

December 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# આ સદીનું
# એક શકવર્તિ
# ઐતિહાસિક કાર્ય



જ્ઞાનીભગવંતો કહે છે કેઃ પરમાત્મા જ્યાં જન્મે, દીક્ષા લે, જ્યાં-જ્યાં સ્થિરતા કરે, જ્યાં કેવળજ્ઞાન થાય કે નિર્વાણ થાય, તે સઘળી ભૂમિ તીર્થસ્વરૂપ બની જાય, કારણકે પરમાત્માના પરમાણુંઓથી એ ભૂમિ વિશેષપણે ભાવિત બની જતી હોય છે. જે રીતે મહાપુરૂષોનાં સંયમ-ઉપકરણો પણ તેમની જેમ પૂજનીય બની જતાં હોય છે, તેમ જ પૂજ્યપાદ્ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય સાહેબજીની ડાયરીઓ કે રોજનીશીઓ જે ભૂમિ ઉપર 'અક્ષયપાત્ર'સ્વરૂપ બની રહી છે, તેવા રાજકોટનાં પટ્ટણી બિલ્ડીગ, બીજા માળની વિશાળ ફલક ધરાવતી જગ્યા પણ જાણે કે આ સમયે પૂજ્ય પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરોને કારણે એક તીર્થ સમાન બની ગઈ છે.

પૂજ્યપાદ્ સાહેબજી પ્રત્યે, સાહેબજીના ચિંતનો કે અનુપ્રેક્ષાઓ માટે જે જે પૂજ્યોને અંતરથી બહુમાન-ભક્તિ છે, તેવા પ્રત્યેક પૂજ્યોના હાથમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' આવે એટલે અંતર અહોભાવથી ભાવિત થઈ જ જતું હોય છે. તેમાં થોડા સમય પૂર્વે પરમપૂજ્ય ભક્તિયોગાચાર્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શ્રી ગીરનારજી તીર્થથી શ્રી સિદ્ધક્ષેત્રના બે-બે છ'રી પાલક સંઘો નીકળવાના હોવાથી તેઓશ્રીએ શંખેશ્વરથી રાજકોટનો માર્ગ પસંદ કર્યો, તેમાં એક કારણ હતું રાજકોટમાં સર્જાઈ રહેલા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથો અને તે ડાયરીના લખાણના મૂળ હસ્તાક્ષરોને જાળવીને ગ્રંથમાં લેવાની તેની પ્રક્રિયા જટીલ હોવા છતાં મક્કમ મનના ભકતાત્મા ભારતીબેન કાર્યને આગળ ધપાવી રહ્યા છે, તે જોવાની પૂણ્યેચ્છા.

પહેલાં આ કાર્ય જોવા પધારેલા અનેક શ્રમણ ભગવંતોની જેમ પૂજ્યશ્રી પણ પોતાના

બ્હોળા શિષ્ય પરિવાર, સાધ્વીજી ભગવંતો, આરાધક શ્રાવક-શ્રાવિકા વર્ગ સાથે ૨૬.૧૨.૨૦૧૯ના તે તીર્થભૂમિમાં પધાર્યા. એક એક અક્ષર-શબ્દ-પાનાં ઉપર કેવી કાર્યવાહી અને પ્રક્રિયા કરાય છે અને પૂજ્ય સાહેબજીના અક્ષરો કઈ રીતિએ આપણાં સુધી પહોંચાડાય છે, તે જોયા-જાણ્યાં પછી ત્યાં જ બેસીને પૂજ્યશ્રીએ જે હૃદયના ભાવભીનાં ઉદ્ગારો વ્યકત કર્યા, તે આપણાં ય રોમાંચ ખડાં કરી દે તેવા છેઃ

''હું આ રાજકોટ નગરનો ખાસ આભાર માનવા આવ્યો છું, કે જ્યાં આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોનું અપૂર્વ સુંદર કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્યક્ષેત્ર તો સ્વયં તીર્થ સમ બની ગયું છે! સાહેબજીનું આ કાર્ય એ એક અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટના છે! દરેક સદીમાં કોઈ એક એવો આત્મા પૃથ્વી ઉપર આવે છે કે જે તે તે સમય મુજબ આગમોનો ઉદ્ધાર કરવા તથા સાંપ્રતકાળના સંજોગો મુજબ આગમોમાં રહેલ તત્ત્વોની સમજણ ભવિજનો સુધી પહોંચાડવા માટે શાસ્ત્રોદ્ધાર કરે છે, જેમ કે બારમી સદીમાં કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજી કે પછીના સમયનાં શ્રી દેવચંદ્રજી, મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વગેરેની જેમ ૧૯મી સદીમાં શાસ્ત્રોદ્ધારનું કાર્ય કરવા જ તેઓએ આ ૨૨૪ રોજનીશીઓમાં આલેખન કર્યું છે! આ કાર્ય આ સદીનું એક શકવર્તિ ઐતિહાસિક કાર્ય છે. જે હજારો ભાવુકો સુધી સાહેબજીનું સાહિત્ય પહોંચી રહ્યું છે, એ અદ્ભૂત છે. મારા મુનિઓ, સાધ્વીઓ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' વાંચી-વાંચીને ઉછળે છે! કે.. વાહ! શું સરસ અમને મળી ગયું છે! તો હિમાલય જેટલું મોટું અને પાવન કાર્ય કરનાર તમને સૌને મારા અંતરના આશીર્વાદ.''

આવા હૃદયંગમ ઉદ્ગારો દ્વારા પૂજ્યશ્રીના સાહિત્ય પ્રત્યે તેઓની અવિહડ ભક્તિ જ પ્રગટ થાય છે. આ કાર્ય માટે હંમેશા કૃતજ્ઞભાવે બે આત્માઓને સહજપણે યાદ કરીએ છીએઃ એક છે ગુરૂબહુમાનસહિત અત્યંત ભાવપૂર્વક આર્થિક ભાર વહન કરીને પૂણ્યાનુબંધી પૂણ્યની રાશિ એકઠી કરનાર મુંબઈ-વડોદરાના સુશ્રાવક **સી.કે.મહેતા** તથા આ ભાવને પોતાના શ્રમ-સુઝ થકી પ્રદર્શિત કરનારા અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા**. બંનેને ધન્યવાદ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ડિસેમ્બર, ૨૦૨૦









અસિત ગિરિ સમં સ્યાત્ કજ્જલં સિન્ધુપાત્રે
સુર તરુવર શાખા લેખિની પત્રમુર્વી ।
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥

# નવકાર - પ્રથમ મંગલ શા માટે?

નવકારમાં એવું શું છે કે જે એને પ્રથમ મંગલ બનાવે?
પ્રથમ મંગલ એટલે અત્યારે આત્મામાં જે પુણ્ય પડેલું છે,
તેની આદિમાં નવકાર મંગલ છે.
આ વાત સત્તાગત કર્મની છે.
ઇષ્ટનો સંયોગ પુણ્ય વિના નહિ અને
જે સાધનોથી આત્મામાં પુણ્ય આવ્યું,
તે પ્રત્યેક સાધનમાં નમસ્કાર આદિમાં છે.
આ છે પ્રથમ મંગલનો અર્થ.
મંગલોમાં એક જ નહિ પણ પ્રથમ.
'પ્રથમ' શબ્દ અતિ મહત્ત્વનો છે.
દરેક ઇષ્ટ સંયોગનું પહેલું કારણ નવકાર છે.
જાણીને કે અજાણતાં જ્યાં પાંચને નમાઈ ગયું,
ત્યાં મંગલ થઈ જ ગયું. તે મંગલ થયું કે જે સર્વ
દ્રવ્યમંગલોનું અને ભાવમંગલોનું પ્રથમ કારણ છે.
દ્રવ્ય મંગલ પણ તેને જ ફળે કે જેનું પુણ્ય હોય.
પુણ્ય બીજું કશું જ નહિ પણ તે છે કે જેની આદિ-
આદિમાં પરમ કારણરૂપે નમસ્કાર અવશ્ય પડેલ છે.
આ વિશ્વવ્યવસ્થા છે, સનાતન નિયમ છે.

## નવકાર મહામંત્રનું નિરંતર રટણ

નમસ્કારના અક્ષરો એ જ સર્વ શ્રુતસ્કંધની ચાવી છે.
તેનું માત્ર નિર્વિઘ્ન રટણ નિતાન્ત આવશ્યક છે.
અર્થ તો તેમાંથી સ્વયં સ્ફુરનારી વસ્તુ છે.
તે પહેલાં આપણે જે અર્થો મેળવીએ છીએ,
તે અર્થના આભાસમાત્ર છે.
તેને સાચા અર્થ માની લેવાથી અનેક અનર્થો સર્જાય છે.
સ્વયંસ્ફુરણા જેમ દુરવગાહ છે, તેમ
અર્થસ્ફુરણ દુરવગાહ છે પણ જિહ્વાગ્ર ઉપર
સૂત્રોક્ત રીતે બિંદુમાત્રાદિના ઉપયોગપૂર્વક
નિરંતર રટાયેલ તે સ્વયંસ્ફુરણાને
ખાળોચાદું બનાવે છે, સુખાવગાહ થાય છે.

## નમસ્કાર મહામંત્રના અર્થનો મહિમા

નવકાર મંત્રનો અર્થ સાગરની જેમ ઊંડો,
હિમાલયની જેમ ઊંચો અને
પૃથ્વીપટની જેમ વિશાળ છે.
તે સૂર્યની જેમ પ્રકાશમાન,
ચંદ્રની જેમ સૌમ્યતાવાન
અને ઇંદ્રની જેમ ઐશ્વર્યવાન છે.

V.V. Imp.

'નમો અરિહંતાણં |'

એ પદ જેની જિહ્વાના અગ્રભાગે નિરન્તર રમે,
તે જ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત ગણાય. જિહ્વાગ્ર પર નવકારનું
સતત રટણ તે પરમ ભક્તિ વિના કેવી રીતે બની શકે?
અભવ્ય, દૂરભવ્ય કે ગુરુકર્મી આત્મા નવકારને કદી રટી
શકે નહિ, જપ કરવાનું તેને મન જ ન થાય; એનું કારણ
છે કે નવકારના શબ્દોના રટણ માટે પણ ઘણી યોગ્યતા જોઈએ.
નવકારના સ્તોત્રો અને સ્તુતિઓમાં નવકારના અર્થની
કોઈ સ્તુતિ નથી, સ્તુતિ માત્ર નમસ્કાર સૂત્રની છે.
'મંત્ર' તેને જ કહેવાય કે જેના રટણના પ્રભાવથી
કાલ્પનિક અર્થ, વૈકલ્પિક અર્થ અસ્તને પામે અને
મંત્રાક્ષરોના પ્રભાવમાત્રથી અર્થસાક્ષાત્કાર થાય.
કેવળ સૂત્રનો ઉપયોગ તથા મંત્રના વર્ણોને વિષે
એકાગ્રતા તે જ પરમ ભક્તિ છે
અથવા તે જ પરમભક્તિને ઉત્પન્ન કરે છે. નવકારના
અક્ષરોનું રટણ તે જ પરમેષ્ઠિ પ્રત્યે અત્યંત બહુમાન
સૂચક છે. સૂત્ર સદા વ્યવસ્થિત અને એકસરખું છે, જ્યારે
અર્થ બુદ્ધિના પ્રમાણે ફર્યા કરે છે. સદા વ્યવસ્થિત
શાશ્વત મંત્રાક્ષરો 'અર્થ' કરતાં ઘણાં બળવાન છે.

કેવળ પ્રધાન સાત અક્ષરોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિશ્વને વ્યાપતું પરમ હિતતત્ત્વ સમાઈ જાય છે. નવકાર સિવાયના બધા જ શ્રુતની રચના શ્રી ગણધર ભગવંતો કરે છે, જ્યારે તીર્થંકરો સ્પષ્ટ કહે છે કે આ સૂત્ર અનાદિ છે. શ્રી ગણધર ભગવંત રચિત સૂત્રનું માહાત્મ્ય જેટલું ગાઈએ તેટલું ઓછું છે, તો પછી શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ સૂત્રનું માહાત્મ્ય કેટલું ગાઈ શકાય?

આમાં અર્થ કે તદુભયને અપ્રાધાન્ય નથી.

ઐદંપર્યનો અર્થ નવકાર છે અને નવકારનો મહાન અર્થ તેના અક્ષરોનું નિરંતર રટણ છે. નિરંતર રટણ કરાતા અક્ષરોમાં ચિંતન કરતાં પણ મહાન અર્થને ઉત્પન્ન કરવાની અદ્ભુત શક્તિ છે, ચિંતન શક્તિ પણ ત્યારે જ માર્ગાનુસારી બને કે જ્યારે નવકારના અક્ષરોને નિરંતર ભક્તિપૂર્વક ઉપાસવામાં આવે. જેમ સ્થાપનાનિક્ષેપ અને ભાવનિક્ષેપ ભક્તિનાં સમાન પાત્ર છે, તેમ નામનિક્ષેપ માટે પણ જાણવું. ફક્ત ઉપયોગ એટલો અવશ્ય જોઈએ કે તે નામ કોનું છે! મંત્રશાસ્ત્રમાં ક્યાંયપણ એ નથી પૂછતું કે 'તમે અર્થની ભાવના કેટલી કરી છે?' બધા જ મંત્રવાદીઓ મંત્ર જાપની સંખ્યાને પૂર્ણ કરવા માટે જ આગ્રહ ધરાવે છે.

(યોગશાસ્ત્ર મંત્રની અર્થભાવનાને પણ મહત્ત્વ આપે છે.

'તજ્જપસ્તદર્થભાવનમ્ |'

અહીં 'અર્થભાવન' શબ્દથી મંત્રાર્થની સાથે પરમાત્મા આત્માનું અભિન્નભાવન પણ ગૃહિત છે.)

<u>સૂત્ર અને અર્થ - બંનેની આવશ્યકતા તો છે જ,</u>

<u>અસલી આવશ્યકતા છે પણ અર્થનો અર્થ</u>

<u>જે આપણે કરીએ છીએ તેટલો જ નહિ.</u>

'અરિહં' પદ તે 'સૂત્ર', સાક્ષાત્ અરિહંત એ 'અર્થ', આપણા મનમાં તે પદાર્થની ઉપસ્થિતિ, તે પ્રત્યય છે. એ પ્રત્યયની એકતાનતા થવાથી ધ્યાન દ્વારા અરિહંત 'અર્થ'નું જે દર્શન, તે 'અરિહંત'નો સાક્ષાત્ અર્થ છે.

નમો 'ધ્યાતા', અરિહં 'ધ્યેય' તથા

તાણં 'ધ્યાન', સંપૂર્ણ પદ ત્રણેની એકતા.

તે રીતે અર્થભાવના ઉચિત છે.

પરંતુ તે અનન્ય ચિત્તથી હોવા ઘટે.

ध्याता, ध्येयं तथा, ध्यानं त्रयं यस्यैकतांगतः |

मुनेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते ॥१॥

ત્રણેની એકતા થતાં ખરેખર જો દુઃખની અનુભૂતિ ન હોય, દુઃખમાં પણ કેવળ સુખની જ અનુભૂતિ હોય, તો તે એકતા સુપ્રતિષ્ઠિત કહેવાય.

નવકારના પદોમાં 'વિગ્રહસંતં પદ્દ' એટલે પદનો
અર્થ નહિ પણ અલ્પાલ્પ વિરામ એટલે અર્થ છે.
અલ્પવિરામ, તેના કરતાં પણ ઓછો વિરામ (comma).
પ્રધાન પદનો આલાપક એક,
પણ તેમાં વિરામ - અટકવાનું ત્રણ વખત.
ત્રીજી વખત જ્યારે અટકીએ, ત્યારે આલાપક પૂરો થાય.
'નમો' કહ્યા પછી જેટલો વિરામ (વિશ્રામ) લઈએ,
તે કરતાં 'તાણં' પદ પછી 'નમો સિદ્ધાણં |' પદના
'નમો'ના ઉચ્ચારણ પૂર્વે વધુ અટકવું જોઈએ,
તો તે ક્રમનો આલાપક આરાધેલ કહેવાય.
અહીં એક આલાપક પ્રમાણ પ્રધાન અધ્યયન છે.
આ બધી વિગત વિશુદ્ધ સૂત્રોચ્ચારને લાગુ પડે છે.
'નમો અરિહંતાણં |'
એ શ્રી પંચ મંગલમહાશ્રુતસ્કંધનું પહેલું અધ્યયન છે.
તેનું પરિમાણ ૭ અક્ષર છે, તે ૭ અક્ષરમાં આલાપક ૧.
તે આલાપકમાં પદ ત્રણ.
બીજા અધ્યયનમાં 'નમો સિદ્ધાણં |'
તેમાં બે પદ, ત્રીજામાં ત્રણ પદ, ચોથામાં ત્રણ પદ,
ચૂલિકામાં ૧૧ પદ - એટલે શ્રી મહાનિશીથ સૂત્રમાં ઉલ્લેખ છે.

પાંચમાં અધ્યયનમાં આઠ પદ આવે છે:
'નમો' 'લોએ' 'સવ્વ' 'સાહૂણં'
ચૂલિકામાં નીચે પ્રમાણે આલાપક રહ્યા છે:
'એસો પંચ નમુક્કારો |' 'સવ્વ પાવપ્પણાસણો |'
'મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલમ્ |'
૧૧ પદ નીચે મુજબ છે:
'એસો' 'પંચ' 'નમોક્કારો', 'સવ્વ' 'પાવપ્પણાસણો'
'મંગલાણં' 'ચ' 'સવ્વેસિં' 'પઢમં' 'હવઇ' 'મંગલં'
'નમો अरिहंताणं |' પદમાં 'નમો' 'अरि' 'हंताणं'
એમ ૩ પદ પાડવા ઉચ્ચારણની દૃષ્ટિએ ઉચિત લાગે છે.
'નમો - अर - हंताणं |'
અહીં પ્રશ્ન અર્થનો નહિ પણ ઉચ્ચારણનો છે.
'નમો - आय - रियाणं' 'નમો - उव - ज्झायाणं'
અર્થભાવના માટે ગમે તે વિભાગ પાડી શકીએ.
ટીકાકારો તે રીતે વિભાજન કરે જ છે.
'अरिहननात्' 'रजोहननात्' 'रहस्याभावात्' અથવા
'अ - रहंताणं' એટલે જેમને કાંઈ 'રહ' ગુપ્ત નહિ,
બધું સાક્ષાત છે પણ તે પદ કર્યાદ નહિ.
ત્રિપદ પરિચ્છિન્નનો એકસરખો અર્થ તેમ જણાય નહિ.

અહોની એકતાની ભાવના એ જુદી વસ્તુ છે અને
અહોની એકતા તે જુદી વસ્તુ છે.
કદાપિ ક્ષણમાં જ્યારે અનેકતા ચિત્તને ન સ્પર્શે,
ત્યારે તે એકતા 'સુસિદ્ધ' કહેવાય, ત્યારે
તે આત્મા પરમહંસ થઈ જાય, પરમ અરિહંત બની જાય.
ઈશ્વર અસ્તિત્વવાદનું રહસ્ય આ એકતામાં છે.
કર્તા તો ઈશ્વર એક જ, જે ધ્યેય તે જ કર્તા,
બધું ઈશ્વર જ કરે છે, દુઃખનો સર્જનહાર પણ તે જ છે,
તેની વિશેષતા જ દુઃખના સર્જનમાં છે.
જ્યારે આપણને દુઃખની અનુભૂતિ થાય છે,
ત્યારે તે અનિષ્ટ લાગે છે, તે જ અહંકાર છે.
તે અહંકારે ઈશ્વરનું અસ્તિત્વ ભૂલાવી દીધું છે.
આપણા માટે દુઃખને ઉત્પન્ન કરીને ઈશ્વરે અદ્ભુત
ભલા કરી છે, ઈશ્વરે આપેલું દુઃખ એકાંત સુખમય જ છે,
સુખ માટે જ છે, કારણકે પ્રત્યેક ઈશ્વરીય કૃતિ
ઈશ્વરસર્જિત હોવાથી તે પરિપૂર્ણ છે,
તેની પાછળ નિત્ય લાભ છે, આ ઈશ્વર તે અંતર્યામી છે,
સર્વમાં તે અંતર્યામી છે, સર્વાન્તર્યામી છે.
'ઈશ્વર જે કાંઈ કરે છે, તે સારૂં જ છે.

ઈશ્વરની આજ્ઞા વિના પાંદડું પણ ન હાલી શકે'
વગેરે વચનો નયવાદની દૃષ્ટિએ ગંભીર અર્થ ધરાવે છે.

ખંડનીય દુર્નય છે, એટલે કે
સમાધિને પ્રતિકૂળ વિચારધારા ખંડનીય છે.

કર્મવાદનો વિચાર જે રીતે સમાધિ લાવે છે,
તે કરતાં પણ ઊંચી સમાધિ ઈશ્વરવાદ લાવે છે,
તે કરતાં પણ ઊંચી સમાધિ નવકાર લાવે છે.

બાકી કલ્પના આ રીતે પણ કરી શકાય કે:
નવકાર કે જેમાં પાંચ ઈશ્વર છે અને
એ પાંચમાં પણ એક પરમ ઈશ્વર અરિહંત છે.

નમો = ધ્યાન, કારણ કે નમસ્કાર જ પરમ ધ્યાન છે.
અરિ-શત્રુ = ધ્યાતા, અશુભ પ્રકારના ધ્યાન તે શત્રુ છે.
આર્ત - રૌદ્રધ્યાનની હેયતા સ્પષ્ટ છે.
બાકી જો જ્યાં સુધી ધ્યેયમાં સમાતા નથી,
ત્યાં સુધી સાધનરૂપે ઉપાદેય છે, પછી હેય છે.
એ રીતે ધ્યાતા ધ્યેયરૂપ બને, ત્યારે તે ભિન્ન છે,
કિન્તુ તે પહેલાં કથંચિત શત્રુ છે.
'હંતાણં' = ધ્યેય ઉપરના ચારે પ્રકારના ધ્યાનનો અને
તત્પ્રવૃત્ત ધ્યાતાનો અભેદભાવથી નાશ કરનાર ત્રણેની

એકતા એટલે ધ્યેયાત્માની અવશિષ્ટતા, એથી પણ ઊંડા
જઈએ તો અભેદમાં ધ્યેય જેવી કોઈ વસ્તુ જ નથી,
અભેદમાં જો ધ્યાન કે ધ્યાતા ન હોય,
તો ધ્યેય કેવી રીતે હોઈ શકે? દા.ત.
માતા કે બાળ ન હોય, તો હેત કેવી રીતે હોઈ શકે?
ધ્યેયની અભાવતા તે જ 'Supreme Truth' છે
તથા તે જ નિર્વિકલ્પ છે.
અરિહંત પોતે પોતાના માટે ધ્યેય નથી એટલે કે
અરિહંતને ધ્યેયની અભાવતા છે. અરિહંત માટે
સિદ્ધપદ ધ્યેય, તે પણ આપેક્ષિત છે.
'ન મો અ રિ હં તા ણં ।' અહીં એક એક અક્ષરનો
વિલંબિત માનસિક ઉચ્ચાર કરવામાં આવે અને
અંદર કોઈપણ અર્થ ન સ્ફુરે,
તો તે મહાનિર્વિકલ્પ છે, જે સતત આત્મસ્મરણીય છે.
જો કર્ણ, જો ચક્ષુ, જો નાસિકા અને એક મુખનું વિવર,
એમ સાત અક્ષરોની સ્થાપના નિર્વિકલ્પ માટે છે.
પંચ મંગલ એ મહાશ્રુત સ્કંધ છે પણ મહાઅર્થસ્કંધ નથી.
નમસ્કારમાં અર્થભાવના ગૌણ છે, અક્ષરો જ મહાન છે.
અર્થની પાછળ પડવાથી નમસ્કારની સર્વ સિદ્ધિઓ
બાજુમાં રહી જાય છે અર્થાત્ તેનાથી વંચિત રહેવાય છે.

જગતમાં દાન આદિ જે કાંઈ શુભ છે,
તેને કરતી વખતે જે ભાવ છે, પછી તે કરનાર મહાત્મા
ભલે પાંચને ન જાણતો હોય, તે ભાવ જ પંચ નમસ્કાર
છે, જે ચૌદ પૂર્વનો સાર છે. હવે પ્રશ્ન એ છે કે
દ્રવ્યદાન અને ભાવદાન આદિ વખતે એવા કયા પાંચ
તત્ત્વો વિદ્યમાન હોય કે જેને પાંચ પરમેષ્ઠિ કહી શકાય?

જેને આપણે પાંચ પરમેષ્ઠિ માનીએ છીએ,
તેના હાર્દમાં એ પાંચ તત્ત્વો,
કાર્યમાત્રમાં પાંચ સમવાયની જેમ, પડેલા છે એટલે
આપણે જે સ્વરૂપ અત્યારે પાંચનું સમજીએ છીએ,
તેના કરતાં તે સ્વરૂપ તદ્દન જુદું જ છે.

શ્રુતના જેટલા શબ્દો અરિહંતને સમજાવવા રહ્યા છે,
તેમાં તે દિવ્ય રૂપ અવશ્ય છુપાયેલું છે અને
શાસ્ત્રોના શબ્દોના જે અર્થ આપણે કરીએ છીએ,
તે મોટે ભાગે સ્પર્શ વિનાના છે અર્થાત્
તેને સ્પર્શગત અર્થ કહી શકાતો નથી. અરિહંત પદની
અનુભૂતિ કરાવવા માટે શ્રી મહાનિશીથના શબ્દો પર્યાપ્ત છે.
જગતના કોઈપણ ધર્મે કદી પણ ન વર્ણવેલું હોય,
એવું દેવતત્ત્વનું સ્વરૂપ શ્રી મહાનિશીથ સૂત્રમાં કહેલું છે.

તે સ્વરૂપ જોવા માટે સમ્યગ્દર્શન જોઈએ.
બાળ ધર્મીઓ કરેલ દેવતાનું સ્વરૂપ અનંતીવાર
ભાવ્યા વિના અરિહંતનું સ્વરૂપ સમજાય તેવું નથી
કારણકે ભગવાન એ મહાન છે, મહત્તમ છે. તે ભગવાને
જાણ્યા વિના એની મહત્તમતા કેવી રીતે કરી-કળી શકાય?
અને એટલા માટે જ સન્મતિકાર મંગલાચરણમાં
'अर्हं सिद्धादंसणस्स ।' કથન કરે છે.
પહેલી વાત એ છે કે દેવતત્ત્વ શું છે,
એ જ લોકો નથી જાણતા, તો પછી દેવતત્ત્વનું પણ
હાર્દ જે 'અરહંત'પદ તેને બુદ્ધિમાં કેવી રીતે પકડી શકે?
હજારો ભીમકાય કળશો વડે જન્માભિષેક,
અંગુષ્ઠના સ્પર્શમાત્રથી મેરૂની ચલાયમાનતા વગેરે જે
મહાવાર્તાઓ છે, તેમાં જ જેઓની બુદ્ધિ અટકી જાય છે,
તેઓ દેવતત્ત્વના રહસ્યને કેવી રીતે સમજી શકે?
સમ્યગ્દર્શન પદની મહત્તા એટલા માટે છે કે
તે દુરબીનમાંથી જ દેવાધિદેવના દર્શન થાય તેમ છે.
જે દિશામાં તત્ત્વ છે, તે જ દિશામાં બરાબર
દુરબીન ધરવામાં આવે, તો જ તે તત્ત્વનાં દર્શન થાય.
જે અરહંતપદ સિદ્ધપદ કરતાં વધુ સૂક્ષ્મ છે, પ્રધાન છે,
તે જાણવા માટે વધુ સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ.

શાસ્ત્રોએ જે શબ્દો આપણા સામે ધર્યા છે,
તેનો વિચાર કરતાં બુદ્ધિ તેના ઉપર ફીદા થઈ જાય છે.

અરિહંત પદને અભિવ્યક્ત કરવા
સૂત્ર જેવા શબ્દો આપણા જેવાને જડે પણ ક્યાંથી?
(જન્માભિષેક વખતના કળશાઓની જેમ ચંદ્ર - સૂર્ય
આદિના વર્ણનોમાં સંપ્રદાયગત રહસ્યાર્થ હોવો જોઈએ.)

૦ 'સામાઇયમાઇયં સુયનાણં જાવ બિંદુસારાઓ ।'
ત્યાં 'નવકારમાઇયં' ન કહેતાં જે 'સામાઇયમાઇયં' કહ્યું છે,
તેનો અર્થ એ છે કે 'સામાયિક આદિ શ્રુત જ્ઞાન છે.
તેમાં અપેક્ષાએ નવકાર અંતર્ગત નથી,
કારણકે તે મહાશ્રુતજ્ઞાન છે,
બાકીનું બધું માત્ર શ્રુતજ્ઞાન છે.
ખાબોચીયામાં સમુદ્ર કેવી રીતે સમાય?
સામાયિકાદિ શ્રુતજ્ઞાનનો સાર ચરણ અને
ચરણનો સાર નિર્વાણ હોઈ શકે.
નવકારનો સાર માત્ર ચરણ કે
નિર્વાણ જ નહિ પણ તે કરતાં ઘણું અધિક છે
અથવા નવકાર તે મહાઆગમિક ધ્વનિ છે, જેણે સંપૂર્ણ
શ્રુતસાગર એક નાનકડા ઘૂંટડાની જેમ પી નાંખેલ છે.

o અરહંત પદ એ જ આપણો સાચો આત્મા છે.
અત્યારે જેને આપણે આપણો આત્મા માનીએ છીએ,
તે ખરી રીતે આત્મા જ નથી અથવા
તો તે કાયોત્સર્ગમાં વોસિરાવવા યોગ્ય આત્મા છે.
અરિહંત એ જ સાચો આત્મા હોવાથી
તેમનું સ્મરણ-ધ્યાનાદિ કરતી વખતે જે પ્રકટ થાય,
તે જ આત્માનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ.
વિચારધારાને ય અંતર બનાવવાનો એ જ ઉપાય છે.

- *Tatva.*

જીવને પોતાના સ્વરૂપનું અજ્ઞાન હોવાથી સુખરાગ,
દુ:ખદ્વેષ પ્રવર્તે છે. સુખરાગ, દુ:ખદ્વેષ ગાઢ બને છે,
ત્યારે તેમાંથી પાંચે મહાઆસ્રવ પ્રવર્તે છે
અને એથી સંસારનું મૂળ દૃઢ બને છે,
સ્વરૂપ અજ્ઞાનમૂલક સુખરાગ, દુ:ખદ્વેષ તથા તેમાં
આડે આવનાર પ્રત્યે હિંસાદિ પાપસ્થાનોનું સેવન થાય છે.
મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તે છે, તે જીવ દ્વેષમૂલક
નહિ પણ આહારાદિ સંજ્ઞાની તૃપ્તિ માટે હોય છે.
ષડ્જીવનિકાયનું પણ સાચું જ્ઞાન ક્યારે થાય,
કે જ્યારે સ્વરૂપનું ભાન હોય.

અભવ્યને નવ પૂર્વનું શ્રુતજ્ઞાન હોય છે, જીવ આદિ
ષડ્નિકાયને પણ જાણે છે, પરલોકને પણ માને છે,
તથા દયા વગેરે પણ સારી રીતે પાળે છે પણ મોક્ષ,
જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તેનું અજ્ઞાન અને
અશ્રદ્ધા હોવાથી તેની ક્રિયા સ્વરૂપસાધક નહિ પણ
સ્વર્ગસાધક અને પરિણામે દુઃખકારક બને છે.

અપુનર્બંધક અવસ્થામાં આવેલ જીવને
સ્વરૂપનું જ્ઞાન અને મોક્ષની શ્રદ્ધા હોવાથી તે:

(૧) ઘોર એવા ભવને બહુ ન માને.
(૨) પાપ તીવ્રભાવથી ન કરે અને તથા
(3) અતિહીનતા પણ ન હોય.

તથા વિરુદ્ધ ભવાભિનંદીના લક્ષણમાં હિંસક આદિ ભાવ ન
જણાવતાં ક્ષુદ્રાદિ ભાવ, જે ગાઢ રાગદ્વેષ અને અજ્ઞાન-
જન્ય છે, તે કહ્યાં, તથા જીવોને જીવ પ્રત્યે સામાન્યથી
હિંસક ભાવ નહિ પણ પોતાની રાગની તૃપ્તિરૂપ આહાર
સંજ્ઞા કે ઇષ્ટવિનાશની કલ્પનાના ભયસંજ્ઞા પ્રેરિત
જીવહિંસા હોય છે અને
રાગદ્વેષના કારણમાં સ્વરૂપનું અજ્ઞાન હોય છે.
કેટલાક જીવો સ્વાર્થ વિના પણ હિંસાદિમાં પ્રવર્તે છે,

તેમાં પૂર્વ સંસ્કારજન્યતા કે તીવ્ર કર્મોદય કારણ હોય.
વળી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના કારણોમાં
પણ તીવ્ર મોહોદયાદિ કારણ જણાવ્યાં છે.

જહા મોહોદએ તિવ્વે અન્નાણં ખલુ મહબ્ભયં |
પેલવં વેયણીયત્તં તહા એગિંદિયત્તણં || અર્થાત:

તીવ્ર મોહોદય, અજ્ઞાન અને મહાભય તથા તુચ્છ વેદનીયત્વના કારણે એકેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. વળી સંસારનાશના કારણો નીચે મુજબ જણાવ્યાં છે:

સંસારહેઉમણા કમ્મં ઉમ્મૂલેઉ તદટ્ઠાએ |
ઉમ્માલિજ્જા કસાયા તમ્હા ચઇજ્જા સયણાઇ || અર્થાત:

સંસારનાશ માટે કર્મનાશ, કર્મનાશ માટે કષાયનાશ,
કષાયનાશ માટે સ્વજનાદિનો ત્યાગ,
પરિણામે વિષયો પ્રત્યેનો રાગ-દ્વેષ, તેનો ત્યાગ મુખ્ય છે. સ્વજનના સંબંધનથી વિષયો પ્રત્યેનો ગાઢ રાગ ઘટી જાય છે અને વિષયરાગથી ઉત્પન્ન થતી દ્વેષ ભાવનાથી ઘટી જવાથી સ્વતઃ મૈત્રીભાવ આવી જવાનો, તેથી મૈત્રી આદિના ભાવમાં કારણ તરીકે જીવો પ્રત્યેનો કાયમ દ્વેષભાવ માનવાની જરૂર નહિ રહે.
સવ્વભૂઅપ્પભૂઅસ્સ = આત્મવત્ સર્વભૂતોને જોતો

અર્થાત્ પોતાના દેહથી જ આત્મા પૃથ્વીકાય આદિકને
વિષે પણ છે અને તેમાં અનંત દર્શન જ્ઞાનાદિ ગુણો
આચ્છાદિત છે તથા તેઓમાં પણ મુક્તિગમન
યોગ્યત્વ રહેલું છે ઇત્યાદિ રીતે જોતો.

'સમ્મં ભૂયાઇ પાસઓ' એટલે
આગમોક્ત રીતે ભૂતોને જોતો છતો,
જેણે આશ્રવ દ્વાર બંધ કર્યા છે અને જેણે ઇંદ્રિય-
નોઇંદ્રિયના સંયમથી દાંત છે, તેમને કર્મબંધ થતો નથી.

- પાલી, ભા. પ.૨૪

૦ અકલ્યાણદર્શી = સારું કાંઈ પણ જોઈ ન શકે,
મળેલી સારી સામગ્રીની કદર કરી ન શકે અને
પોતાનું ભાવિ ઉજ્જવળ છે, એમ જોઈ ન શકે.

ફાવટનો આધાર માયા-કપટ, ક્રોધકષાયાદિ નથી, કિન્તુ
પૂર્વોપાર્જિત શુભકર્મનો ઉદય હોય છે.
બહારની સફળતા કે નિષ્ફળતાનો આધાર
શુભાશુભ કર્મના ઉદય ઉપર છે.
ગુણ - દોષની કમાણીનો આધાર
અંતરાત્માના સત્ - અસત્ પુરુષાર્થ ઉપર છે,
એ માટે ધૈર્ય અને શ્રદ્ધાની જરૂર છે.

પોતાના સર્વ દોષો કબૂલવા અને
સામાના સર્વ ગુણોને આરાધ કરવા, એ
બધા ક્લેશ-કંકાસને નિવારવાનો અમોઘ ઉપાય છે.
એ ઉપરાંત જ કહેવત છે: આપ ભલા તો જગ ભલા.
જ્યાં સ્નેહ ત્યાં સરળતા ત્યાં સ્નેહ - પ્રેમ છે.

## ઈશ્વરના અસ્તિત્વ વિષેની શ્રદ્ધા

શ્રદ્ધા = પાર્વતી, વિશ્વાસ = શંકર.

ઈશ્વરના અસ્તિત્વ વિષેની ચર્ચા એ વિતંડાવાદનો નહિ
પણ શ્રદ્ધાનો વિષય છે. જે માનવી ફક્ત પોતાની
જાતની, આવતીકાલની ફીકરમાં રચ્યોપચ્યો રહે છે,
એ ઈશ્વર પ્રત્યે એક પ્રકારની અશ્રદ્ધા સેવે છે.
આવતીકાલની ફીકર રાખવાનું જે ઈશ્વરને સોંપી દે છે,
તેની જવાબદારી લીધા સિવાય ઈશ્વરને છૂટકો નથી.
આ વાત વ્યવહારૂ છે કે નહિ,
તેનો વિચાર છોડી અંતરમાં વસાવવા જરૂરી છે.

o 'સત્યાગ્રહ'માંથી સત્ય અદૃશ્ય થયું છે અને
માત્ર આગ્રહ જ ખ્યાતિ ધરાવે છે.
ઉપવાસની સાથે પ્રાર્થના તથા આત્મશુદ્ધિના તત્વ હોય
ત્યારે જ તે સત્યાગ્રહ બને છે.

આજના ઉપવાસો ધર્મ મટી ધતિંગ બની રહ્યા છે,
આત્મશુદ્ધિ મટી આડંબર બન્યાં છે,
દયા મટી દંભમાં પરિણમ્યાં છે.

જીવનસાફલ્ય માટે તપ, ચિંતન, સેવા જરૂરી છે. તેને
બાઈબલમાં fasting, prayer, charity કહે છે,
કુરાનમાં તેને રોજા, નમાજ અને જકાત કહે છે
ગીતામાં તે યજ્ઞ, દાન અને તપથી ઓળખાય છે તથા
રામાયણમાં તે સુમિરન, સત્સંગ, ઉપવાસ નામે જાણીતાં છે.
ઉપવાસ = નજીક બેસવું કે ભગવાનની પાસે વસવું.

ઉપવાસથી શરીર સ્વસ્થ બને છે અને
શરીરનું સ્વાસ્થ્ય મનને પણ સુધારે છે.
ઉપવાસ એ સ્વાસ્થ્ય અને સંયમ માટે જરૂરી છે,
તેમ જ તે આત્મશુદ્ધિનો પણ પ્રકાર છે,
દયા અને પ્રેમનો પ્રચાર છે, હૃદયનો શુદ્ધ નાદ છે
તથા ઇંદ્રિયો અને મનનો નિગ્રહ છે.
જ્યાં અન્યોન્ય પ્રેમની ભાવના હોય,
ત્યાં ઉપવાસ સફળ બને છે,
અધિકાર વિનાના આધ્યાત્મિક પ્રયોગો
હાસ્યાસ્પદ નિવડે છે.

કોઈ આકાશ કે પાતાળમાં નહિ,
પણ મનની જ એક સ્થિતિમાં રહેલ છે.
વૈતરણી નદી = મનના પ્રવાહોની એક સ્થિતિ.

0 સામ = શાંત, દામ = દાન,
દંડ = આત્મશાસન, ભેદ = દંડનો ભેદ.

0 જીવ એ સંકલ્પ અને કામનામય છે.
શિવ એ સંકલ્પ અને કામનારહિત છે.
સુખી જીવન કરતાં દૈવી જીવન ઉત્તમ છે.
મનુષ્યની અંદર જે મહાન ચૈતન્યશક્તિ છે,
તે સમજવા અને સમજાવવા પ્રયત્ન કરવો જોઈએ.
ચતુર્દંડના ૭ દરવાજા એટલે યોગના પ્રથમ સાત અંગો.
તે વટાવ્યા પછી સમાધિ અર્થાત્ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

0 દમ = ઈંદ્રિયોનું દમન.

સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્ || અર્થાત્:
શરીરમાં સત્ત્વગુણવૃદ્ધિ થવાથી આપોઆપ જ્ઞાન પ્રકટે.
સત્ત્વગુણ શુદ્ધ આહાર, વિહાર (આચાર), વિચારથી વધે,
તેથી સંયમ અને સદાચારની વૃદ્ધિ થાય છે.
સંતોની વાણી પાછળ શાસ્ત્રો દોડે છે, જ્યારે
વિદ્વાનોની વાણી શાસ્ત્રો પાછળ દોડે છે.

'વિશ્વકર્મા' એટલે વિશ્વનો સર્જનહાર. તે રહે છે ક્યાં?
માનવીઓના અંતઃકરણમાં. તેની ખબર ક્યારે પડે?
હૃદયથી મનનું મિલન થાય તો તેનો પ્રકાશ પ્રાપ્ત થાય.
જેને એ પ્રકાશ પ્રાપ્ત થાય, તે અમૃત બની જાય,
બધાંય બંધનોથી મુક્ત થાય. તે નિત્ય પ્રકાશરૂપ છે.
ત્યાં દિવસ કે રાત, સત્ કે અસત્ - બેઉં દ્વૈત નથી.
તે કેવળ ચિદ્ઘન છે, અક્ષર છે.
તે સદૈવ વિશ્વનું કલ્યાણ કરે છે, સ્વયંપ્રકાશિત છે.
શુભ કર્મોને પરિણામે જે બુદ્ધિ મળે છે,
તે પરમાત્મા સાથે યોગ કરાવે છે.
બુદ્ધિયોગથી સમજાય છે કે આપણામાં જે પ્રકાશ છે,
તે આપણામાં આપણને જોડેલા છે, રહેલાં છે,
તે જગન્નિયંતાનો પ્રકાશ છે.
શુભકર્મ તથા અશુભકર્મનો ઉદય પણ આવરણ છે.
શુભાશુભ બંને કર્મનો ઉદય આત્માના ગુણને આવરણ
કરવારૂપે સરખો છે, તો તેમાં ઇષ્ટાનિષ્ટપણું શું છે?
મોક્ષમાર્ગ અને બેઉં કારણ સુદેવ - ગુરુ - ધર્મને વિષે
મોહ તે પ્રશસ્ત છે, આત્મસાધનનું અસાધારણ કારણ છે.
પ્રશસ્ત મોહ એ શુભ પરિણામ અને ઉત્તમ વૃત્તિરૂપ છે,

પણ આત્મદૃષ્ટિએ તે અશુદ્ધ પરિણતિ રૂપ છે.
મોહનો મંત્ર જગતને અંધ કરનાર છે
અકૃત્રિમ જ્ઞાનરૂપી નેત્રને રોકનાર છે તથા
સ્વરૂપનું અવલોકન કરનાર શક્તિનો નાશ કરનાર છે.
પરભાવના કર્તૃત્વનું અભિમાન તે 'અહં' તથા
સ્વભિન્ન પુદ્ગલાદિને વિષે મમત્વનો પરિણામ તે 'મમ'.
આમ 'હું અને મારું' એ પરિણામ વડે સર્વ પરવસ્તુને
પોતાની કરેલી છે, આત્માની એ અશુદ્ધ અધ્યવસાય છે.
સ્વભાવમાં એકતા અને તન્મયતા કરવા વડે
અહંભાવ અને મમત્વભાવનો નાશ થાય છે.
આત્મદ્રવ્ય અને તેના ગુણ - પર્યાયનો
વ્યાપ્ય - વ્યાપક સંબંધ છે, કિન્તુ
તેનાથી બાહ્ય ભાવોનો આત્મા સાથે તેવો સંબંધ નથી.

## અભ્યંતર ષટ્કારક

હું જ્ઞાનગુણનો કર્તા છું, જ્ઞાન મારું કાર્ય છે,
જ્ઞાનરૂપ કરણ વડે યુક્ત, જ્ઞાનદાનનું પાત્ર,
જ્ઞાનથી જાણતો અને જ્ઞાનનો આધાર હું છું.
જ્ઞાન એ જ મારું સ્વરૂપ છે અને
બાહ્ય ધર્માસ્તિકાયાદિ મારાથી ભિન્ન છે.

કામભોગાદિના નિમિત્તમાત્રથી કર્મબંધ થતો નથી પણ
તેમાં મોહ આવે છે, તેથી કર્મબંધ થાય છે.
જે તેમાં દ્વેષ કરે છે અને મૂર્છા કરે છે,
તે રાગ-દ્વેષરૂપી મોહથી વિકાર પામે છે.
'ઉપાધિદોષ હોવા છતાં પણ તેનો આત્માની સાથે
અભેદ નથી હોવાથી આત્મા તેથી ભિન્ન જ છે.'
એમ નિર્ધારણ કરવું તે યોગ્ય છે.
અભ્યન્તર મિથ્યાત્વ = પૌદ્ગલિક સુખમાં સુખની ભ્રાંતિ.
આત્મસ્વરૂપની તન્મયતા મોહત્યાગ કરવાનો ઉપાય છે.
આગમશ્રવણ અને સત્સંગથી થયેલ તત્ત્વરુચિ તથા
તત્ત્વજ્ઞાનના બળથી સંવેગાનન્દ બધું
અનિત્ય, અશરણ અને સંસારનું કારણ છે.
આત્મા એક છે, અન્ય સર્વ પદાર્થો આત્માથી ભિન્ન છે,
પરવસ્તુનો સંબંધ એ જ અશુચિ છે,
પરભાવનું અનુસરણ એ આસ્રવ,
સ્વરૂપનું અનુસરણ તે સંવર, ઉદયમાં અકર્તૃપણું -
અભોક્તૃતા તે નિર્જરા ઇત્યાદિ ભાવના કર્તવ્ય છે.
o સ્યાદ્વાદી સરલ સર્વદૃષ્ટિથી જોનાર વ્યક્તિ,
માટે અતિવિનીત. આગ્રહ જો રાખવો જ હોય, તો તે

સમગ્ર દૃષ્ટિનો - સમાધાનવૃત્તિનો આગ્રહ રાખવો જોઈએ.

આવી સમ્યક્‌દૃષ્ટિ રહે જ

સઘળા ઝઘડા મિટાવવાનો એકનો એક માર્ગ છે.

એક લઘુમતિ એવી છે કે જેને કોઈ વાદ કરવું નથી.
આ લઘુમતિ છે શાંત અને વૈરાગ્યપ્રિય લોકોની.
એને એક વાતની પાકી ખાત્રી છે કે
પૃથ્વી કોઈની થઈ નથી અને થવાની નથી.
મનુષ્ય માટે એ ફક્ત ચાર દિવસનું આતિથ્યગૃહ છે,
વિશ્રામનું સ્થળ છે, ડાક બંગલો કે સરકીટ હાઉસ છે.
એમાં ઉતરીને બધા એક દિવસ ચાલ્યા જાય છે.
આ લઘુમતિ દરેક દેશ અને દરેક કોમમાં રહેલ છે.

- D.28-10-69, yashodhar Mehta

સૃષ્ટિક્રમ એટલે શું?

પરમાત્માથી લય, લયમાંથી નામ - રૂપ,
તેના વિલાસ અને વિસ્તારથી સૃષ્ટિ.

સંહારક્રમ એટલે શું?

મુક્તિલાભ કરવો હોય તો પ્રથમ નામ-રૂપનો આશ્રય લેવો, નામ-રૂપથી લયમાં જવું જોઈએ અને લયમાંથી લયગ્રાહી પરમાત્મામાં ચિત્તવૃત્તિનો લય કરવો જોઈએ.

મંત્રયોગના સોળ અંગો છે, તેને 'ષોડશી' કહે છે:

ભક્તિ, શુદ્ધિ, આસન, પંચાંગસેવન, આચાર,
ધારણા, દિવ્ય દેશસેવન, પ્રાણક્રિયા, મુદ્રા,
તર્પણ, હવન, બલિ, યાગ, જપ, ધ્યાન અને સમાધિ.

ધારણા એટલે...

મંત્રપદોની શરીરના જુદા જુદા અવયવોમાં ધારણા.

પ્રાણક્રિયા એટલે...

તનના ભાગોમાં પ્રાણને લઈ જઈને મંત્રાભ્યાસ કરવો તે.

બલિ એટલે દેવતા પ્રત્યેનું દ્રવ્ય નહીં, ભાવ સમર્પણ.
ભાવ સમર્પણ અહંયુક્ત ચિત્તનું હવન છે.

સમાધિ એટલે મહાબોધિ.

મંત્રનિર્દિષ્ટ દેવતાના ભાવગ્રાહી સ્વરૂપમાં ચિત્તવૃત્તિનો સંપૂર્ણ લય થતાં સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે, તેથી કૃતકૃત્યતા અનુભવાય છે.

પંચાંગસેવન એટલે...

રોજ આસન, મંત્રપદોની ધારણા, તેના અર્થભાવના, આલંબન અને નિરાલંબન ધ્યાનને અનુરૂપ સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન યોગ કહે છે.
દેહ એક પ્રકારનું યંત્ર છે, તેને ચલાવનાર પ્રાણવાયુ છે.

વાયુ પર કાબુ આવવાથી મન પર કાબુ આવે છે,
મન પર કાબુ આવવાથી ઈંદ્રિયો પર વિજય મળે છે.

વાયુનું સ્થાન હૃદય - અનાહત ચક્ર છે.

વાયુના દસ પ્રકારમાં

પ્રાણ, અપાન, સમાન, ઉદાન તથા વ્યાન એ અંતઃસ્થ છે,
નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય એ બાહિઃસ્થ છે.

(૧) પ્રાણવાયુનું કાર્ય

શ્વાસ - પ્રશ્વાસ, અન્નજળનું પાચન,
રસ-મળનું પૃથક્કરણ, રસાદિનું વાયુરૂપે પરિભ્રમણ આદિ.

(૨) અપાનવાયુનું કાર્ય

ઉદરમાં અગ્નિ પ્રદીપ્ત કરવો,
મળ - મૂત્રનું વિસર્જન કરવું, અંડકોષમાં વાયુનું મૂકવું,
મેઢ્ર, ઉરૂ, જાનુ, કમર અને જંઘા દ્વારા કાર્ય કરવું.

(3) સમાનવાયુનું કાર્ય

પક્વ રસાદિને ૭૨ હજાર નાડીઓમાં પહોંચાડવું,
દેહપુષ્ટિ, પ્રસ્વેદાદિનું નિયમન કરવું.

(૪) ઉદાનવાયુનું કાર્ય

અંગ - પ્રત્યંગના સંધિસ્થાન, અંગોનો વિકાસ ઈત્યાદિ
શરીરના અનેક કાર્યો કરવા.

(૫) વ્યાનવાયુનું કાર્ય

કાન, નેત્ર, ગ્રીવા, ગુલ્ફ, કંઠ, કમરાદિના ભાગની ક્રિયા કરવી.
નાગવાયુ - ઓડકારનું નિયમન કાર્ય કરે છે.
કૂર્મવાયુ - સંકોચન તથા નિમેષોન્મેષનું કાર્ય કરે છે.
કૃકરવાયુ - ક્ષુધા તથા તૃષાદિના નિયમનનું કાર્ય કરે છે.
દેવદત્તવાયુ - નિદ્રા તથા તંદ્રાદિની ક્રિયાનું કાર્ય કરે છે.
ધનંજયવાયુ - શોષણાદિ ક્રિયાનું કાર્ય કરે છે.
દશે પ્રકારના વાયુ ઉપર કાબુ આવવાથી
શરીરસ્વાસ્થ્ય, આરોગ્ય, તુષ્ટિ, પુષ્ટિ આદિનો લાભ થાય છે.

પંચ મહાભૂતનું પરિણામ

પૃથ્વીભૂતનું પરિણામ : અસ્થિ, માંસ, પીંડાદિ.
જલભૂતનું પરિણામ : રૂધિર, પ્રસ્વેદ, મૂત્રાદિ.
અગ્નિભૂતનું પરિણામ : દેહમાં ઉષ્ણતા.
વાયુભૂતનું પરિણામ : શ્વાસ - પ્રશ્વાસ લેવા.
આકાશભૂતનું પરિણામ : અવકાશ - પોલાણ.
જણા પરના અનેક પ્રકારના મલને દૂર કરવો જોઈએ.
લોભનો મલ, અસત્ય ભાષણનો મલ, ક્રોધ-કલહનો મલ.
૧૦ વાર ઓંકાર કે ઇષ્ટમંત્રના જાપથી
જણા તથા મુખશોધન થાય છે.

મંત્રાર્થ, મંત્રચૈતન્ય અને યોનિમુદ્રા ન જાણી,
તેને મંત્રસિદ્ધિ થાય નહિ.

(૧) <u>મંત્રાર્થ</u> : મંત્રદેવતાનું શરીર, મંત્રનું અભેદચિંતન.

(૨) <u>મંત્ર ચૈતન્ય</u> : મૂળમંત્રની આગળ - પાછળ 'ઈં' બીજ લગાડીને હૃદયમાં સાત વખત જાપ કરવો.

(૩) <u>યોનિમુદ્રા</u> : ઉર્ધ્વાધો ત્રિકોણની રચના.

અહીંયાં મુખ્યતા ભક્તિ અને શુદ્ધિની છે.
આત્મનિરીક્ષણ રૂપી દર્પણ વડે પોતાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું સૂક્ષ્મનિરીક્ષણ કરવું જોઈએ અને તેમાં જે અસત્, અપ્રશસ્ત, નિન્દ્ય હોય, તેની નિંદા - ગર્હા અને જે સત્, પ્રશસ્ત, અનિન્દ્ય હોય, તેની અનુમોદના - પ્રશંસા કરવી જોઈએ.

મંત્રની શક્તિ ઉપર દૃઢ શ્રદ્ધા, વિશ્વાસ, પ્રતીતિ હોવા માટે સંશયનિવારણ કરવા તીવ્ર પ્રયત્ન કરવો.
સત્સંગ, સદ્વાંચન અને
મધ્યસ્થ ચિન્તન વડે તે તીવ્ર પ્રયત્ન થઈ શકે છે.

ચાર પ્રકારે શુદ્ધિ : દેહ, મન, દ્રવ્ય અને સ્થાનશુદ્ધિ.
દેહશુદ્ધિ સ્નાનાદિ વડે અને ભૂતશુદ્ધિ વડે થાય છે.
મનઃશુદ્ધિ સત્સંગ, સ્વાધ્યાયાદિ વડે થાય છે.

મન હાથીની પુંછડી અને કુંજરના કાન જેવું ચપળ છે.
તેને પ્રયત્ન વડે સ્થિર કરી શકાય છે.
મંત્રપદો બોલતાં જ સ્થાનશુદ્ધિ, દિક્શુદ્ધિ કરી શકાય છે.
અર્થભાવના એટલે અર્થ પરત્વે ઊંડું ચિન્તન, મનન.
મિથ્યાભાવથી કે કુભાવથી કરવાથી
સમસ્ત મંત્રસાધના દૂષિત થાય છે.
મંત્રદાતા ગુરુને મનથી નમસ્કાર કરવા અને
હૃદયકમળમાં તેમનું ધ્યાન ધરવું.
મંત્રાક્ષરોનું હૃદયદેશ અથવા અંતઃકરણમાં પ્રવેશ થવું,
તેનાથી જન્મ - જન્માંતરના પાપોનું પ્રક્ષાલન થાય છે
અને ભક્તિ તથા ભાવનો ઉદય થાય છે,
સુષુપ્ત ચેતનાશક્તિ જાગ્રત થાય છે,
તેને મંત્રચૈતન્યની પ્રાપ્તિ કહેવાય છે.

## પિંડસ્થ ધ્યાન માટે શુદ્ધિ

શરીરની અભ્યંતર શુદ્ધિ એટલે લિંગ શરીરની,
સૂક્ષ્મ શરીરની શુદ્ધિ તે ભૂતશુદ્ધિ વડે થાય છે, જે
ભાવનાશક્તિ અને મંત્રશક્તિના સંયોગથી થાય છે,
તેથી નવીન દિવ્યભૂતોનું નિર્માણ થાય છે.
તેને પિંડસ્થ ધ્યાન પુષ્ટ કરે છે.

કુંડલિની શક્તિ વિદ્યુતની કાંતિ સમાન અને
કમલનાલ ગત સૂક્ષ્મ સર્પાકાર છે.
તેને ધ્યાન દ્વારા જાગૃત કરવાથી 'હંસ' મંત્ર દ્વારા
જીવાત્માની સાથે જ પરમાત્મામાં વિલીન થાય છે.
ભાવનાબળે કુંડલિની શક્તિ દ્વારા
જીવ અને શિવનું મિલન થાય છે.

## મંત્ર અને મુદ્રા

મંત્ર એ જ્ઞાનશક્તિ છે તથા મુદ્રા એ ક્રિયાશક્તિ છે.
બાહ્યમુદ્રા કરચરણાદિરૂપ તથા આભ્યંતરમુદ્રા બંધરૂપ છે.
મુદ્રાનો પ્રભાવ મનુષ્યના મન ઉપર અવશ્ય પડે છે.
કેવળ 'નમસ્કાર' શબ્દ અને એ શબ્દની સાથે જ
બે હાથ જોડીને માથું નમાવવાની ક્રિયા થાય,
ત્યારે તેની અસર જુદી જ થાય છે.
આંતરિક ભાવોને સાકાર કરવા મુદ્રા સમર્થ સાધન છે.
પ્રણામમુદ્રા એટલે બન્ને હાથની દશ આંગળીઓને
પરસ્પર મેળવી પોતાના હૃદયની સમીપ રાખવા તે.
સુરભિમુદ્રા, (ધેનુમુદ્રા), જ્ઞાનમુદ્રા સૌભાગ્ય મુદ્રા,
જપમુદ્રા, આહ્વાનમુદ્રા, સંનિધાન, સ્થાપન, સન્નિધાપન,
સન્નિરોધન, અવગુંઠન આદિ અનેક મુદ્રાઓ છે.

## મંત્ર એટલે...

વારંવાર મનન કરવા યોગ્ય વાક્ય યા વાક્યોનો સમૂહ.
દેવતાઓની શક્તિ અને ગતિ અચિન્ત્ય હોય છે.
'ॐ सच्चिदेकं ब्रह्म ॐ ।'
પ્રતિકૃતિ - મૂર્તિ એ દેવતાનું સ્થૂલ સ્વરૂપ છે.
મંત્ર એ સૂક્ષ્મશરીર છે અને તેમાં વાસના રહિત
શક્તિનો અંશ રહેલો છે, તે પરશરીર છે.
દેવતાના પૂજન વડે ભક્તિની અભિવ્યક્તિ થાય છે
અને તેથી સાધકનું શ્રદ્ધાબળ વધે છે.

## સોઽહં - બે અક્ષરોનો ટૂંકો મંત્ર

કાષ્ઠમાં વહ્નિ, તલમાં તેલ, દૂધમાં ઘૃત જે રીતે રહેલું છે,
તેવી રીતે સમસ્ત દેહમાં ચૈતન્ય વ્યાપીને રહેલું છે,
તેને જાણનાર મનુષ્ય સંસારસમુદ્રને તરી જાય છે,
જન્મ - મરણરહિત બની જાય છે.
તે જાણવાનું સાધન 'સોઽહં' બે અક્ષરોનો ટૂંકો મંત્ર છે.
'તે (પરમાત્મા) હું છું' એનો વિશેષાર્થ એ છે કે
જે પરમતત્ત્વ અખિલ બ્રહ્માંડમાં વિલસી રહ્યું છે,
તે જ પરમતત્ત્વ મારામાં વ્યાપી રહ્યું છે.
જપમાં સુરતા લાગી જવી જોઈએ,
તેથી ચિત્તવૃત્તિઓ શાંત અને સ્થિર થઈ જાય છે.

ॐकार એ મંત્રસેતુનું કામ કરે છે.
'શાંતિ' એટલે વિષય - વિકારરહિત અવસ્થા, કામ-
ક્રોધાદિ ઉપર વિજય, આંતર - બાહ્ય ઉપદ્રવરહિત સ્થિતિ.
નમસ્કાર ભક્તિરૂપ હોવાથી
સાધકના અંતઃકરણને પવિત્ર બનાવે છે,
મંત્ર, દેવતા, મંત્રદાતા પ્રત્યે વિનમ્રશીલ બનાવે છે.
'સિદ્ધિ' શબ્દ યોગસિદ્ધિ, મંત્રસિદ્ધિ, લબ્ધિસિદ્ધિ
ઋદ્ધિઓનો અનુગ્રહ મેળવી આપે છે.
એથી મંગલ ભાવના બીજાંકુર ન્યાયની જેમ ફળે છે.
As you sow, so shall you reap.

પ્રભુ નામ કી ઔષધિ, ખરા ભાવ સું ખાય;
રોગ - પીડા વ્યાપે નહિ, સભી સંકટ મિટ જાય. (૧)

વિવિધ પ્રકારના મંત્રો શાસ્ત્રોમાં કહ્યા છે,
તેમાંના મુખ્ય પાંચ પ્રકારના મંત્રોનું ફળ:

(૧) <u>શાંતિમંત્ર</u> ઉપસ્થિત ભયો અને ઉપદ્રવોને રોકે છે.
(૨) <u>તુષ્ટિમંત્ર</u> મનના મનોરથો પૂર્ણ કરે છે.
(૩) <u>પુષ્ટિમંત્ર</u> સૌના ચિત્તમાં ઉત્સાહ પ્રેરે છે.
(૪) <u>સ્વસ્તિમંત્ર</u> સાધકોનું યોગ તથા ક્ષેમ કરે છે.
(૫) <u>શિવમંત્ર</u> સાધકોના અશુભનું નિવારણ કરે છે.

## ધન અને ધર્મ

ધનનું દાન આપવું એ જ માત્ર ઉદારતા નથી,
બીજાના દોષોને ખમી ખાવા એ પણ ઉદારતા છે.
પોતાનું અપમાન કરનાર પ્રત્યે પણ
પ્રેમ રાખવો એ પણ મોટી ઉદારતા છે.

ઉદાર હૃદયવાળા મનુષ્યો પોતાના દોષો તરફ દૃષ્ટિ કરે છે અને બીજાની ભૂલોને ક્ષંતવ્ય ગણે છે, એને મળેલી સંપત્તિ અને શક્તિ બીજાનું હિત કરનારી બને છે.

જે રીતે... ધર્મથી સુખ મળે છે, ધર્મથી જ સુખ મળે છે, ધર્મથી સુખ જ મળે છે, ધર્મથી સુખ મળે જ છે.
એ રીતે... પાપથી દુઃખ મળે છે, પાપથી જ દુઃખ મળે છે, પાપથી દુઃખ જ મળે છે, પાપથી દુઃખ મળે જ છે.

## 'અરિહંત' નામસ્મરણનો મહિમા

અરિહંત અરિહંત સમરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેના સિદ્ધ્યાં કામ. ...(૧)
સૂતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખિયાનાં દુઃખ ભાંગશે, લહેશે સુખ અનંત. ...(2)
આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
તે જગમાં સુખિયા થયાં, પામ્યા લાભ વિલાસ. ...(3)

## 'તંત્ર' શબ્દનો અર્થ

જેના વડે મંત્રના અર્થનું વિસ્તારપૂર્વક નિરૂપણ થાય
અને તે દ્વારા લક્ષ્ય રક્ષા થાય, તે તંત્ર.
તેને શાસ્ત્ર, સિદ્ધાંત, અનુષ્ઠાન કે વિજ્ઞાન પણ કહેવાય છે.
આગમ અને તંત્ર પણ પર્યાયવાચી છે.
જેમાં ભુક્તિ અને મુક્તિના
ઉપાય દર્શાવ્યાં હોય, તે 'આગમ' છે.

सर्वेऽर्था येन तन्यन्ते त्रायन्ते च भयाज्जनान् ।
इति तन्त्रस्य तन्त्रत्वं तन्त्रज्ञाः परिचक्षते ॥१॥

પરમ શિવની પાંચ શક્તિઓ છે:
જ્ઞાન, ઇચ્છા, ક્રિયા, ચિત્ અને આનંદ,
તેથી તે 'પંચતંત્ર' પણ કહેવાય છે.
પ્રત્યભિજ્ઞા દર્શનનું કેન્દ્ર કાશ્મીર છે.

सर्वे वर्णात्मका मन्त्रास्ते च शक्त्यात्मकाः प्रिये ।
शक्तिस्तु मातृका ज्ञेया सा च ज्ञेया शिवात्मिका ॥१॥

માતૃકા અને વર્ણોથી નિર્મિત સમસ્ત
વાઙ્મય શિવ - શક્ત્યાત્મક છે.

અનુભવજ્ઞાન એટલે...
*Personal experience of innerself.*

ધર્મ = અહિંસા, સંયમ તથા તપ.

અહિંસા = ઝીણા જીવ ઉપર કાબુ.

સંયમ = પાંચ ઇંદ્રિયો ઉપર કાબુ.

તપ = ધ્યાન વડે શ્વાસોચ્છ્વાસ ઉપર કાબુ.

## રત્નત્રયી માટે કોનો આશ્રય ?

(૧) સમ્યગ્દર્શન માટે આત્મવાદનો આશ્રય લેવો.

(૨) સમ્યગ્જ્ઞાન માટે અનેકાંતવાદનો આશ્રય લેવો.

(3) સમ્યક્ચારિત્ર માટે કર્મવાદનો આશ્રય અનિવાર્ય છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન masculine, positive છે.

સમ્યક્ચારિત્ર - તપ feminine, negative છે.

Anekanta is not only theoritical but a practical one also.

## દ્રવ્ય - ગુણ - પર્યાય

આત્મ = દ્રવ્ય, સ્વભાવ = ગુણ, સમાપતા = પર્યાય.

આત્મા દેહરૂપી છોતાંથી, કર્મરૂપી કાચલાથી અને રાગરૂપી રતાશથી જુદો છે.

આત્મા તો શુદ્ધ જ્ઞાનાનંદનો સફેદ ગોળો છે.

0 નાદ = વિશ્વમાતા, સર્વોત્કૃષ્ટતા, જગતજનની.

બિંદુ = દુઃખહરતા, સુખકરતા.

બિંદુના દૃષ્ટાંતથી વચનનો મળ જાય છે.
સ્વપનામાં મનનો મળ જાય છે.

'मलं असत्वं, अतद्रूपताभानं ।'

'निरन्तरयोगाभ्यासबलेन विषयानुराग-
रूपमलरहितत्वं प्रजायते ।'

તદ્રૂપતા વિષે શંકા વચનથી ઉચ્ચારાય તે વચનનો મળ છે અને મનથી વિચારાય તે મનનો મળ છે. સાધક જ્યારે વચન અને મનના મળથી મુક્ત થાય, ત્યારે તેને આધ્યાત્મિક સ્થિરતા થાય છે અને તે સ્થિરતા થવાથી દેવત્વની પ્રાપ્તિ થાય છે.

ઉભય પ્રકારના મળ દૂર થવાથી વિષયાનુરાગના સ્થાને ગુણાનુરાગ આવે છે અને જ્યાં ગુણાનુરાગ હોય, ત્યાં ગુણપ્રશંસા આપોઆપ થાય છે.

## કાર્યસિદ્ધિમાં નિમિત્ત - ઉપાદાન કારણો

એકનો ધર્મ બીજામાં ઉતારી ન શકાય પણ પ્રકટાવી શકાય અર્થાત્ હિતાહિતમાં બીજાથી નિમિત્ત બની શકાય કિન્તુ ઉપાદાન તો બંનેનું સ્વતંત્ર રહી શકે. આ રીતે કાર્યમાત્રની સિદ્ધિમાં નિમિત્ત - ઉપાદાન ઉભય કારણોની સમજણની આવશ્યકતા છે.

## અંતરમાં અનહદના વાજા

જાપ માટે નવકારનું પ્રથમ પદ અને
અર્થભાવના માટે તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર ઉપકારક છે.
જાપ વડે પહેલાં અંતરમાં અનહદના વાજા વાગે છે
અને પછી અર્થભાવના વડે
વિજળીનો પ્રકાશ થાય છે.
'અનહદ' એટલે અનાહત નાદ અને
'વીજળી' એટલે રત્નત્રય સ્વરૂપ આત્મજ્યોતિ.
કહ્યું છે કે: પહેલે અનહદ બાજે બાજાં,
(ફિર) પિછે બિજલી કરે પરકાશા.
શૂન્ય મંડલ મેં ઘર ગયા, બાજે શબ્દ રસાલ,
રોમ રોમ દીપક જલે, પ્રકટે આપ દયાલ. ...(૧)

o

ભગવાનનું એક વિશેષણ એ છે કે
જેમનું વર્ણન વેદો પણ કરી શકતા નથી અને
ઋષિ-મુનિઓની કલ્પનાથી પણ જેઓ પર છે
તથા બીજું વિશેષણ એ છે કે
જેઓ કરુણારસથી ભરપૂર છે,
કરુણાથી સભર છે, કરુણાના નિધિ છે. - Vinoba

## સંગ્રહનયનો વિષય શું છે?

સંગ્રહનયનો વિષય અભિપ્રાયમાં એકાકારતા લાવવા તે છે.
એકાકારતા અને નિર્વિકલ્પતા એકાર્થક છે.
વળી તે એકાકારતાનું નામ જ 'સમતા' છે.
સમતા એ જ આત્મકલ્યાણનું અનન્ય સાધન છે અને
તેને 'ઉપાસના' પણ કહેવાય છે.
ઉપાસના તે સામર્થ્ય યોગનો માર્ગ છે,
માટે સમર્થ છે અને તે સંગ્રહનયનો વિષય છે.
સંગ્રહનયના મતે ઈશ્વર દરેકના હૃદયમાં
અંતર્યામીરૂપી વિદ્યમાન છે, સન્નિહિત છે.
God is one & within each and all.
સંગ્રહનયના મતે પદાર્થોમાં અનુસ્યૂત એક જ દ્રવ્ય છે
અને વ્યક્તિઓમાં અનુગત એક જ જાતિ છે.
એ એકત્વના આધારે જ આચારમાં અહિંસા, વિચારમાં
અનેકાંત તથા વ્યવહારમાં અપરિગ્રહ વૃત્તિ ટકી શકે છે.
અહિંસાથી સુખ, અનેકાંતથી શાંતિ અને
અપરિગ્રહથી સમાધિ અનુભવી શકાય છે.
નયવાદ દૃષ્ટિને વિશાળ બનાવે છે અને સ્યાદ્વાદ
હૃદયને ઉદાર બનાવે છે, અભિનિવેશથી છોડાવે છે.

o જિનની આંખથી જગતને જોતાં
દોષ નાના લાગે છે અને ગુણ મોટા લાગે છે.
જ્યારે જાતના દોષ નાના અને ગુણ મોટા લાગે,
ત્યારે સમજવું કે મિથ્યાદૃષ્ટિ પ્રગટ થઈ છે.
ધર્મરૂપી સુવર્ણ મૈત્રીના કષથી કસાય છે,
તે લક્ષ્યવિશુદ્ધિ છે.
પ્રમોદના છેદથી છેદાય છે, તે એકાગ્રતા છે.
કરુણાના તાપથી અને માધ્યસ્થ્યના તાડનથી જે શુદ્ધ
થાય છે, તે અનુક્રમે ચિત્તની અનુકંપાપરતા અને
ચિત્તની આપત્તિ સમયે નિશ્ચલતા છે.
o અર્હા તે આંખ ખોલવાની ક્રિયા છે.
સમર્પણ તે બારી - બારણાં ખોલી નાંખવાની ક્રિયા છે.
અર્હા તે બત્તી ચાલુ કરવાની ક્રિયા છે,
સમર્પણ તે પ્લગનું જોડાણ છે અને
પાત્રતા તે બલ્બની પાવર કેપેસીટી છે.
मैत्र्यादिभावपरिपाकरूपाऽनन्तकरुणाकरस्वामिने,
विश्वहितकर्तृत्वादिगुणगणराजिते,
परमेष्ठिपंचकशरणोपगमनरूपाराधकभावप्राप्तये,
विशुद्धात्मस्वरूपोपलब्धये च महामंत्रजपः प्रारभ्यते ।
(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

મનરૂપી મૃગને નાદરૂપી સંગીતથી વશીભૂત કરી શકાય છે.
તે સાધનને 'નાદાનુસંધાન' શબ્દથી ઓળખાય છે.

પરહિતચિન્તારૂપ મૈત્રીભાવની અપેક્ષા રાખનાર
આઠ વસ્તુ નીચે પ્રમાણે છે:

(૧) ત્રણ શલ્યનું નિવારણ (૨) ત્રિકરણયોગનું જોડાણ
(૩) ૧૮૦૦૦ શીલાંગનું પૂર્ણીકરણ
(૪) ૧૮ લાખ ભાંગનું એકીકરણ
(૫) સર્વ પ્રભુભૂત આશાતન વર્જન
(૬) ષડાવશ્યકનું શુદ્ધિકરણ
(૭) ભક્તિમાં ભાવનું ભળવું - મિલનીકરણ
(૮) સાધનાનાં સ્વરૂપનું સ્પષ્ટીકરણ.

પરનિંદાદિ દોષોનું નિવારણ પરહિતચિંતાદિથી જ શક્ય છે.
સ્વપરનું કલ્યાણ પરસ્પર જોડાયેલું છે.
પરકલ્યાણ નિરપેક્ષ સ્વકલ્યાણ કે
સ્વકલ્યાણ નિરપેક્ષ પરકલ્યાણ અસંભવિત છે.
દેહભાવના નિરાસ માટે ભેદજ્ઞાન જેટલું જરૂરી છે,
તેથી કંઈ ગુણું અધિક આત્મભાવના વિકાસ માટે
જીવમાત્ર સાથે અભેદના જ્ઞાનની અને
તે મુજબના ભાવની અપેક્ષા છે.

નમસ્કાર મહામંત્રની આરાધના દ્વારા
પરહિતચિંતાના ભાવની કેળવણી મળે છે.
વૃત્તિઓમાં પડેલા અહં - મમના ભાવને
સર્વના હિતની ભાવના વડે નિર્મૂળ કર્યા વિના
થતી ધર્મારાધના જીવને પોતાની લક્ષ્યસિદ્ધિ એક ડગલું
પણ આગળ લઈ જવા માટે શક્તિમાન થતી નથી.
વૃત્તિઓને ક્યાં સ્થિર કરવી? કેન્દ્રિત કરવી?
તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયા વિના ચિત્તની ચંચળતા
અને મનની અશાંતતા કેવી રીતે દૂર કરી શકાય?
આત્માની આરાધના એટલે આત્મભાવની આરાધના
અને તેની વિરાધના એટલે પુદ્ગલભાવની આરાધના.
આત્માની આરાધના એટલે સર્વના સુખની ઇચ્છા
અને તેની વિરાધના એટલે કેવળ સ્વસુખની ઇચ્છા.
સ્વપર ભેદબુદ્ધિનું જ બીજું નામ રાગદ્વેષ છે.
તે અભેદબુદ્ધિથી જ ટળે છે.
અભેદબુદ્ધિ = સમાનબુદ્ધિ = સમાનભાવ = સમતાભાવ.
સમતાભાવ એ સમ્યગ્રત્નત્રયાત્મક છે.
ઉત્તમતાનું દર્શન, ઉત્તમતાનું જ્ઞાન અને
ઉત્તમતાવાળું વર્તન - એ સમ્યગ્રત્નત્રય છે,

તેથી વિરુદ્ધ એકાંત ભિન્નતાનું
દર્શન - જ્ઞાન - વર્તન એ મિથ્યારત્નત્રય છે.
અનેકાંતવાદમાં લાગણીની પ્રધાનતા છે,
એકાંતવાદમાં તર્કની - માગણીની પ્રધાનતા છે.
પ્રત્યેક તત્ત્વજ્ઞાન અનેકાંતની ભાવનાભાવિત બને,
તો જ તે આત્મહિતપોષક થઈ શકે.

<u>અરિહંત એટલે</u>...

અરિહનનાત્ = મોહનીયકર્મને હણનારા
રજોહનનાત્ = જ્ઞાન - દર્શનાવરણકર્મને હણનારા
રહસ્યાભાવાત્ = અંતરાયકર્મને હણનારા
એ રીતે ચાર ઘાતીકર્મોને હણનારા કેવળી
અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યગુણને
ધારણ કરનારા - એવો અર્થ નીકળે છે.

વચન = Promise.

વચ્ ધાતુ બોલ - વાત - કથન - આશ્વાસન અર્થમાં છે.
ભૌતિક સમૃદ્ધિ ગમે તેટલી વધે તો પણ
મનુષ્યના મન, બુદ્ધિ અને અંતઃકરણના વિકાસ માટે
ધાર્મિક અને આધ્યાત્મિક વિચારોની આવશ્યકતા છે.
પ્રસન્નતાના મૂળ તે છે.

આધ્યાત્મિક વિચારોની કથનપદ્ધતિ
સૂત્રાત્મક હોય છે, પુરાણાત્મક નહિ.
થોડા શબ્દોમાં ઘણુ અર્થો રહેલા હોય,
તે પદ્ધતિ સૂત્રાત્મક કહેવાય છે. દા.ત.

'ૐ નમઃ ।' પાપમુક્તિ મંત્ર
'ૐ ઐં નમઃ ।' બુદ્ધિ - સ્મૃતિપ્રાપ્તિ મંત્ર
'ૐ હ્રીં હંસઃ ।' સર્પનું ઝેર ઉતારવાનો મંત્ર

: સર્વ કામનાપૂર્તિ માટે :

ૐ હ્રીં અર્હં શ્રી પાર્શ્વનાથાય નમઃ। ૨૧ માળા મંત્રજાપ
ૐ ઐં ક્લીં શ્રી પદ્માવતીદેવ્યૈ નમઃ। ૨૧ માળા મંત્રજાપ

o મધુરભાવની સાધનામાં સતી - પતિભાવ મુખ્ય છે.
આત્મા એક, શરીર બે, આંખો બે, દૃષ્ટિ એક.

પોતાના અનુભવો, વિચારો, ભાવનાઓ, કલ્પનાઓને
સ્પષ્ટરૂપથી જણાવવા ભાષાનો આશ્રય લેવાનો હોય છે.
તેને 'વાઙ્મય' કહેવાય છે.
સમાજ માટે તે દીપકની ગરજ સારે છે.

વનમાં લતા, સમાજમાં વનિતા અને
સાહિત્યમાં કવિતા એકસમાન છે.

'હું' નહિ પણ 'તું'નો અનુભવ કરવો એ ધર્મ છે.

૦ મહાત્મા પાસે એક જ મહાનશક્તિ છે - ઇચ્છાશક્તિ.
એક વખત મન અને બુદ્ધિ પ્રભુને સોંપી દેવામાં આવે,
તો મસ્ત થઈ જશો અને બુદ્ધિ તેજસ્વી બની જશે.

મન અને બુદ્ધિ પ્રભુની વસ્તુ છે માટે
તે પ્રભુને જ પાછી આપો.

મન ચંચળ છે અને બુદ્ધિ અનિશ્ચિત છે, કેમકે
તેના માલિકથી છૂટી પડી ગઈ છે.

આપણે પોતે વાસનાને દૂર કરીશું એ વિચારના વાદમાં
ન પડતાં એને કરવાનું કામ પ્રભુને જ સોંપી દો.

પ્રત્યેક કૃતિના સાક્ષી તરીકે પ્રભુને જ રાખો.

પ્રભુ ન્યાયી છે, કર્મફળદાતા છે, એ એક પક્ષ છે.
બીજા પક્ષમાં પ્રભુ આનંદદાતા, શ્રદ્ધાદાતા, સ્વાસ્થ્યદાતા,
ક્ષમા - કરુણાના સાગર, વાત્સલ્ય - પ્રેમના ભંડાર છે.

વિચારપ્રધાન મહાત્માઓ જ્ઞાનમાર્ગને પસંદ કરે છે.
ભાવનાપ્રધાન મનુષ્યો, જેમનું હૃદય દ્રવે છે,
તે ભક્તિમાર્ગને પસંદ કરે છે.

માયાને તરવા માટે માયા જેની દાસી છે, તે માયાપતિ
પરમાત્માને જ પામવા માટે પ્રયાસ કરવો હિતાવહ છે.
માયાની બે શક્તિ છેઃ એક વિક્ષેપ અને બીજી આવરણ.

તપ કર્યા વગર કોઈને ચાલવાનું નથી.
તપ નહિ કરે તેનું પત - પતન થવાનું છે.
આ સંસાર આપણી ઇચ્છા કે મન ઉપર ચાલતો નથી.
પ્રભુ સાથે સંબંધ બાંધી ઉદ્વેગ કાઢી નાંખો.
પ્રભુ સાથે લગની કરવી હોય તો પ્રભુની જાતિના થાઓ.
દેવ પિતાના સ્થાને છે, ગુરુ માતાના સ્થાને છે.
જગત માયા છે, પ્રભુ માયાળુ છે.
પિતા જ્ઞાન અને શક્તિ આપે છે,
માતા પ્રેમ અને વાત્સલ્ય આપે છે.
જીવન રસમય છે, કેમકે અહીં પ્રભુ છે.
જો આપણે પોકાર કરીએ કે:
'હે પ્રભુ! હું તારી છું' તો સામો અવાજ આવશે કે:
'હે જીવ! તું મારી છે.'
પ્રભુ એટલે પાલક, રક્ષક, ભર્તા, નિયામક.
આપણે માગીએ તે ન આપે, આપણને જોઈએ તે આપે.
વનસ્પતિનું જ્ઞાન મનુષ્ય કરતાં પશુ ઢોરને સારું હોય,
તે કદી ઝેરી વનસ્પતિ ખાતું નથી.
'પ્રતિક્ષણ શરીર બદલાય છે' તેનો અર્થ પ્રતિક્ષણ મરણ
થાય છે, તેથી પ્રતિક્ષણ પ્રભુનું સ્મરણ કરવું જોઈએ.

ભગવાન સર્વશક્તિમાન છે, કેમકે તેઓ સર્વાત્મા છે.
માનસી સેવા એ સાચી સેવા છે.
દેહ પ્રદક્ષિણા કરવી એ જ પાપ છે,
તેથી મનુષ્ય સર્વ પ્રકારે સુખી થઈ શકતો નથી.
માનવશરીર ભોગ માટે નહિ પણ
ભજન માટે, ભગવાનને પ્રાપ્ત કરવા માટે છે.
જીવ એ શિવ થવા સર્જાયેલો છે,
પણ તે માટે પ્રયત્ન કરતો નથી.
જ્ઞાની પુરુષો મનનો મેલ ધોવા માટે
વિરાટ પુરુષની પ્રદક્ષિણા કરે છે.
વસ્તુનિષ્ઠ અહંકાર ક્ષુદ્ર અને દીન છે,
આત્મનિષ્ઠ અહંકાર ઉચ્ચ અને મહાન છે.
સર્પ વાયુનું ભક્ષણ કરે છે,
બકરી પાંદડા ખાય છે, ચાતક નિરાહાર રહે છે.
બક અને રાસભ પણ ધ્યાન અને ભસ્મસેવન કરે છે,
કેમકે તે તપ ભક્તિપ્રધાન નહિ પણ ભોગપ્રધાન છે
ભક્તિ No worries but carefree કરે છે.
ઉંદર દરમાં રહી જીવન વ્યતીત કરે છે,
તે શું ગુફાવાસ કરતાં ઓછી સંયમ છે?

બગલો માછલા માટે પાણીમાં ધ્યાન ધરી ઉભો રહે છે,
ગધેડો ઘણું કામ કરી આવે એટલે તેને
નદીકાંઠે સ્મશાન પાસે છોડવામાં આવે છે, ત્યારે
શરીરે ચિતાની ભસ્માદિ લેપ કરે છે,
સર્પ વાયુ ભક્ષણ કરી જીવન વીતાવે છે,
ચાતક પક્ષી ખાવાનું અને પીવાનું બધું છોડી દે છે,
કષ્ટાદિ જ ભગવાન મળતા હોત તો આ બધાને મળત !
ભગવાન કેવળ કષ્ટાદિ નહિ કિન્તુ ભાવભક્તિઆદિ મળે છે.
તે માટે યોગયુક્ત બનવાનો ઉપદેશ છે.

ભગવાનના દર્શન વખતે

અડસઠ માલે ચોસઠ ખાલે, ઔર વાસ રહે કર જોડ;
હરિજનસે હરિજન મિલે, તો હસે સાત કરોડ....(૧)

૪ આંખ, ૬૪ દાંત, ૨૦ આંગળીઓ અને
૭ ક્રોડ રોમ વિકસિત થાય, તે સ્નેહની નિશાની છે.
ધર્મમાર્ગનું વિઘ્ન કામ, રાજમાર્ગનું વિઘ્ન ક્રોધ
તથા ભક્તિમાર્ગનું વિઘ્ન લોભ છે.
રાગ એટલે આકર્ષણ, ખેંચાણ, ચીટકવું.
વિષયો ખેંચે છે, આકર્ષે છે, બાંધે છે.
વિષયોનું આકર્ષણ શમાવવા માટે વિષયો પ્રતિ

ચિન્મય આત્મા - પરમાત્માનું આકર્ષણ વધારવું જોઈએ.
ભોગવેલ વિષયો એ શત્રુ છે, મળેલ વિષયો એ મિત્ર છે.
વિષયોના ભિખારી ભલે પણ ગુલામ નહિ.
'વિ'નો અર્થ 'વિગત' કે 'વિશિષ્ટ' પણ થાય છે.
વિગત રાગના સ્થાને વિશિષ્ટ રાગ અર્થ કરવામાં આવે,
તો તેને પાત્ર ભગવાન જ બનશે.
ભગવાન સાથે રાગ એ વિષયોના મિત્ર બનાવે અને
ભગવાન પ્રત્યે વિરાગ એ વિષયોના ગુલામ બનાવે છે.
ભગવાન વિષયોના સ્રષ્ટા છે, માટે સ્વામી છે,
તેથી ભગવાનની સેવા જ વિષયોની ગુલામી છોડાવે છે.
મન ચંચળ નહિ પણ ચળ છે.
ચંચળ હોત તો કદી કાબૂમાં ન આવે.
ચળ છે માટે કોઈ કાળે પણ કાબૂમાં આવે છે.
બુદ્ધિ = સૂર્ય, મન = ચંદ્ર.
મનુષ્ય ધારે તો સૂર્ય જેવો તેજસ્વી,
ચંદ્ર જેવો શીતળ, સાગર જેવો ગંભીર અને
પર્વત જેવો સ્થિર બની શકે છે.
મનનો નિગ્રહ કઠિન છે પણ અશક્ય નહિ.
અભ્યાસ અને વૈરાગ્યથી મન સ્થિર બને છે.

'અલંકાર' એટલે દૃષ્ટિકોણ બદલવો - બુદ્ધિ બદલવી.
શુભ શ્રવણ, ચિંતન, કથન અને વચનથી બુદ્ધિ બદલાય છે.
દૃષ્ટિકોણ બદલવા માટે શુભનું દર્શન કરવું જોઈએ.
સ્ત્રીઓ તરફ ભોગની નહિ, ભક્તિની દૃષ્ટિ રાખવી જોઈએ.
આ અલંકાર એ માનસિક અલંકાર છે. ભોગના ચશ્મા
ઉતારીને ભક્તિ અને પવિત્રતાના ચશ્મા પહેરવા પડશે.
એ રીતે દૃષ્ટિકોણ બદલવો તે અલંકાર ગણાય છે.
કર્મથી ચિત્તશુદ્ધિ થયા પછી બ્રહ્મજિજ્ઞાસા જાગે છે.
સમાધિ ભાષા એટલે સમાધિમાં જોયું હોય તે લખવું.
વૃદ્ધાવસ્થામાં કામ મરે છે પણ લોભ મરતો નથી.
'લાભાત્ લોભઃ પ્રવર્ધતે' વૃદ્ધાવસ્થામાં શક્તિ ઓછી થવાથી
ક્રોધ પણ જાય છે, લોભ જતો નથી.

સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે,
લોભને સંતોષથી જીતાય છે, સંતોષગુણ ધર્મથી કેળવાય છે.

બુદ્ધિ એ પગથિયું છે,
તેના ઉપર ઊભા રહી ભગવાનનો હાથ પકડવાનો છે.
બુદ્ધિ એ અતિ ઉપયોગી સાધન છે, સાધ્ય નહિ.
સાધ્ય તો બુદ્ધિથી પણ પર એવા ભગવાન છે.
ધર્મ એ અહંનું વિલીનીકરણ - સોઽહંનું પ્રકટીકરણ છે.

'मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मंत्रः ।'
જેના દ્વારા નિજાત્માનો અનુભવ થાય, તે 'મંત્ર.'
તે માટે મુખ્ય મંત્ર 'સોઽહં ।' છે.

न योगेन विना मंत्रो, न मंत्रेण विना हि सः ।
યોગનું આલંબન લીધા વિના મંત્ર સિદ્ધ થતો નથી અને
મંત્રનું આલંબન લીધા વિના યોગ સિદ્ધ થતો નથી.

He who knows how to obey,
knows how to command.
Learn obedience first. - વિવેકાનંદ

જેનામાં સાધુતા - સજ્જનતા છે, તે જ સાધુ છે.
આ ગુણોનો જેનામાં અભાવ હોય,
તે સાધુ કહેવડાવવા લાયક નથી.

સંતો તથા મહાપુરુષો પર દેશની સંસ્કૃતિનો આધાર છે.
તેઓ પોતાનું સમગ્ર જીવન લોકકલ્યાણ માટે આપી દે છે.
સાચા સાધુઓ ગામેગામ જઈ અહિંસા, સત્ય, પ્રેમ,
કરુણા, સેવા, સમતા, શાંતિ, સહાનુભૂતિ, અપરિગ્રહ
વગેરે સદ્‌ગુણોનો સંદેશ ગામેગામ પહોંચાડે છે.
જે સાધુઓએ આવા ગુણ જીવનમાં ઉતાર્યા છે,
તેમનાં જીવન જ ઉપદેશરૂપ બની જાય છે.

તેઓ આવેશ અને ક્રોધથી પર હોય છે.
અન્યના ચહેરા પર શાંતિ અને સમતાનો ભાવ હોય છે.
તેઓ કાંઈ માગતા કે ચાહતા નથી.
તેઓ માત્ર લોકકલ્યાણની ભાવનામાં જ તત્પર રહે છે.
જનતા દ્વારા તેઓ જનાર્દનની જ સેવા કરે છે.
વળી જીવાત્મા અને પરમાત્મા વચ્ચે રહેલા
અભેદની નિત્ય ભાવના કરે છે.
જે સાધુઓ કાંઈક માંગણી કરે છે, સ્વાર્થસિદ્ધિને માટે,
તેવાથી દૂર રહેવું અને જે સાધુઓ
નિઃસ્વાર્થ, નિરહંકારી, જ્ઞાનપ્રધાન, સર્વહિતચિંતક અને
સરળસ્વભાવી હોય, તેમની સેવા કરવી અને
તેમનો પૂરેપૂરો લાભ ઉઠાવવો એ કર્તવ્ય છે.
- Harkishandas Agrawal, 2-11-69

## સાચું અસંગત્વ

તે પ્રાણીમાત્રના હૃદયમાં રહેલ સુહૃદથી જ પ્રાપ્ત થાય છે.
રૂપની પાછળ અરૂપ, યત્નની પાછળ અયત્ન,
અવિદ્યા - અજ્ઞાનની પાછળ વિદ્યા - જ્ઞાન, નાશવંતની
પાછળ અવિનાશી તત્ત્વ રહેલું છે, તેને જાણવું જોઈએ.
એક તરફ સંસારમાં સ્નેહનો પ્રવાહ અને

ભાવ તરફ પરમ તત્ત્વની અખંડ શાંતિ,
જે મળે ત્યારે સાચી પ્રાપ્તિ ગણાય.
કરુણા છોડીને શૂન્યને વળગે અને શૂન્યને છોડીને કરુણાને જોરથી વળગે, તે તત્ત્વને પામી શકે નહિ.
જે શૂન્ય અને કરુણાને સાથે જોડી શકે,
તે સંસારમાં જ મોક્ષને પામી શકે.

સમકીતના પાંચ સોપાન

શમ = મૈત્રી, સંવેગ = પ્રમોદ,
નિર્વેદ = માધ્યસ્થ્ય, અનુકંપા = કરુણા
આસ્તિક્ય = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યનો સરવાળો.
દૈહિક જીવનમાં જેટલી આવશ્યકતા અન્ન-જળાદિની છે,
તેટલી જ આત્મિક જીવનમાં
સામાયિક પ્રતિક્રમણાદિની આવશ્યકતા છે, અનિવાર્યતા છે.
નામ વડે અરિહંતસ્વરૂપની ઉપાસના.
સ્થાપના વડે સિદ્ધસ્વરૂપની ઉપાસના.
દ્રવ્ય વડે સાધુશરીરની ઉપાસના.
ભાવ વડે કેવલિપ્રરૂપિત ધર્મની ઉપાસના.
○ 'નમો અરિહંતાણં ।'માં અરિ એટલે શત્રુ એટલે સંકલ્પ - વિકલ્પ, તેને હણનારાઓને નમસ્કાર થાઓ.

નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિના પ્રાપ્તને નમસ્કાર થાઓ.
ચિત્સ્વભાવ અંતે શરણભૂત છે,
તેને જાણનારાઓને નમસ્કાર થાઓ.

o પાપાનુબંધી પુણ્યાઈ અર્થાત્ ઝેરનો લાડુ,
વિષમિશ્રિત પકવાન્ન, ખાવામાં મીઠું, પચવામાં પ્રાણનાશ.
એ પુણ્યાઈ ભોગવવામાં મીઠી, એનાથી એકત્રિત થતો
પાપનો બંધ જન્મ - મરણની પરંપરા વધારે.
રોગીઓનું ભલું ગમે, [illegible] ભલું ન ગમે.

o વાયુના ત્રણ ભાગ
Oxygen, Nitrogen, carbon Dioxide.
કાર્બન ડાયોક્સાઈડ અર્થાત્ કાર્બન + ઓક્સીજન.
પ્રાણીના ઉચ્છ્વાસમાંથી તે બહાર નીકળે છે.
તે જો શ્વાસમાં લેવાય તો પ્રાણઘાતક છે.
વનસ્પતિનો તે ખોરાક છે. પ્રોટોપ્લાઝમ = જીવનદ્રવ્ય.
નાઈટ્રોજન વાયુની ખાતરમાં જરૂર પડે છે.
જ્યાં કોશ ત્યાં પ્રોટીન - તે વનસ્પતિમાંથી ઉત્પન્ન થાય છે.

o પદાર્થનું જ્ઞાન મેળવવા કરતાં પદાર્થના જ્ઞાતાનું
જ્ઞાન મેળવવાની રીત શ્રેષ્ઠ છે. દવા કરતાં ડોક્ટર,
અને ઔષધ કરતાં વૈદ્ય વધારે ભરોસાપાત્ર ગણાય છે.

શાસ્ત્ર કરતાં શાસ્ત્રકાર તથા જ્ઞાન કરતાં પણ જ્ઞાની
વધુ આદરણીય છે, અન્યથા શ્રદ્ધા જો ન કેળવાય તો
જીવ એક ડગ પણ દિશામાં આગળ વધી શકે નહિ.
વેદ અનંત છે, જ્ઞાન અનંત છે પણ જ્ઞાતા એક છે.
શાસ્ત્ર અસંખ્ય છે, તેમાં કહેલ વસ્તુ અનંત છે,
પણ શાસ્ત્રકાર એક જ છે.
ઔષધિ અનેક છે, દવા અગણિત છે,
વૈદ્ય કે ડૉક્ટર શ્રદ્ધા મૂકવા લાયક છે અને
એ એક ઉપરની શ્રદ્ધા - સર્વ ઔષધિનું,
દવાઓનું કાર્ય જે રોગ હરવાનું, તે કરવા સમર્થ છે.
અનુભવ કરતાં અનુભવિતાનું મહત્ત્વ વધારે છે.
પરમે પદે તિષ્ઠન્તિ । જે ઉત્કૃષ્ટ સ્વરૂપમાં રહે,
સદા સમભાવમાં સ્થિત છે, તે પરમેષ્ઠિ છે.
સ્વભાવની અપેક્ષાએ જીવ અતીન્દ્રિય છે.
'સ્વભાવ' એટલે શુદ્ધ રૂપ.
ચેતનાશક્તિ જીવનો સ્વભાવ છે.
સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ભાષા - આકૃતિ 'વિભાવ' છે
એટલે કે કર્મજન્ય પર્યાય છે એટલે કે
અશુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ જીવ ઇંદ્રિયગોચર છે.

સ્વભાવ પુદ્ગલ નિરપેક્ષ છે, વિભાવ પુદ્ગલ સાપેક્ષ છે.
શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે.
શુદ્ધ પર્યાયાર્થિકનયથી ચેતના એ અમૂર્તતા લક્ષણ છે.
આત્માને જાણવા શબ્દપ્રમાણ કે અનુભવપ્રમાણ છે.
અનુભવ માટે ચિત્તશુદ્ધિપૂર્વક એકાગ્ર ચિંતન સાધન છે.
ગુણવાનને નમસ્કાર કરવાથી ગુણપ્રાપ્તિ અવશ્ય થાય છે.
જેવું ધ્યેય હોય છે, તેવો ધ્યાતા પણ બની જાય છે.
નમસ્કાર પદાર્થ નમસ્કાર્યની પ્રભુતા અને નમસ્કાર
કર્તાની લઘુતાને પ્રકટ કરે છે, તે દ્વૈત નમસ્કાર છે.
રાગ - દ્વેષના વિકલ્પ નાશ પામવાથી
કેવળ સ્વરૂપનું જ ધ્યાન રહે, તે અદ્વૈત નમસ્કાર છે.
દ્વૈત નમસ્કાર એ અદ્વૈત નમસ્કારનું સાધનમાત્ર છે.
નમસ્કારનું પ્રેરક અંતરંગ ભક્તિભાવ છે.
વ્યવહાર અપેક્ષાએ પ્રધાનતા અરિહંતોની છે,
કેમકે સિદ્ધોનું પરોક્ષ સ્વરૂપ
અરિહંતોના ઉપદેશથી જ જાણી શકાય છે.

°

ધર્મક્રિયાનું ધન - સમકીત, સમજ અને સંયમ.
Faith, understanding & will to be.
Fidelity = વફાદારી.

દૈવી કે વૈજ્ઞાનિક શક્તિઓનો સામનો કે વિરોધ કર્યા વિના અંતરંગ સાધનાદિમાં જે કોઈ રક્ત રહેશે અને નવા આવિષ્કારોનો શક્ય તેટલો સમન્વય સાધશે, તે સ્વ તથા પોતાના આશ્રિતોની વૃદ્ધિ - રક્ષાદિ કરી શકશે. એ માટે અંતર્ધ્યાન તથા નામસ્મરણ - એ જ ઉપાયો છે.

'હરિ કા હજાર નામ, કોઈ નામ કેશવા'. ...(૧)

'રામ કહીં સુખ ઉપજે, કરસાહ કહીં દુઃખ જાય:
મહિમા મહાપરસાદ કી, માટે પ્રીત લગાય'.

o પ્રેમના સુખમાં સ્વાર્થની બાધા નથી,
તેથી તે અવ્યાબાધ છે.

o

We are to meet our creator through the sound current, which keeps creation in being. The word is the only means to take in across the ocean of mind and matter into the spiritual realms.

o Learn from the past,
plan for the future
but live in the present.

જપ દ્વારા પ્રાપ્ત થતી ધ્યાનની સ્થિતિ ટકાઉ રહે છે.
ધ્યાનાવસ્થામાં લીનતા કેળવવાના લક્ષ્યથી જાપ કરવો.
અચિન્ત્યશક્તિ સંપન્ન કરુણામય પરમાત્મસ્વરૂપની ભાવના
કરતાં કરતાં એકાગ્ર ચિત્તે જપ કરતાં રહેવું જોઈએ.
ધ્યાનાવસ્થામાં લઈ જનારી અર્થચિન્તન ભાવનાપૂર્વકનો
જપ વધારે ઉપકારક છે. જપની ટેવ પાડવા ખાતર અમુક
નિયત સંખ્યાના લક્ષ્યપૂર્વક થતો જાપ પણ ઉપયોગી છે.

અર્થભાવનામાં નીચેનો શ્લોક ઉપકારક છે:

दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी ।
शुद्धात्मचेतना या च साऽर्हन्नामाक्षरैर्निधिः ॥ (પરિશિષ્ટ-૨)

સુખ પ્રકૃતિમાં, નિત્યમાં,
અનાદિ - અનંત - આત્મતત્ત્વમાં જ છે.
જે પોતે જ અનિત્ય, આદિ-અંતવાળું તથા અપૂર્ણ છે,
તે નિત્યસુખ કેવી રીતે આપી શકે?

શરણાગતિનું મહાન ધ્યેય તત્ત્વ તે નિત્ય શુદ્ધ સ્વરૂપ છે.
આ નવકારમંત્ર દ્વારા ઇષ્ટનું નામ નિરન્તર લેવાથી
બહાર અને અંદર સુખનો અનુભવ થશે.
આ ભવે અને પરભવે - ઉભય સુધરશે.
નામસ્મરણરૂપી સાધનનો મહિમા અપાર છે.

એવા લોકો પણ નામને જપે છે અને
તેનાથી પરમ આનંદનો અનુભવ કરે છે.
નામના પ્રભાવથી અને નામની કૃપાથી
અગોચર તત્ત્વ અનાયાસથી જ સમજાઈ જાય છે.
નામની કૃપાથી તેનું સ્મરણ કરનાર ભવ કૃતાર્થ થાય છે.

ભક્તના ચાર પ્રકાર

(૧) અર્થાર્થી - ધનની ઇચ્છાવાળા. (૨) આર્ત - દુ:ખી.
(૩) જિજ્ઞાસુ - પરમાત્માને જાણવાની ઇચ્છાવાળા.
(૪) જ્ઞાની - વિચાર, વિવેક, વૈરાગ્યથી સભર બની,
સમગ્ર બ્રહ્માંડનું નિરીક્ષણ કરી, સ્વાભાવિક પ્રેમથી
સ્મરણ કરવાવાળા. દરેકનું લક્ષ્ય જુદું જુદું છે પણ
સાધન પ્રણાલિકા એકસરખી છે.
ચારે પ્રકારના ભક્તો શુભકર્મી, નિષ્પાપ તથા ઉદાર છે.
નામ જપનારના હૃદયમાં સઘળી દૈવીસંપત્તિ આપોઆપ આવે,
તેને દૂર કરવા જતાં પણ તે દૂર થતી નથી.
શ્રદ્ધા અને વિશ્વાસથી
નામસ્મરણ કરનારને સાયુજ્ય-મુક્તિ મળે છે.
હૃદયમાં ઇષ્ટદેવ અને નામસ્મરણ પ્રત્યે અત્યંત પ્રીતિ
હોય તેવા શરણાગતને જ આ સદ્‌ભાગ્યની પ્રાપ્તિ થાય.

## ચાર યુગની ઓળખાણ

જ્ઞાની પુરુષો ચારે યુગોનું તાત્ત્વિક સ્વરૂપ વર્ણવે છે:

◎ અંતરમાં શુદ્ધ સત્ય, સમાનતા, જ્ઞાન, પ્રસન્નતાદિ ધર્મો અનુભવાય, ત્યારે તે સત્યુગ છે.

◎ સત્ત્વગુણ વધારે અને રજોગુણ અલ્પ હોય, ત્યારે તે ત્રેતાયુગ છે, તેમાં ક્રિયા જાગ્રત દરેક કાર્યોમાં લોકોને પ્રમાદ અનુભવાય છે.

◎ રજોગુણ વધારે તથા સત્ત્વગુણ થોડો હોય અને અલ્પ પણ તમોગુણ હોય, ત્યારે તે દ્વાપરયુગ છે, તેથી મનમાં હર્ષ-શોક-ભયની લાગણીઓ અનુભવાય છે.

◎ તમોગુણ વધારે હોય, રજોગુણ થોડો હોય અને સર્વત્ર ઘર્ષણ અનુભવાય, ત્યારે તે કલિયુગ છે.

જેના અંતઃકરણમાં પ્રભુની શરણાગતિ કાયમ છે, તેને આ યુગેયુગના ચિત્ર-વિચિત્ર ધર્મનું સ્વરૂપ સ્પર્શતું નથી. ચિત્તરૂપી ત્રાજવાના એક પલ્લામાં ભગવાનની પ્રીતિ અને બીજા પલ્લામાં સંસારની પ્રીતિ રાખીને તે પછી ધ્યાનથી જુઓ કે કયું પલ્લું નમે છે? ઇષ્ટચરણોમાં કેટલી પ્રીતિ છે, તેનું માપ આનાથી નીકળી આવશે.

ઇષ્ટચરણોમાં નિત્ય પ્રીતિ વધતી જાય,

તે માટે સતત પ્રયત્ન કરવો જોઈએ,
કેમકે સુખ અલ્પમાં નહિ પણ પૂર્ણતામાં છે.
કહ્યું છે કે : યો વૈ ભૂમા તત્સુખં, નાલ્પે સુખમસ્તિ ।
સુખ વિકલ્પમાં નહિ પણ નિર્વિકલ્પમાં છે.
અપૂર્ણતામાં વિકલ્પ છે, પૂર્ણતા નિર્વિકલ્પ છે.
અન્યના વર્તનના કારણે
ચિત્તમાં સંક્લેશ પેદા થવા પામે નહિ,
એ ખાસ જોવું જોઈએ અને તે માટે જીવોની કર્મ
પરવશતાને પ્રધાન બનાવીને વિચારણા કરવી જોઈએ.
મધ્યસ્થભાવ ન ટકે તો હિતભાવને અને
કરુણાભાવને આઘાત પહોંચે, તે સ્વાભાવિક છે.
નવકારમંત્રનો સ્વાધ્યાય સર્વ દોષોનો શોષક અને
અનેક ગુણોનો પોષક તથા પ્રાપક છે.
કર્મક્ષયાદિ માટે સ્વાધ્યાય અમોઘ બની શકે છે.
એના સ્વાધ્યાયથી ભાવમૈત્રી, ભાવપ્રમોદ, ભાવકરુણા
અને ભાવમાધ્યસ્થ્યના ઉપાસક બની શકાય તથા
તે વડે સ્વપરની સાચી હિતચિંતા સાધી શકાય છે.

Time is medicine for all
mental or spiritual & physical also.

પીંડવાડા, આસો સુદ-૪

કર્મકલાપો અને ગ્રન્થકલાપો વચ્ચે રહીને છેવટે તો આત્મદર્શન જ સાધવાનું છે. ધર્મનો પાયો આત્મા છે. આત્મદર્શન તરફ જ વિશેષ રસ કેળવવો જોઈએ. કહ્યું છે:

આતમ ધ્યાન ધરે જુ કોઈ, સો ફિર ઇણ મેં ન આવે;
વાગ્જાલ બીજું સહુ જાણે, એહ ચિત્ત આવે... (૧)
જેણે વિવેક ધરી એહ પખ ગ્રહીઓ, તે તત્ત્વજ્ઞાની કહીએ,
મુનિસુવ્રત જો કૃપા કરો તો આનંદઘન પદ લહીએ. (૨)

પ્રવૃત્તિ ભલે બહારની અનેક જાતની ચાલતી હોય પણ અંતરથી રસ આત્મદર્શનનો હોવો જોઈએ, બાકી તો:

आग्रही बत निनीषति युक्तिं
तत्र यत्र मतिरस्य निविष्टा ।

અર્થાત્: આગ્રહી વ્યક્તિ ત્યાં યુક્તિ લગાડે છે,
જ્યાં એની મતિ સ્થાપિત થયેલી હોય છે.

વાણી એ આત્માની શક્તિ પણ છે.
મહાપુરુષ જ્યારે આત્માની નજીક રહીને બોલે, ત્યારે એની વાણી જુદી તરી આવે છે, અને આ વાણી સાંભળનારના હૃદયમાં વિશ્વાસને જન્માવતી હોય છે.

વેરથી વેર શમતું નથી, આ અનુભવ દરેકનો છે,
છતાં વેર લેવાની વૃત્તિ દરેકને થાય છે.

તેમ માન્યતા પણ પ્રવર્તે છે કે:
વેરનો બદલો વેરથી ન લેનાર બાયલો ભીરુ છે.
એનો અર્થ એ થશે કે વેરનો બદલો વેરથી,
ફરી પાછો વેરથી, એમ લાંબા કરવાથી બહાદુર ગણાઈએ.
જ્યાં આવો માનસિક રોગ હોય,
ત્યાં સંતપુરુષોની વાત કોણ સાંભળે?
'વેરનો બદલો વેરથી લ્યો' એવું કહેનારને બધા સાંભળે,
કેમકે બધા માટીના માણસો છે, કોઈ દેવ નહિ.
અદાવત એ પ્રાણી સૃષ્ટિની સર્વ સામાન્ય વૃત્તિ છે,
પરંતુ જો બુરાં કામોથી એક સારું કામ પ્રકટ થતું નથી
પણ ત્રીજું બુરું કામ પ્રકટ થાય છે.
વેર શમાવવા દેવામાં આત્મબળની જરૂર પડે. એથી કરુણા
અને ઉપેક્ષાના દૈવી ગુણોને વિકસિત કરવાની જરૂર પડે.

- યશોધર મહેતા

o દેહમાં કુશળતાની દૃષ્ટિ - એ એક ગુણ છે,
તેમ ધર્મ સાધનતાની દૃષ્ટિએ તે આવશ્યક છે,
એ દૃષ્ટિ પણ તેટલી જ આવશ્યક છે,
એથી અતિનો ત્યાગ અને મધ્યમમાર્ગ કેળવાય છે.

ह्रीं ॐ नँ अर्हं नँ नँ अर्हं नँ ॐ ह्रीं

चिन्त्यं न चैव देवेन वीतरागः प्रसीदति ।
प्रसादाभावतश्चाऽस्मात् कथं फलं प्राप्यं बुधैः ? ॥१॥
ईदृग् माहात्म्यमेवाऽस्य देवेनाराधकसिद्धये ।
अचेतनोऽपि किं नाऽत्र दत्ते चिन्तामणिः फलम् ॥२॥

- भावदेवसूरिकृत श्री पार्श्वचरित्रं

સૂક્તિ: 'વિતરાગ ભગવાન પ્રસન્ન થતાં નથી' એવું નહિ જ વિચારવું કારણકે ભગવાનની કૃપાનો અભાવ હોય, તો બુધ પુરુષો ફળ કેવી રીતે પામી શકે?
આ ભગવાનનો આવો જ પ્રભાવ છે,
જે આરાધકની સિદ્ધિ થાય જ. શું અચેતન એવો પણ ચિંતામણિ રત્ન આ લોકમાં ફળ આપતો નથી?

I have faith in God,
In God, we trust.
Lord, Keep us from unbelief. Lord, Keep us from learning upon things that we see. Lord, Keep us from judging according to appearances.
The mind creates and forms according to its thoughts.

શિવગંજ, ભા. વ.૧૧, તા. ૭-૧૦-૬૯

(૧) શિસ્ત વિનાનું જીવન એ લગામ વિનાના ઘોડા જેવું અથવા બ્રેક વિનાની મોટર જેવું ભયાનક છે. જન્મસિદ્ધ હક્ક એ મનઃસિદ્ધ હક્ક ન બનવો જોઈએ.

એક અપેક્ષાએ આજ્ઞા કરનાર કરતાં આજ્ઞા પાળનાર વધુ મહાન છે. શિસ્ત કે આજ્ઞાપાલન એ વિકાસને રૂંધનારા નહિ પણ વિકાસને સાધનારા છે. સાચું સ્વાતંત્ર્ય યોગ્યની પરતંત્રતામાં છે. જીવનના સાચા ઘડતર માટે શિસ્ત - આજ્ઞાપાલન અનિવાર્ય શરત છે.

મોહજનિત પારતંત્ર્યમાંથી છુટવા માટે
વિવેકવાનની પરતંત્રતામાં રહેવું એ જ એક ઉપાય છે.
મોહની પરતંત્રતામાંથી છુટવા માટે
વિવેક - વિવેકીની પરતંત્રતામાં રહેવું જોઈએ.

(૨) વિજ્ઞાનનો સાર એટલે કે Core of Science એ સત્યની શોધ છે, એટમબોમ્બ કે યંત્રવિદ્યા નહિ.

વિજ્ઞાનની સાચી ભક્તિ સત્યની ખોજમાં છે,
બધા તત્ત્વોમાં મુખ્ય તત્ત્વ આત્મા છે.
આત્મા છે તો બધું છે.
આત્માને ઓળખો અને તેનો વિકાસ કરો.

શરીરમાંથી આત્મા નીકળી જતાં
કશાની કશી કીંમત રહેતી નથી, માટે આત્માને ન ભૂલો.
ક્ષમા એ પર્વનો સાર છે, કેમકે
જીવનનો પણ તે સાર છે.
ક્ષમા એ આત્માનું જ બીજું નામ છે.
આત્મા સ્વભાવથી જ ક્ષમાશીલ, દયાશીલ, કરૂણાશીલ છે.
(3) દરેક ક્રિયાની પાછળ જ્ઞાન - વિવેકદૃષ્ટિ કેળવવી.
સંપ્રદાય શબ્દ કરતાં સંઘ શબ્દમાં એકતાભાવ વિશેષ છે.
ધર્મોના મૂળભૂત તત્ત્વો એક છે, ફક્ત બાહ્યાચાર જુદા છે.
બૌદ્ધ સાહિત્ય રસભરપૂર છે પણ
આચારની દૃષ્ટિએ જૈન સાહિત્ય-જૈનધર્મ સર્વશ્રેષ્ઠ છે.
વૈદિક ધર્મમાં વ્યવહારનો વિચાર વધુ કરાયો છે.
વ્યવહાર, આચાર અને જ્ઞાન - એ ત્રણેનો સમન્વય
કરવામાં આવે તો ધર્મભાવનો ઘણો વિકાસ થાય.
આજે સમન્વય કરવાનો સમય પાકી ગયો છે.
ભૂતકાળ ભૂલી, પક્ષપાત છોડી, સમન્વય કરવો
આજે અત્યંત આવશ્યક છે. ક્ષમા એ વિશ્વધર્મનો
સંદેશ છે, ક્ષમાથી હર્ષ - પ્રમોદ - ઉલ્લાસ પેદા થાય
અને એકભાવ વધુ નિકટ આવે છે.

માત્ર સાંપ્રદાયિકતામાં ન રાચતાં અહિંસા અને કૃપાને
આચરણમાં ઉતારતાં શીખવું જોઈએ. - Punya

(૪) Love is the rule for fulfilling all rules. It's new commandment for keeping all the old. Love is the one secret for religious life.

આ વાક્યનું તાત્પર્ય સમાપત્તિપરક છે.

આજ્ઞાપાલનના અધ્યવસાયમાં જે પ્રકારની સમાપત્તિ છે:

આજ્ઞાકારક અર્હ અને આજ્ઞા અર્હ.

આજ્ઞાકારક શુદ્ધ આત્મા છે અને
આજ્ઞા ષડ્જીવનિકાયની રક્ષાની છે.

આજ્ઞાનું, જીવોનું અને અધ્યવસાયોનું પાલન.

એકમાં પરમાત્મસમાપત્તિ, બીજામાં જીવસમાપત્તિ, ત્રીજામાં આત્મસમાપત્તિ છે. ત્રણે પ્રકારની સમાપત્તિ એક 'પ્રેમ' શબ્દ વડે જ અભિવ્યક્ત થઈ શકે છે.

આત્મપ્રેમ, પરમાત્મપ્રેમ, જીવરાશિ પ્રત્યે પ્રેમ
મૈત્રી ભાવનાથી જ પ્રગટ થાય છે.

ધ્યાતા, ધ્યેય, ધ્યાન એ ત્રણેની એકતા એ સમાપત્તિ છે.
આત્મપ્રેમમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન એક આત્મા જ બને છે.

## પરમાત્મપ્રેમમાં મગ્ન

યોગના શુદ્ધાત્મ સાથેનું ઐક્ય સધાય છે અને
જીવાત્મપ્રેમમાં સજાતીય જીવતત્ત્વ પ્રત્યે
આત્મૌપમ્યભાવ વડે ઐક્ય સધાય છે. એકતા, પ્રેમ,
આત્મૌપમ્ય, સામ્ય, સમાપત્તિ, આર્હંત્યાદિ સમાનાર્થક છે.

(૫) ક્રિયામાર્ગ દ્વારા બ્રહ્મચર્યનું રક્ષણ કરવા માટે
નવ વાડો અને દશ સમાધિ સ્થાનોનું વર્ણન છે અને
સ્ત્રી જાતિના આકર્ષણથી મુક્ત રાખવા
સ્ત્રી કલેવર નરક ઘૃણા, સ્ત્રી સ્વભાવમાં દોષદર્શન અને
સ્ત્રીજાતિ મૂળથી જ દોષની ખાણરૂપ છે,
એવી પ્રતીતિ કરાવવામાં આવે છે.
આ ઉપરાંત માનભય, રાજભય, પરલોકભય, કીર્તિ,
પ્રતિષ્ઠા, દેવસુખનાં પ્રલોભન કાર્ય કરે છે.
એ માર્ગની અપૂર્ણતા દૂર કરવા માટે
જ્ઞાનમાર્ગનું આયોજન છે, જેમાં ધ્યાનનું સ્થાન મુખ્ય છે.
ધ્યાન દ્વારા વિચારવિમર્શ અને સ્વરૂપચિન્તન
સધાતાં કામાદિ અનિષ્ટ વૃત્તિઓનાં મૂળ બળી જાય છે.
ક્રિયામાર્ગમાં દોષદર્શન મુખ્ય છે.
જ્ઞાનમાર્ગમાં સ્વરૂપચિંતન અને આત્મવિવેક પ્રધાન છે.

(૬) અનેકાંતવાદનું કેન્દ્ર મધ્યસ્થતામાં છે.
નિર્વૃત્તિ પણ મધ્યસ્થતાનું મૂળ છે, તેથી
અનેકાંતવાદ અને નિર્વૃત્તિ પરસ્પરના પૂરક-પોષક છે.
'નિવૃત્તિ' એટલે પ્રવૃત્તિથી વિરુદ્ધ અને
'પ્રવૃત્તિ' એટલે રાગ-દ્વેષના પ્રસંગોમાં પડવું તે.
હિંસાનો સ્થૂલ અર્થ એટલે પ્રાણઘાત રૂપ અને તેના
સૂક્ષ્મ અર્થમાં જાણ જોઈને પીડા થાય યા નહિ પણ
મલિન વૃત્તિમાત્રથી પોતાના આત્માની શુદ્ધતા હણાય તે.
મલિનવૃત્તિથી આત્માનો ઘાત ન થવા દેવો તે અહિંસા છે.
આષાઢાભૂતિ, નંદિષેણ, રથનેમિ, આર્દ્રકુમારની જેમ જંબૂ
કુમાર, સ્થૂલભદ્ર, નેમનાથ, મલ્લીનાથાદિનાં દૃષ્ટાંતો પણ છે.
વિજય શેઠ, વિજયા શેઠાણીના દૃષ્ટાંત અદ્ભુત છે.
(૭) આંખે આવતાં રૂપો અને કાને પડતાં શબ્દોનો
પરિહાર શક્ય નથી પણ તે રૂપ અને શબ્દને લક્ષ્યે
પોતાની પ્રવૃત્તિમાં રાગ-દ્વેષ ન થવા દેવા અર્થાત્
વસ્તુસ્વભાવનું ચિન્તન કરવું અથવા
સાવધ, ઉદાસીન રહેવું તે વિષયોને જીતવાનો ઉપાય છે.
શબ્દ અને રૂપ એ કામ છે.
ગંધ, રસ અને સ્પર્શ એ ભોગ છે.

ચંદન, પુષ્પ, ધૂપાદિની સુગંધ વિશ્વમાં જેટલી મનોહર છે,
તેથી પણ શીલધર્મની સુગંધ તો
અધિક મનોહર, મહેક, અદ્ભુત અને શ્રેષ્ઠ છે.
બધી સુગંધ કરતાં શીલની સુગંધ શ્રેષ્ઠતમ છે,
કેમકે તે અદ્ભુત અને નિરૂપાધિક છે.

(૮) નમસ્તુભ્યં નમસ્તુભ્યં નમસ્તુભ્યં નમો નમઃ ।
નમો મહ્યં નમો મહ્યં મહ્યમેવ નમો નમઃ ॥૨॥

સમ્યગ્દર્શન = પ્રકાશકદીપ, સ.ચારિત્ર = આશ્વાસક દ્વીપ.
મિથ્યાત્વની ભૂમિકામાં સ્વર્ગ પણ નિરૂપયોગી છે.
સમ્યગ્દર્શન સહિત નરક પણ ઉપકારક છે.
સ્વર્ગ અને નરક ચરેલ સુખ-દુઃખ પ્રયોજનભૂત નથી.
પ્રયોજનભૂત આત્મશક્તિનું સમ્યગ્દર્શન છે.

કર્તવ્ય પથમાં સુઈ જનારાઓ માટે કલિયુગ,
બગાસા ખાનારને દ્વાપરયુગ, ઉઠ-બેસ કરનારાઓને
ત્રેતાયુગ તથા સતત ચાલતા રહેનારને માટે સતયુગ છે.
સુખના ફૂલો અને દુઃખના કાંટાઓની પરવા કર્યા વિના
સતત ચાલતા રહેનારને ધ્યેયની સિદ્ધિ છે.
આત્માની અંદર છુપાયેલી અનંત શક્તિઓ પ્રત્યે
નિષ્ઠા પેદા થવાથી આત્મશક્તિ જાગૃત થાય છે.

યદ્યપિ આત્માના એક એક પ્રદેશે અનન્ત અનન્ત કર્મ વર્ગણા ચોંટેલી છે. તો પણ જ્યારે તે આત્મશક્તિ પર વિશ્વાસ ધરાવે છે, ત્યારે એક પક્ષી પોતાની પાંખો પર લાગેલી ધૂળને ખંખેરે તેમ અનન્તાનંત કર્મરૂપી રજને એક પલકમાં દૂર કરી શકે છે.

(૯) સાધકની સાધનાનો મૂળ પ્રાણ શ્રદ્ધા છે.

શ્રદ્ધા અને ભક્તિ સાથે જ રહે છે.

જ્યાં શ્રદ્ધા - ભક્તિ છે, ત્યાં શિવ છે, પરમાત્મા છે.

જ્યાં તે નથી, ત્યાં એકમાત્ર શબ કે મડદાની લાશ છે.

જ્યાં શ્રદ્ધા નથી, ત્યાં સાધના
એક નિર્જીવ શબ સ્વરૂપ બની જાય છે.

'હું ચેતન આત્મા છું, જડ ઈંટ કે પત્થર નહિ'
આ ભાવનું ભાન અને શ્રદ્ધા એ સાધનાનો પ્રાણ છે.

શ્રદ્ધા અને વિશ્વાસ એ મનુષ્યની સૌથી મોટી શક્તિ છે.

વિશ્વાસ એ વિશિષ્ટ શ્વાસ - જીવન છે.

અવિશ્વાસ એ શ્વાસવિહીન મૃત્યુ છે.

જેને પોતાના આત્મા ઉપર વિશ્વાસ નથી, તે આ સંસારમાં બીજા કોઈનો ય વિશ્વાસપાત્ર બની શકતો નથી, સહયોગી યા સાથી બનવાને લાયક રહેતો નથી.

(૧૦) કેટલી વિચિત્ર વાત છે કે
આ અનંત સંસારનો જે જ્ઞાતા - દૃષ્ટા છે,
તે તેમાં જ ખોવાઈ ગયો છે.
સૃષ્ટિનો જે મહાન શક્તિરૂપ કર્તા, નિયન્તા, સંહર્તા છે,
તે પોતાના જ દ્વારા નિર્મિત વિસ્મય સૃષ્ટિમાં અને
રાગ-દ્વેષની વિસ્મયજાળમાં ફસાઈ ગયો છે.
પોતે પોતાના જ સંકલ્પ - વિકલ્પના તાણાવાણાથી
ગુંથાયેલ જાળમાં કરોળિયાની જેમ ફસી ગયેલ છે તથા
સ્વનિર્મિત વિસ્મયસૃષ્ટિના ગહનવનમાં ભટકી રહ્યો છે.
(૧૧) जीवो उवओगलक्खणो । एगे आया । - શ્રી ઠાણાંગ
जे आया से विण्णाया, जे विण्णाया से आया । - आचारांग
આ લક્ષણમાં ઉભય પાક્ષિક વ્યાપ્તિ છે.
વિજ્ઞાનં બ્રહ્મ । તત્ત્વમસિ ।
જ્ઞાન - દર્શન એ જીવનું આત્મભૂત લક્ષણ છે.
રાગ-દ્વેષ, સુખ - દુઃખાદિ એ અનાત્મભૂત લક્ષણ છે.
अग्निरुष्णः । એ આત્મભૂત લક્ષણ છે.
सिंहासनेन राजतेऽसौ राजा । અનાત્મભૂત લક્ષણ છે.
દેવ - નારકી - તિર્યંચ - મનુષ્યાદિ પર્યાય
જીવના અનાત્મભૂત લક્ષણો છે.

સર્વ વિકૃતિઓ એ આત્માના ઔપચારિક ધર્મ છે,
મૂળભૂત ધર્મ નહિ.

અગ્નિ અને લોઢાના સંબંધ જેવો સંબંધ જડ અને
કર્મનો છે અથવા દૂધ અને પાણીના સંબંધ જેવો તે છે.

શરીર, મન, ઇંદ્રિયાદિનો પણ આત્મા સાથે
આધારાધેયભાવ સંબંધ છે.

અગ્નિનો આધાર લોઢું છે, કિન્તુ
દઝાડનાર લોઢું નહિ પણ અગ્નિ છે.
બંનેનો આધારાધેયભાવ સંબંધ છે, તેથી
'લોઢાથી દાઝયો' એવો ઉપચાર થઈ શકે છે.

एकस्मिन् विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।
आत्मनि विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।
जे एगं जाणइ से सव्वं जाणइ । - आचारांग सूत्र

એ રીતે આત્મશક્તિનું ભાન અને
એના ઉપર દૃઢ વિશ્વાસ અત્યંત જરૂરી છે.
અજ્ઞાનગ્રસ્ત અને વિશ્વાસહીન જાતિઓ
આ વિશ્વમાં ટકી શકતી નથી.

કર્મ જડ છે, આત્મા ચેતન છે, અનંતશક્તિ સંપન્ન છે.
કર્મનો નિયંતા આત્મા છે, આત્માનો નિયંતા કર્મ નથી.

अप्पा कत्ता विकत्ता य |

આત્મા કર્મનો કર્તા પણ છે અને તોડનાર પણ છે.
કૃષ્ણાદિ સૃષ્ટિ, સ્વામિદિ સેવક નહીં, ઈશ્વરાદિ જડ
કદી સાધક બની શકતા નથી.

કર્મને જડાદિ એકાંતે ભગવાન માનવા તે તો પોતાની
અજ્ઞાનતા, કાયરતા, દુર્બળતાને ઢાંકપિછોડો કરવાની ક્રિયા છે.
અન્ય કોઈ દર્શન કહેતું નથી કે:
કર્મ યા માયા, પ્રકૃતિ યા અવિદ્યા - બલિષ્ઠ ભગવાન છે.
આત્મા, ઈશ્વર યા પુરુષને જ ભગવાન માન્યો છે.
જૈનદર્શન પણ એમ કહે છે કે:
કર્મનું કર્તૃત્વ, ભોક્તૃત્વ અને હંતૃત્વ -
એ ત્રણે આત્માને આધીન છે.

स्वयं भ्रमति संसारे, स्वयं तस्माद्विमुच्यते |

વિભાવમાં ભટકવાથી જીવ કર્મનો તીવ્ર બંધ છે,
તેમ સ્વભાવમાં આવી જવાથી એક ક્ષણભરનું મનન પણ
અગ્નિ વડે ઘાસની જેમ કર્મોને ભસ્મ કરે છે.
સ્વર્ગ અને નરક - બંને મનુષ્યના સંકલ્પમાં છે.

काम ! जानामि ते मूलं संकल्पात् किल जायसे |

વિકારની ઉત્પત્તિ તત્સંબંધી વિચારથી થાય છે.

વાસના સંક્લેશિત બને છે.

સંક્લેશના આલયમાં તેનો આલય થઈ જાય છે.

(૨૨) રાગ-દ્વેષ વિના જાણવું દૃષ્ટિબિંદુ સમજવું તે અનેકાન્તવાદ છે. તે અહિંસાનું જ સ્વરૂપ છે. એથી મનુષ્ય સત્યની વધારે નજીક પહોંચે છે. જૈનધર્મમાં બાહ્ય શુદ્ધિ કરતાં આત્મશુદ્ધિ ઉપર વધારે ભાર મૂક્યો છે. જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસા, બીજો સિદ્ધાંત કર્મનો. રાગ-દ્વેષ, ઇંદ્રિયો અને વિષયો પર વિજય મેળવે છે, તે સાચો જૈન છે. જીતે તે જૈન તથા શ્રમ કરે તે શ્રમણ.

(૨૩) ધ્યેયહીન મનુષ્યોને શાંતિ નહિ.

ગજા બહારનું ધ્યેય રાખનાર પણ દુઃખી થાય છે, ધ્યેય પાછળ સમજ્યા વિના પ્રયત્ન કરનાર અને ધ્યેયને નક્કી કરી આરામ કરનાર પણ દુઃખી થાય છે. પોતાની શક્તિ અનુસાર ધ્યેય નક્કી કરી તેને સિદ્ધ કરવા સમજપૂર્વક પ્રયત્ન કરનારને શાંતિ મળે છે.

(૨૪) શુભ અને અશુભ વિકલ્પો વચ્ચે થતી લડાઈમાં આત્મા તટસ્થ બનીને જોતો રહે,

તો બંનેનો નાશ થશે અને પોતે પોતાના નિરંજન, નિર્વિકાર તથા શુદ્ધ સ્વરૂપમાં આવી જશે.

મન, ઇંદ્રિય અને શરીરના બંધન તોડીને ભગવાનકૃષ્ણ
પોતાના શુદ્ધ સ્વરૂપમાં બિરાજમાન થશે
તથા ચિદાનંદ પ્રકાશપુંજ રૂપ બની રહેશે.

'વત્થુ સહાવો ધમ્મો |'

અર્થ: વસ્તુનું મૂળ સ્વરૂપ, મૂળ ભાવ તે ધર્મ છે.
વસ્તુનો પોતાનો સ્વભાવ તે ધર્મ છે.
આત્મા પણ એક વસ્તુ છે. તે સમસ્ત પદાર્થોમાં એક
વિશિષ્ટ શક્તિસંપન્ન ચેતનાપુંજ છે.
શરીરથી પર મહાન સત્તા છે.
સંસારના સમસ્ત પદાર્થો ઉપર તારું સ્થાન છે.
કોહીનૂર મૂલ્યવાન છે પણ જગતની દૃષ્ટિથી,
પોતાની દૃષ્ટિએ તેનું કોઈ મૂલ્ય નથી.
માટીનું ઢેફું અને કોહીનૂર બંને જડ છે.
કોહીનૂરનું મૂલ્યાંકન કરનાર મનુષ્યની આંખ છે.
આંખ સ્વયં સાધારણ છે, કિન્તુ તેની પાછળ રહેલું
ચૈતન્ય નિઃસીમ છે. સર્વ શક્તિઓનું એ અધિષ્ઠાન છે.
એનો સાક્ષાત્કાર એ સાધ્ય છે.
એ સાક્ષાત્કાર વીતરાગ ભાવની અનુભૂતિ વિના
શક્ય નથી, તેથી વીતરાગ ભાવ એ ધર્મ છે.

(૯૫)શરીર કે સંસારના પદાર્થ સાથે યુદ્ધ કરવાનું નથી,
કિન્તુ રાગ-દ્વેષ અને આસક્તિઓની સાથે ઝઝૂમવાનું છે.
રાગ-દ્વેષ - મોહ - આસક્તિના બંધન જેટલા અંશે તૂટે,
તેટલા અંશે આત્માની નિકટ પહોંચાય છે અને
આત્માની નિકટ પહોંચાય, તેટલા અંશે તે બંધનો તૂટે છે.

'कषायमुक्तिः किल मुक्तिरेव ।'

ઇંદ્રિયો હોવા છતાં ઇંદ્રિયજન્ય રાગ-દ્વેષથી
જે મુક્ત છે, તે મુક્ત છે.

મોહ - ક્ષોભરહિત વીતરાગ આત્મા મુક્ત છે.

દેહત્યાગ નહિ પણ કષાયત્યાગ એ મુક્તિ છે.

આત્માની ખોજનો માર્ગ તે ધર્મ છે.

<u>આત્મલાભ કરાવનાર સાધના તે જ સાચી સાધના છે.</u>

શાસ્ત્રવચનો આત્મશુદ્ધિ તથા બંધનમુક્તિ માટે છે,
અંતરમાં અહિંસાદિ પવિત્ર ભાવો પ્રગટાવવા માટે છે.
એજ સમ્યક્ શ્રુત છે. આત્મશુદ્ધિ માટે આધ્યાત્મિક
પ્રેરણા જે પ્રાપ્ત કરાવે, તે જ વીતરાગવચન છે.
શાસ્ત્ર એ અનુભૂત સત્ય ઉપર આધારિત છે.
આધ્યાત્મિક વિકાસ માટે નિઃસ્પૃહ ભાવથી
સત્યનો ઉપદેશ કરવો, તે સત્શાસ્ત્રનું લક્ષણ છે.

અધ્યાત્મભાવ અને વીતરાગ ભક્તિ વડે
પ્રગટતો વીતરાગ ભાવ સમાનાર્થક છે.

(૨૬) મન્યતે જગતસ્ત્રિકાલાવસ્થામિતિ મુનિઃ ।
આત્માનો વિભાવ તે સંસાર અને સ્વસ્થતા તે મોક્ષ.
મોક્ષનો ઉપાય ક્ષમા - સમતા, મૈત્રી - કરુણા,
વૈરાગ્ય - ગુણાનુરાગ ઇત્યાદિ છે.
જીવનનું મુખ્ય કર્તવ્ય કોઈ હોય તો તે
રાગ-દ્વેષને જીતવું તે છે.
રાગ-દ્વેષને જીતવાનો ઉપાય અરિહંતાદિનું શરણ,
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન છે.
અનુમોદન અને ગર્હા એ action નહિ પણ
reaction. Action કરતાં પણ reactionનું
જોર વધારે હોય છે. Action is temporary
and reaction is permanant.

(૨૭) સચ્ચિદાનન્દં બ્રહ્મ । સત્ના બે રૂપ છે:
એક સ્વરૂપાસ્તિત્વ અને બીજું સાદૃશ્યાસ્તિત્વ.
સ્વરૂપથી ભિન્ન સદૃશરૂપ અને
સાદૃશ્યથી આત્મસ્વરૂપ - જીવમાત્ર, એ બે પ્રકારના
અસ્તિત્વ ભિન્નતાઓ અને જીવમૈત્રીને વિકસાવે છે.

(૯૮) ચિદ્રૂપતા અને આનંદરૂપતા અનુક્રમે
વિરતિભાવ અને અક્લેશભાવને વિકસાવે છે.
[1]જ્ઞાનમગ્ન, [2]નિર્મળભક્તિ, [3]સર્વવિરતિ તથા [4]સકલ ક્લેશમુક્તિ
- આ ચારેચાર કારણો એક સાથે કાર્ય કરે અને ચારે
દ્વારા અનુક્રમે પહેલાં સત્, પછી ચિત્, પછી આનંદ-
સ્વરૂપની પ્રાપ્તિ થાય. આ રીતે વિચારતાં આ ચારેચાર
કારણોથી અનુક્રમે સત્, ચિત્ અને આનંદસ્વરૂપ
બ્રહ્માનુભૂતિનું અનિવાર્ય ફળ છે.

Being anxious solves no problem.

(૯૯) તત્ત્વવિચાર દ્વારા જ
માનવ પોતાની મુક્તિનું દ્વાર ખોલી શકશે.
મનુષ્ય પોતાને સ્વતંત્ર અને આઝાદ માનીને ફૂલાય છે,
પણ એનાં આચરણમાં એની સ્વતંત્રતા ભાગ્યે જ હોય.
ટૂંકમાં મનુષ્ય પરતંત્ર છે.
જો એ સ્વતંત્ર હોત તો દુઃખના ખાડામાં કદી ધકેલાત નહિ,
પરન્તુ સદા સુખનો જ અનુભવ કરતો હોત.
મનુષ્ય સ્વતંત્ર હોવાનું એક પણ ચિહ્ન વરતાતું નથી,
કારણકે દુઃખ લગાલગ સર્વવ્યાપી છે.
ધુમાડાથી જેમ અગ્નિ, મેલથી જેમ દર્પણ, પડદાથી જેમ ગર્ભ

તેમ સમ્યગ્બુદ્ધિ ઉત્પન્ન થતો, મીઠથી ભાઉઘર અને
મહાપાપી એવા કામ-ક્રોધરૂપી શત્રુથી જ઼ ઘેરાયેલો છે.
મોટા મોટા જ્ઞાનીઓનું જ્ઞાન પણ એનાથી ઘેરાય છે.
એ કદી તૃપ્ત ન થાય તેવી અગ્નિ છે.
વધુ લાકડાં નાંખવાથી અગ્નિ શમતો નથી પણ વધે છે,
તેમ ક્રોધથી ક્રોધ અને વૈરથી વેર વધે છે.

આ અનાદિ શત્રુનું ઘર
ઈંદ્રિયો, મન અને બુદ્ધિ છે.
એના આશ્રયથી જ્ઞાનને ઘેરી
તે શત્રુ મનુષ્યોને મોહમાં નાંખે છે.
'ઈંદ્રિયોના સંયમથી જ તે જીતાય છે'
એનો અર્થ છે કે:
જે મનુષ્યો સ્વતંત્રતાનો અનુભવ કરવા માંગતા હોય,
તેમણે ઈંદ્રિયોનો સંયમ કરીને કામ-ક્રોધની નાગચૂડમાંથી
મુક્ત થવું જોઈએ, એ જ પુરુષાર્થ છે. – શશીધર મહેતા

(૨૦) જે રીતે સુકાયા વિના જળબિંદુ ઊંચે ચઢતું નથી,
દટાયા વિના બીજ ઊગતું નથી અને
ટીપાયા વિના મૂલ્યવાન કુંભ ઘડાતો નથી,
એ રીતે દુઃખ એ બહુમૂલ્ય વિકાસ માટેનું મહારસાયણ છે.

દેહદૃષ્ટિ મનુષ્યને ચમાર બનાવે છે,
બ્રહ્મચિન્તન મનુષ્યને બ્રાહ્મણ બનાવે છે.

આત્મા અમર છે - ન જાયતે ન મ્રિયતે |

શરીર નાશવંત છે - અસ્થાંતં શરીરં |

આત્મ - રૂપ - સચ્ચિદાનન્દમય | 'વૈરાગ્યમેવાભયમ્ |'

આત્મશ્રદ્ધા અને આત્મસ્મૃતિ એ ભયનો પ્રતિકાર છે.

આત્મસાક્ષાત્કારનું પ્રથમ સાધન દેહાસક્તિનો ત્યાગ છે.

આ શરીર એ અમર આત્મસાધનાનું જ નાશવંત સાધન છે.

આત્મા એ ઉદયાસ્તના ચક્રથી પર છે.

ગાયનું દૂધ કૂતરાના ચામડામાં રાખવાથી અપવિત્ર થાય છે,
તેમ અનધિકારીને દાન આપવાની ક્રિયાનો નિષેધ કર્યો છે.

જગતની પરંપરા માનસિક છે, મનઃકલ્પિત છે.

મનથી કલ્પેલા રત્નમય મંદિર જેવા છે.

નિરાકાર, નિર્વિકાર, નિર્વિકલ્પ પરમતત્ત્વ -
જેને શાસ્ત્રો આત્મા, બ્રહ્મ, પરબ્રહ્મ, નિર્વાણ
Tao, god, Almighty, Allah વગેરે કહે છે,
તેમાં અનંત કોટિ બ્રહ્માંડ રહેલાં છે.

જીવન્મુક્ત અને વિદેહમુક્ત બંને બોધરૂપે એક જ છે.

ગઈકાલના દુરાચરણનો દોષ આજના સદાચરણથી ટળે.

ગત જન્મમાં કરેલાં કર્મોનું ફળ
આ જન્મના કરેલાં શુભ કર્મોથી નષ્ટ થઈ જાય છે.

મનુષ્યનું ચિત્ત બાળક જેવું છે.
તેને ધીમે ધીમે સમજાવીને સારે રસ્તે વાળવું જોઈએ.

સ્વસ્વરૂપના અનુસંધાન માટે ગુરુવચન તથા શાસ્ત્રોપદેશ
પર શ્રદ્ધા રાખી તે પ્રમાણે આચરણ કરવું જોઈએ.

સત્કર્મોથી પાપોનો ક્ષય થયા પછી જ
પ્રાણીની બુદ્ધિ પરમાર્થતત્ત્વના વિચારમાં પ્રવર્તે છે.

બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય પાસે પ્રશ્ન પૂછવો જોઈએ.

વિષયાસક્ત મનુષ્ય બ્રહ્મજ્ઞાનનો અધિકારી નથી.

સફેદ વસ્ત્રમાં કેસરી રંગ અલ્પ સમયમાં જ લાગી જાય છે.

સત્સંગથી મન ઉર્ધ્વગામી થાય છે.

વિવેક, વિચાર, સત્સંગ અને સંતોષ -
આ ચાર મોક્ષના દ્વારપાળ છે.

સ્વરૂપનું જ્ઞાન નથી, ત્યાં સુધી
મનુષ્ય પ્રકૃતિ, શરીર અને મનનો દાસ છે તથા
ત્યાં સુધી સંસારવૃક્ષ તેને આપત્તિઓનું મૂળ જણાય છે.
આત્માનુસંધાન થયા બાદ આ સંસાર તેને ભ્રમણનું નહિ
પણ રમવાનું સ્થાન તથા ક્રીડા - લીલાનું ચિત્ર દેખાય છે.

આત્મા સર્વત્ર, સર્વની પર, સર્વની અંદર, સર્વરૂપે છે,
અને સનાતન છે.

આની અનુભૂતિ કરવી એ જીવનનું લક્ષ્ય છે.
તદનુસાર આચાર અને વિચાર દ્વારા જ
આત્માનું સાક્ષાત્ જ્ઞાન મેળવી શકાય છે.
આત્મબોધનો સંબંધ થતાં જ ચિત્તવૃત્તિઓ દ્રવિત થઈ
જાય છે અને ચિત્ત પોતે સત્યનું રૂપ ધારણ કરે છે.

– વશિષ્ઠનો રામને ઉપદેશ

મંગલ + આચરણ = મંગલાચરણ = શુભ આચરણ.
ઈશ્વરસ્મરણ એ મંગલાચરણ છે.

मंगलादीनि, मंगलमध्यानि,
मंगलांतानि शास्त्राणि प्रथन्ते ।

નમસ્કારાત્મક, આશીર્વાદાત્મક, નામનિર્દેશાત્મક મંગલ
એ ગ્રન્થની આદિ, મધ્ય, અંતમાં કરવામાં આવે છે.
ગુણાધિકને નમસ્કાર, દુઃખાધિકને આશીર્વાદ.

(૨૧) ईश्वरानुग्रहादेव पुंसामद्वैतवासना ।
महद्भयपरित्राणाद्विप्राणामुपजायते ॥१॥
मुक्तिमिच्छसि चेत्तात! विषयान् विषवत् त्यज ।
क्षमाऽऽर्जवदयातोषसत्यं पीयूषवद्भज ॥१॥ (परिशिष्ट-३)

વિવેકબુદ્ધિ એટલે નિર્ણય કરનારી શક્તિ.

સંયમ માટે નિશ્ચય જોઈએ, નિશ્ચય માટે વ્રત જોઈએ.

વ્રતનો સંબંધ પુણ્ય-પાપ સાથે નહિ, સંયમ સાથે છે.

વ્રત કરવાથી આસક્તિ ઘટે છે.

મનને પોતાનું કરવું હોય તો તેના પર કાબૂ જોઈએ.

મન ઉપર કાબૂ સંયમથી - વ્રતથી આવે છે.

ઈંદ્રિય - મન - પ્રાણ અને બુદ્ધિને
સુધારવા કે બગાડવા તે આપણા હાથની વાત છે.

સુંદરતા કપડામાં નહિ પણ સદ્ગુણમાં છે.

કપડાં સ્વચ્છ જોઈએ તો મન ગંદુ કેમ ચાલે?

'દયા' એટલે સહાનુભૂતિ - સમભાવ.

ધર્મનો વિચાર ગ્રન્થોમાં છે, મહાપુરુષોના ચરિત્રમાં છે,
તેથી શું? આપણા જીવનમાં તે હોવો જોઈએ.

उपकारः परो धर्मः, परोऽर्थः कर्मनैपुण्यम् ।
पात्रे दानं परः कामः, परो मोक्षो वितृष्णता ॥ (परिशिष्ट-४)

તન મટકી મન દહીં હૈ, સુરત બિલોવનહાર,
કબીર માખન ખા ગયા, છાછ પિયે સંસાર.

ષડ્દર્શનોના સિદ્ધાંત
એકબીજાથી ભિન્ન હોઈને પણ એકબીજાના પૂરક છે.

અજ્ઞાનપાશથી બદ્ધ તે પશુ,

તે બંધનને કાપવામાં તત્પર તે વીર અને

અજ્ઞાનરજ્જુને કાપી ઉપાસ્ય દેવમાં

પોતાની સત્તાને લીન કરી ચૂકનાર તે દિવ્ય.

મન, બ્રહ્મ (કાળ), ધ્વનિ, વિદ્યુત, મેઘ, હંસ (સૂર્ય).

नाभिदेशो स्थितो नित्ये भास्करो दहनात्मकः ।

બ્રહ્મ ઉપરથી 'બ્રાહ્મણ' શબ્દ આવ્યો છે.

એક ભાગ બ્રહ્મ, ત્રણ ભાગ દેવ (દિવ્ય).

બ્રહ્માધાન એટલે બ્રહ્મ ઉપર આધાન એટલે કાળ.

શૂન્ય = not nothing but whole.

બ્રહ્મ અને ધ્યાનનો સંબંધ

દેખતી-વિચારતી કે તન્મય થતી વખતે બ્રહ્મ રોકાય છે,

તથા દૃક્‌શક્તિ અને ક્રિયાશક્તિ વિકસે છે.

ક્રિયાશક્તિનું બીજું નામ ઐશ્વર્ય છે.

કાર્ય પરતંત્રતત્ત્વ છે. તેના 3 ભેદ: વિદ્યા, કલા, પશુ.

વિદ્યાના બે પ્રકાર - બોધ સ્વભાવ, અબોધ સ્વભાવ.

ચેતનાધીન અચેતન તત્ત્વ તે કલા - તે કાર્યકારણાત્મિકા.

પાંચ ભૂત અને રૂપ - રસાદિ તન્માત્રા તે કાર્ય છે.

૧૦ ઇંદ્રિય, 3 અંતઃકરણ, ૧3 વસ્તુ કારણાત્મક છે.

પરમેશ્વર નિમિત્ત કારણ છે.

વાક્ અને અર્થની જેમ અર્ધનારી નટેશ્વર નિત્યયુક્ત છે.

आगच्छन्ति बुद्धिमारोहन्ति यस्माद्
अभ्युदय - निःश्रेयसोपायाः स आगमः । (પરિશિષ્ટ-૫)

વેદ એ નિગમ છે,
તેમાં કર્મ, ઉપાસના અને જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે.
તેના સાધનભૂત ઉપાયો આગમોમાં સ્પષ્ટ કર્યા છે.

ભાવ વિનાની પૂજા નિરર્થક છે.

સુષુમ્ણા માર્ગથી મનરૂપી સુચા વડે આત્મારૂપી અગ્નિમાં ધર્માધર્મરૂપી હવનને અર્પિત કરવામાં આવે છે. દેવતાનું ધ્યાન અને પછી ભાવાત્મક એકતા સાધવામાં આવે છે.

ભાવમાંથી ભાવાતીતમાં જવાનું છે.

અદ્વૈતભાવથી શક્તિયુક્ત મનને બ્રહ્મમાં સ્થિર કરે છે.

દ્વૈત ભાવના નરકનું કારણ છે.

ભક્તિની પરિભાષા : ભવદુઃખનું શમન કરે
અને મોક્ષસુખનો લાભ કરે તે.

વ્યોમપંચકથી સ્રવિત સુધા તે 'સુરા',
ચિત્તનું પરમાં લીન થવું તે 'માંસભક્ષણ',
પરાશક્તિની સાથે આત્માનું મિલન તે 'મૈથુન' તથા
તેનાથી ઉત્પન્ન થતો આનંદ તે વાસ્તવિક આનંદ,
તે બ્રહ્મસ્વરૂપ છે.

आनन्दं ब्रह्मणो रूपं तच्च देहे व्यवस्थितम्।
तस्याभिव्यंजको रासो रसिकस्तत्परायणः ॥१॥

આનંદરૂપ રસની અભિવ્યક્તિ તે રાસ,
રાસમાં તત્પર વ્યક્તિ તે રસિક.

रसो वै सः। रसः सच्चिदानंदलक्षणं शक्तिः
शिवैक्यरूपं, तस्य विलासो रासः।
अनिर्वचनीय - लीला - चमत्कृतिः।

રસ એટલે બ્રહ્માનંદ છે અને એનો વિલાસ તે રાસ છે.
ગોપી = પરાશક્તિ, ગોપાલ = શિવ.
ભગવાન ઉપેય અને ભગવાન ઉપાય.
ઉપાય - ઉપેય બંને એક જ છે.
શક્તિ એ કાલથી સ્વતંત્ર માટે નિત્ય,
દેશથી અવિભાજ્ય માટે વ્યાપિની,
આકારરહિત માટે પૂર્ણા, ગાયકોની રક્ષિકા માટે ગાયત્રી,
જગતને પોતામાં સંકુચિત કરનારી માટે કુંડલિની,
જગતને બધાથી ભક્તિ થનારી માટે
લક્ષ્મી, પ્રકૃતિ, શિવા, મોહિની, તારા, ઈડા, રતિ, સરસ્વતી,
વૈષ્ણવી ઇત્યાદિ નામવાળી બ્રહ્મથી અભિન્ન હોવાથી
બ્રહ્મ પણ શક્તિયુક્ત છે.

ષડ્ગુણયુક્ત હોવાથી ભગવાન,
ભૂતવાસી હોવાથી વાસુદેવ,
સમસ્ત આત્માઓથી શ્રેષ્ઠ માટે પરમાત્મા.
પરમાત્મા, અનંત, અચ્યુત, અચિન્ત્ય,
હિરણ્યગર્ભ, શિવ ઈત્યાદિ નામો બ્રહ્મના જ છે.
પ્રાકૃત ગુણોથી હીન માટે નિર્ગુણ અને
ષડ્ગુણોથી યુક્ત માટે સગુણ.
સંસારવ્યાપાર ચલાવનાર છ ગુણ છે:
જ્ઞાન, શક્તિ, ઐશ્વર્ય, બળ, વીર્ય અને તેજ.
અવાઙ્મનસગોચર એવા આ દુઃખદ સંસારથી જીવને
મુક્ત કરવાનું મુખ્ય સાધન એક ભક્તિ છે.
ભક્તિથી ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.
અનુગ્રહ પ્રાપ્ત કરવાનો પ્રધાન ઉપાય શરણાગતિ છે.
નિર્ભયભાવથી પ્રાર્થના કરવી કે:
હું અપરાધોનો આલય છું, અકિંચન અને નિરાશ્રય છું.
એથી હે ભગવન્! હું કેવળ આપને શરણે આવ્યો છું.
બ્રહ્મભાવાપત્તિ = મોક્ષ.
ભગવાનની માયાથી જીવ બંધનમાં પડે છે અને
ભગવત્ કૃપાથી જ જીવ મુક્ત થાય છે.

o ભગવાનની માયા એટલે અવિદ્યાદિ ક્લેશ,
જ્યારે તેમાં આત્મતત્ત્વની શક્તિ ભળે છે,
ત્યારે જ તે ક્લેશાદિત્યાદિ શક્તિયુક્ત થાય છે.

બ્રહ્મા ૪ સગુણ સ્વરૂપ

વિષ્ણુ = શુદ્ધ સત્ત્વાવચ્છિન્ન ચૈતન્યસ્થિતિ - પાલન નિમિત્ત.
બ્રહ્મા = રજોમિશ્ર સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય - ઉત્પત્તિ નિમિત્ત.
રુદ્ર = તમોમિશ્ર સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય - સંહાર નિમિત્ત.
પુરુષ = ઉક્ત ભાવયુક્ત રજ - તમ મિશ્ર સત્ત્વાવચ્છિન્ન.
ચૈતન્ય સ્થિતિ - ઉપાદાન.

o ભક્તિના બે પ્રકાર છે:
સાધનરૂપ અને સાધ્યરૂપ.
શ્રવણ - કીર્તનાદિ સાધનરૂપ છે અને
પ્રેમમયી - મધુર ફળરૂપ ભક્તિ એ સાધ્યરૂપ છે.
श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥१॥

o સત્ = કાર્યાત્મક સ્થૂળભાવ.
અસત્ = કારણાત્મક સૂક્ષ્મભાવ.

o

Earth has no sorrow that
heaven cannot heal.

## ૪ નિક્ષેપે નવધા ભક્તિ

(૧) નામનું શ્રવણ - કીર્તન - સ્મરણ.
(૨) સ્થાપનાનું અર્ચન - વંદન - પાદસેવન.
(3) દ્રવ્યનું દાસ્ય - સખ્ય.
(૪) ભાવનું આત્મનિવેદન, સર્વનું ફૂલ મધુર પરિણમન.

अजातपक्षा इव मातरं खगाः
स्तन्यं यथा वत्सतरा क्षुधार्ताः ।
प्रियं प्रियेव व्युषितं विषण्णा
मनोऽरविन्दाक्ष ! दिदृक्षते त्वाम् ॥१॥ (परिशिष्ट-६)

વરપૂજા સાથે આરાધ્યદેવની પૂજા ભક્તિનો પ્રારંભ છે.
રામ એ કેવળ દશરથના પુત્ર જ નહિ પણ
સંસારના રોમરોમમાં રમવાવાળો રામ - આત્મા છે.
યોગને 'આત્મરતિ' પણ કહે છે.
સંપૂર્ણ આત્મસમર્પણ તે આત્મરતિનો અર્થ છે.
સમાધિથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે.
સત્યને પ્રાપ્ત કરવાના બે ઉપાય છે:
એક યોગજ સમાધિ અને બીજો મંત્રસાધન.
સવિગ્રહ યોગમાં ભૃકુટિ પર ધ્યાન કેન્દ્રિત કરાય છે, પછી
ચક્રોનું ધ્યાન કરવાથી અંતમાં બ્રહ્મરંધ્ર ખુલી જાય છે.

નિષ્કલ યોગમાં 'શુદ્ધ સત્તા' પર ધ્યાન કેન્દ્રિત કરાય છે.
તેના ફલરૂપે આત્મા અને બ્રહ્મમાં અભેદ સ્થાપિત કરાય છે.

નાડીઓનું કેન્દ્રસ્થાન નાભિચક્ર છે.

બાર આરાથી તે આવૃત્ત છે, અહીં પાંચરાત્ર ફરે છે.
શૈવ અને શાક્તમાં કુંડલિનીનું સ્થાન મૂલાધાર ચક્ર છે.
બ્રહ્મશક્તિ જાળના તથા જીવાત્મા કરોળિયાના સ્થાને છે.

જીવાત્મા બ્રહ્મરૂપી જાળમાં ભ્રમણ કરે છે.

प्राणारूढः भवेज्जीवः सर्वदेहेषु सर्वदा ।
प्राणारूढो भवेज्जीवश्चक्रेऽस्मिन् भ्रमते सदा ।
ऊर्णनाभिर्यथा तन्तुपंजरान्तर्व्यवस्थितः ॥ (પરિશિષ્ટ-૭)

ભક્તિમાર્ગમાં પથપ્રદર્શક સ્વયં ભગવાન છે.

સનાતન ધર્મનું મૂળ સર્વ જીવો ઉપર દયા, સત્ય,
કરુણા, તપસ્યા, બ્રહ્મચર્ય, નિર્લોભતા, અક્રોધ ઇત્યાદિ છે.

धर्मार्थकाममोक्षाणामारोग्यं मूलकारणम् ।
संसारस्य पारं दत्तेऽसौ पारदः । અર્થાત્:
ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થ સેવવાનું
મૂળ કારણ આરોગ્ય છે. સંસારથી પાર પમાડે તે પારદ.

સ્ફોટરૂપ શબ્દ એ જ સત્યભૂત પદાર્થ છે,
જગત આ સ્ફોટનો જ એક વિવર્તમાત્ર છે,

ચાર વાણીમાં પશ્યંતી વાક્ પરબ્રહ્મ સ્વરૂપિણી છે.
શિવ અને શક્તિ, ઇન્દ્ર અને શચી, કૃષ્ણ અને ગોપી,
રામ અને સીતા, વિષ્ણુ અને લક્ષ્મી - એ બધાં
પુરુષ અને પ્રકૃતિનાં રૂપ આ રૂપકો છે. મન, વાણી,
ચિત્તાદિ પર ક્રમશઃ વિજય પ્રાપ્ત કરી પિંડવિજય દ્વારા
મુક્તિ પ્રાપ્ત થાય છે. - છાંદોગ્યોપનિષદ્

પ્રત્યેક વ્યક્તિ સ્ત્રી છે, પુરુષ કેવળ કૃષ્ણ છે.

સૂર્ય - સાવિત્રી, ચિત્ત = ચૈતન્ય લપન,

શબ્દ = સ્પંદન - નાદ - ધ્વનિ.

નાદની અભિવ્યક્તિ સ્પંદનના રૂપમાં થાય છે. ધ્વનિ કે
નાદ કુંડલિનીની સાથે સંપર્ક પામીને શક્તિશાળી બને છે.
તે પોતાની લયાવસ્થામાં (ધ્વન્યાત્મક નાદાંતમાં)
ચૈતન્યનો સાક્ષાત્કાર કરાવવામાં અત્યંત સહાયક બને છે.

મંત્રોની પાછળ છુપાયેલી શક્તિ
તે બ્રહ્મની જ અભિવ્યક્ત શક્તિ છે.
શક્તિ શબ્દાત્મક છે, શિવ અર્થાત્મક છે.
અવ્યક્ત સત્તા તે બ્રહ્મ અને વ્યક્ત સત્તા તે શક્તિ.
પ્રકાશ અને વિમર્શની સામ્યાવસ્થા તે અવ્યક્ત છે.
શિવ પ્રકાશરૂપ અને શક્તિ વિમર્શરૂપિણી છે.

અકાર - પશ્યન્તી - ઋગ્વેદ વાગ્રૂપ છે.
ઉકાર - મધ્યમા - યજુર્વેદ ભક્તિરૂપ છે.
મકાર - વૈખરી - સામવેદ કર્મરૂપ છે.
નાદાનુસંધાન = શબ્દનું ક્રમિક ઉચ્ચારણ.
સંપૂર્ણ વૃત્તિઓનો ક્ષય થયા પછી
જે સ્વરૂપ અવસ્થિત રહે છે, તે આત્મા છે.
યોગ દ્વારા આત્મા સ્વભાવથી પરિચિત થાય છે.
આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પરમાત્માસદૃશ
નિત્ય, શુદ્ધ, બુદ્ધ, નિર્બાધ અને મુક્ત છે.
જૈનયોગમાં સાધ્ય 'આત્મા' છે.
ધ્યાનયોગમાં વૈરાગ્ય દ્વારા સમાધિ પ્રાપ્ત કરાય છે
અને માનસિક વૃત્તિ - પ્રવાહને સમાપ્ત કરી
શુદ્ધ ચેતનાની પ્રાપ્તિ કરી શકાય છે (પૃ-૨૦૫).
જૈન મંત્રો ૐકારથી આરંભાય છે,
ૐકારથી નહિ તોય તે 'ૐાદિ' મત અંતર્ગત છે.
પિંડસ્થ ધ્યાનમાં ધ્યાનનું આલંબન પિંડની અંદર માન્યું છે.
પદસ્થ ધ્યાનમાં શબ્દબ્રહ્મના વર્ણો, પદ અને
વાક્ય ઉપર ધ્યાન કરાય છે.
શાક્ત લોક તેને 'શૈવમાતૃકા સાધના' કહે છે.

રૂપસ્થ ધ્યાનમાં 'અર્હત'ના આકારરૂપનું ધ્યાન - ચિંતન કરાય છે, વળી તે વડે તેમની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરાય. રૂપવર્જિત ધ્યાનમાં નિરાકારનું - નિર્ગુણનું ધ્યાન છે.

## તાંત્રિક બૌદ્ધ મત

(૧) બુદ્ધત્વ (૨) કાય સિદ્ધાન્ત (૩) શૂન્ય (૪) પંચસ્કંધ (૫) ધાતુ (૬) આયતન (૭) આર્યસત્ય (૮) નિર્વાણ.

ચિત્તનું શુદ્ધ તત્ત્વમાં સમાહિત થવું તે મંત્રચર્યા છે અને તત્ત્વનું મનન તે મંત્ર છે.

રાગાદિ બંધન થાય છે, તેથી રાગ પર (વીતરાગ પ્રત્યે) રાગ કરી, ક્રોધ પર ધર્મરૂપી ક્રોધ કરી અને મોહ પર સદ્ગુરુઓ ઉપર મોહ કરી વિજય પ્રાપ્ત કરવા કહ્યું છે.

ગુહ્ય = વાક્, કાયા, ચિત્ત.

સમાજ = ત્રણેની એકતા.

સાધનાનું મૂળ લક્ષ્ય જે વિરોધી શક્તિઓના વૈષમ્યને દૂર કરી સમતા લાવવા તે છે.

એ સમતા ઈડા - પિંગલા, સૂર્ય - ચંદ્ર, પ્રકૃતિ - પુરુષ, પ્રાણ-અપાન મધ્યે સ્થિત સુષુમ્ણા માર્ગાદિ મધ્યમાર્ગમાં છે.

મધ્યમમાર્ગ - પ્રજ્ઞાનાડીદિ

શૂન્ય પદવી અથવા અવધૂતીમાં પ્રવેશ પ્રાપ્ત કરાવવો.

ઈડા - પિંગળાના સમાગમસ્થાનની વાતને જ કુંડલિની શક્તિની જાગૃતિ થઈ, તે દ્વારા ષટ્ચક્રનું ભેદન કરી સહસ્રાર સ્થિત પરમ ચૈતન્યસ્વરૂપ શિવનું આલિંગન કરે છે. એને સહજાવસ્થા, નિર્વાણ, મહાસુખ, સહજ આદિ કહે છે.

o શૂન્યતાનો અર્થ સર્વશ્રેષ્ઠ જ્ઞાન - પ્રજ્ઞા.
કરુણાનો અર્થ જીવોનો ઉધ્ધાર કરવા માટેની દયા.
એ બે તત્ત્વનું મિલન એજ પરમ ગુરુતત્ત્વ છે.

o ત્રિવિષ્ટપ = તિબેટ.
કાશ્મીરથી તિબેટ સુધીનો ભાગ સ્વર્ગ ગણાય છે.
અનિશ્ચિત દશા એટલે ભૌતિકવાદી દશા.

o વ્યષ્ટિ સમષ્ટિની સાથે અભેદસિદ્ધિ અથવા જીવાત્માનો પરમાત્મા સાથે અભેદ સ્થાપિત કરવો તે તન્ત્રદર્શનનો મૂળ સિદ્ધાંત છે.

ઉપાસ્ય દેવ સાથે તાદાત્મ્ય સ્થાપિત કરવું કે:
'હું ઉપાસ્ય દેવનું પ્રતિમાન રૂપ છું' એ અદ્વૈત તરફ લઈ જનારી સાધનાત્મક સિદ્ધાંત, તે તંત્ર સિદ્ધાંત છે.

o જપયોગના સમર્થનાર્થે ગીતામાં ઉલ્લેખો મળે છે કે:
યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ । તથા ન મે ભક્તઃ પ્રણશ્યતિ ।
તથા પ્રલયકાળમાં સદ્ગતિનો હેતુ જપયજ્ઞને કહ્યો છે.

પ્રભુની આહ્લાદિની શક્તિ રાધારૂપે સ્વયં આરાધનરૂપા છે.

શંકરના ભક્તિપરક સ્તોત્રો એ
સાકાર પ્રેમના મૂર્તિમાન ચિત્રો છે.

શિવ - પ્રકાશ - અહં, શક્તિ - વિમર્શ - ઇદમ્.

શિવમાં શિવત્વ ચિદ્રૂપ છે, પરંતુ
તેમાં ચૈતન્યતાનું ભાન શક્તિના કારણે થાય છે.
શક્તિ વિના શિવ કેવળ શવ છે.
આત્મા શિવસ્વરૂપ છે અને
દર્શન - જ્ઞાનોપયોગ એ શક્તિરૂપ છે.

## શાક્તમતમાં 3 ભાવ

પશુભાવ, વીરભાવ, દિવ્યભાવમાં
બહિરાત્મા તે પશુ, અંતરાત્મા તે વીર, પરમાત્મા તે દિવ્ય છે.

## શાક્તમતના ૭ આચાર કોની માટે?

વેદાચાર, વૈષ્ણવાચાર, શૈવાચાર, દક્ષિણાચાર -
એ ચાર આચાર પશુભાવવાળા સાધકોને માટે છે,
વામાચાર અને સિદ્ધાંતાચાર વીરભાવવાળા માટે છે
અને કૌલાચાર એ દિવ્યભાવના સાધકો માટે છે.

अन्तः शाक्ताः बहिः शैवाः सभा मध्ये च वैष्णवाः ।
नानारूपधराः कौलाः विचरन्ति महीतले ॥ (परिशिष्ट-८)

## મદ્યાદિનું આધ્યાત્મિક અર્થઘટન

(૧) મદ્ય = બ્રહ્મરન્ધ્ર સ્થિત સહસ્રદલ કમળ,
તેમાંથી ઝરવાવાળો અમૃતરસ, તેનું પાન કરનાર મદ્યપ.

(૨) માંસ = પુણ્ય - પાપરૂપી પશુઓને
જે જ્ઞાનરૂપી ખડ્ગથી હણે છે અને
પોતાના ચિત્તને બ્રહ્મમાં લીન કરે છે, તે માંસાહારી છે.

(3) શ્વાસ - પ્રશ્વાસ એ મત્સ્ય છે.
કુંભક વડે સુષુમ્ણાના માર્ગમાં
જે પ્રાણવાયુનું સંચાલન કરે છે, તે મત્સ્ય ભક્ષક છે.

(૪) મુદ્રા = અસત્સંગનો ત્યાગ તે મુદ્રણ અને
સત્સંગતિનું સેવન તે મુદ્રા છે.

(૫) મૈથુન = સુષુમ્ણા અને પ્રાણના સમાગમને
તાંત્રિક ભાષામાં મૈથુન કહે છે.

સુષુમ્ણામાં પ્રાણવાયુને સ્થિર કરવાથી જે સુખ થાય,
તે સ્થૂલ મૈથુનસુખ કરતાં કરોડો ગણું અધિક છે.
તેને 'અ'કાર અને 'ર'કારનું મિથુન પણ કહે છે.

ο પરદ્રવ્યેષુ યોઽન્ધશ્ચ પરસ્ત્રીષુ નપુંસકઃ ।
પરાપવાદે યો મૂકઃ સર્વદા વિજિતેન્દ્રિયઃ ॥
તસ્યૈવ બ્રાહ્મણસ્યાસ્ય વામે સ્યાદધિકારિતા ॥

(પરિશિષ્ટ-૯)

શક્તિનો નિવાસ ચંચળ ચિત્તમાં છે અને
શિવનો નિવાસ શાંત ચિત્તમાં છે.

પ્રતિકૂળ વિષયોથી ઇંદ્રિયોને હટાવી લેવા માટે છે.

તંત્રનું સાધ્ય : કુંડલિનીશક્તિને સહસ્રારમાં શિવ સાથે
મિલન કરાવી સમરસતા પ્રાપ્ત કરાવવી તે છે.

નાથ સંપ્રદાય કથનીનો ઉપહાસ કરી કરણીને મહત્ત્વ દે છે.

રસસિદ્ધ દેહ અમર છે, દિવ્યદેહ વિનાશી છે.

દૃઢવિમર્શરૂપં શબ્દજ્ઞાનમાગમઃ ।
આ સમન્તાદર્થં ગમયતીતિ આગમઃ ।

શબ્દોની ઊંડી વિચારણા રૂપ આગમ છે.
ચારે બાજુથી અર્થનો બોધ કરાવે તે આગમ.

શબ્દ - બ્રહ્મ - પ્રણવ = ચમત્કાર પરિહીન બુદ્ધિ - વૃત્તિ.
રવિ = શાશ્વત તત્ત્વનો 'રવ' કરવાવાળો શબ્દ.

સર્વે વર્ણાત્મકા મન્ત્રાઃ તે ચ શક્ત્યાત્મકાઃ પ્રિયે ।
શક્તિસ્તુ માતૃકા જ્ઞેયા સા ચ જ્ઞેયા શિવાત્મિકા ॥૧॥
યા સા તુ માતૃકા દેવી પરતેજઃ સમન્વિતા । (પરિશિષ્ટ-૧૦)
તયા વ્યાપ્તમિદં વિશ્વં સબ્રહ્મભુવનાન્વિતમ્ ॥૨॥ ↑

જુદા જુદા સ્વરૂપે જે 'વર્ણ' કહેવાય છે,
તે જ વર્ણમાળાના રૂપમાં 'માતૃકા' કહેવાય છે.

અકારથી ક્ષકાર પર્યંત બિંદુયુક્ત માતૃકાને
'સર્વસાતાકરી વિદ્યા' પણ કહે છે અને
તેને 'ફલરાશિ' પણ કહે છે.

अ कण्ठादि क्षान्ताः सर्वे वर्णाः
बिन्दुसहिताः मातृका सर्वसाताकरी । - परशुरामकल्प

સંપૂર્ણ વર્ણમાલારૂપ માતૃકા પ્રણવથી ઉત્પન્ન થાય છે,
તેથી ઓંકારનું એક નામ 'માતૃકાસૂઃ।' પણ છે.
વર્ણમાલા, અક્ષમાલા અથવા માતૃકાને તો
મહાયોગી પુરુષો જ શિવ પણ જાણે છે.

वैखरी = विखरे शरीरे भवत्वात् वैखरी पदाभिधेया ।
वै=निश्चयेन, ख=कर्णविवरं, राति=गच्छतीति वैखरी ।
प्राणेन विखराख्येन प्रेरिता वैखरी,
विखर वाङ्नुन्नोति वा ।
विशेषेण खरः कठिनः तस्येदं
वैखरीसैव रूप यस्याः सा वैखरी ।
मध्यमा सूक्ष्मा मातृका मध्यमा-
धिकारिणः पूजोपकरणम् ।
कारणकार्यबिन्द्वात्मिका परा-पश्यन्ती-
रूपा सूक्ष्मतरा मातृकोत्तमाधिकारिणः ।

(પરિશિષ્ટ-૧૧)

મધ્યમાને નાદમયી યા બિન્દુમયી પણ કહે છે. તેમાં
પ્રકાશાંશને 'જ્યેષ્ઠા' અને વિમર્શાંશને 'જ્ઞાનશક્તિ' કહે છે
અથવા મધ્યમાને નાદ (ધ્વનિ) તથા પશ્યન્તીને બિંદુ કહે છે.

સૂક્ષ્મમધ્યમા એ પ્રકરણના નાદથી યુક્ત છે.
સ્થૂળમધ્યમા એ વર્ણાત્મક તથા ભૂતલિપિ સ્વરૂપ છે.
આ નાદ યોગીઓ જ સાંભળી શકે છે,
સામાન્ય જન તેને સાંભળી શકતાં નથી.
સમાધિના બળથી તે અનુભવમાં આવે છે.
પરાની જેમ તે અત્યંત સૂક્ષ્મ નથી અને
વૈખરીની જેમ તે અત્યંત સ્થૂળ નથી,
તેથી તેને 'મધ્યમા' કહે છે.

પશ્યન્તી વાણી ઈશ્વરતત્ત્વ છે, તેને 'કાર્યબિંદુ' પણ કહે છે.
કારણબિંદુ સ્વરૂપ શબ્દબ્રહ્મ જ્યારે
પવન પ્રેરિત થઈને નાભિદેશની પ્રાપ્તિ કરે છે અને
ત્યાં વિમર્શાત્મક મનથી યુક્ત થાય છે,
ત્યારે તેને સામાન્ય સ્પંદ પ્રકાશરૂપ
કાર્યબિંદુમય 'પશ્યંતીવાણી'ના નામથી ઓળખાય છે. તેમાં
પ્રકાશાંશને 'વામા' તથા વિમર્શાંશને 'ઇચ્છા' શક્તિ કહે છે.
'પૂર્ણત્વાત્ પરા ।' સમસ્ત પદાર્થોનું કથન કરે છે, માટે

વાક્ - ઇંદ્રિય વૃત્તિઓથી હીન, દેશ અને કાલકૃત
અવચ્છેદથી શૂન્ય, ક્રમાત્મક સંસારથી રહિત, એથી જ
ગ્રાહ્ય અને ગ્રાહકસ્વરૂપ આકારથી વર્જિત પશ્યંતીની
પરાકાષ્ઠા તે પરા - પરમાર્થ અને પરબ્રહ્મસ્વરૂપ છે.
દેશકાલથી અવિશિષ્ટ આ વાણી સ્વતઃ સિદ્ધ મહાસત્તા છે,
તે વાણી પરમેષ્ઠિ અને પરમ શિવ છે તથા
પરમ મંત્રાત્મક વિમર્શરૂપ હૃદય છે.
વિમર્શને છોડીને મંત્રનું બીજું કોઈ રૂપ છે નહિ.
આ જ મંત્રોની માતા પરાવાક્ સંસારનો સાર છે,
તેને 'માલિની શક્તિ' પણ કહે છે.
તેને 'તુરીયતત્ત્વ' અને 'અવ્યક્ત શબ્દ' પણ કહે છે.
કારણબિંદુ એ જગતરૂપ અંકુર માટે કંદ સ્વરૂપ છે.
તે સ્વ - પ્રતિષ્ઠિત અને નિઃસ્પન્દ છે. ઇચ્છા,
જ્ઞાન અને ક્રિયા આદી ત્રણેની સમષ્ટિરૂપથી વિદ્યમાન છે.
પ્રકાશાંશને 'અંબિકા' અને વિમર્શાંશને 'શાન્તા' કહે છે.
સત્વ, રજ અને તમ એ ક્રમશઃ
જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાના પ્રતીક છે.
તે શુદ્ધ પ્રકૃતિમાં ઇચ્છાદિ શક્તિરૂપે વિદ્યમાન છે.
બ્રહ્મ શબ્દરૂપથી શક્તિ અને અર્થરૂપથી શક્તિમાન છે.

શબ્દબ્રહ્મને સ્વપરપ્રણવ તથા અર્થબ્રહ્મને પરપ્રણવ કહે છે.

પરબ્રહ્મ - પરમશિવ - ચિતિતત્ત્વ એક જ છે.

वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥१॥

रघुवंश-१-१ (પરિશિષ્ટ-૧૨)

वेदैश्च सर्वैरहमेव वेद्यः । સર્વ વેદો વડે હું જ વેદ્ય છું.

સર્વ પ્રાણીઓનો પ્રાણ પ્રણવ છે.

प्रणवः प्राणिनां प्राणो जीवनं संप्रतिष्ठितम् ।
गृह्णाति प्रणवः सर्वकलाभिः कलयान्चिद्धवत् ॥१॥

સ્મૃતિ: પ્રણવ દ્વારા જ જીવન પ્રતિષ્ઠિત છે.

અકારથી લઈને ઉન્મના સુધીની ૧૨ કલાઓથી આ ૐકાર
પૃથ્વીથી લઈને શિવપર્યંત સમસ્ત તત્ત્વોને પ્રકાશિત કરે છે.
સમના પર્યંત પાશ - જાલનો વિસ્તાર છે અને
ઉન્મના મોક્ષપ્રાપ્તિનું દ્વાર છે. કાલનો સૂક્ષ્મ અંશ લવ છે.
કમલપત્રોને સોયથી ભેદતી વખતે
એક પત્રને છેદવામાં જેટલો કાલ લાગે, તે લવ છે.
લવને એક માત્રા ઉચ્ચારણકાલ કહ્યો છે.
બિંદુના ઉચ્ચારણકાલમાં ૧૨૮ લવ, અર્ધચંદ્ર ૬૪,
રોધિની ૩૨, નાદ ૧૬, નાદાન્ત ૮, શક્તિ ૪, વ્યાપિકા ૨
અને સમના ૧ છે, ઉન્મના કાલાતીત છે.

મૂલાધારમાં અગ્નિ કુંડલિની, હૃદયમાં સૂર્ય કુંડલિની અને
ભ્રૂમધ્યમાં સોમ કુંડલિનીના સ્થાન છે.

મંત્રાણાં માતૃભૂતા ચ, માતૃકા પરમેશ્વરી ।

<u>શબ્દાનુવેધ વિના કોઈ પ્રત્યય આ લોકનો સંભવ નથી.</u>

અજ્ઞાત ક્રિયાત્મક માતૃકાશક્તિ બંધનનું કારણ છે અને
જ્ઞાત થવાથી તે જ મુક્તિ - ભુક્તિનું કારણ બને છે.

મનના આલયમાં સકલ અસકલ છે.

નિદિધ્યાસનના આલયમાં દર્શન પણ અદર્શન છે.

વર્ણો પોતાના સ્વરૂપને નિદિધ્યાસન કરાવણ
વ્યક્તિની સાથે અભિવ્યક્ત કરે છે.

એથી સિદ્ધ થાય છે કે વર્ણો ઉપરાંત વર્ણોથી
અતિરિક્ત એક અખંડ વાક્સત્તા વિદ્યમાન છે.

જપરસને 'ફલરસ' પણ કહે છે.

મંત્રોનો વિનિયોગ વિવિધ પ્રાપ્તિઓ માટે
તથા અભ્યુદય નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે થાય છે.

વર્ણ અથવા વર્ણસમૂહનું મંત્રત્વ, એમાં નિહિત
નિગૂઢ ચેતનાને જાગ્રત કરવામાં છે. એ માટે નિરંતર
નાદાનુસંધાન, સતત જપનું અનુષ્ઠાન કે શ્રદ્ધાપૂર્વક
દેવતાના સ્વરૂપ પર મનને નિરંતર સ્થિર કરાય છે.

અગ્નિતત્ત્વ પ્રકાશિત થઈને સાધકમાં ચૈતન્ય ઉત્પન્ન કરે છે,
વાયુતત્ત્વ તેમાં બળનું પ્રતિષ્ઠાન કરે છે,
આકાશતત્ત્વ મંત્રપૂર્તિ કરે છે.

મંત્રોનો અચિન્ત્ય પ્રભાવ ચિત્તને મંત્રરૂપ બનાવે છે.
ચિત્તં મંત્રઃ = મંત્રાકાર ચિત્ત થયે સિદ્ધિકાળ નિશ્ચિત થાય.

વાચ્યવિશ્વમાં શિવની પ્રધાનતા છે અને
વાચકવિશ્વમાં શક્તિની પ્રધાનતા છે.

શબ્દને 'શક્તિ' કહે છે અને અર્થને 'શિવ' કહે છે.
ષડધ્વના છ નામ છે : (૧) વર્ણ (૩) મંત્ર (૫) તત્ત્વ
(૨) પદ (૪) કલા (૬) ભુવન. એ વિશ્વના માતાપિતા છે.

| વાચક | વાચ્ય |
|---|---|
| (૧) ક વર્ગ | પાંચ ભૂત |
| (૨) ચ વર્ગ | પાંચ તન્માત્રા |
| (૩) ટ વર્ગ | પાંચ કર્મેન્દ્રિય |
| (૪) ત વર્ગ | પાંચ જ્ઞાનેન્દ્રિય |
| (૫) પ વર્ગ | મન, અહંકાર, બુદ્ધિ, પ્રકૃતિ, પુરુષ |
| (૬) ય વર્ગ | રાગ - વિદ્યા - કલા - માયા |
| (૭) શ વર્ગ | મહામાયા, શુદ્ધવિદ્યા, ઈશ્વર |
| ક્ષ વર્ગ | સદાશિવ |
| (૮) સ્વરવર્ગ - શિવ | |

एको नादात्मको वर्णः सर्ववर्णाविभागवान् ।
सोऽनस्तमितरूपत्वात् अनाहत इहोदितः ॥१॥

હૃદયદેશમાં સર્વ વર્ણોના અવિભાગાત્મક એક અખંડ વર્ણ
સતત ઉચ્ચરિત થાય છે, તેને 'અનાહત' કહે છે.
એ નાદાત્મક વર્ણ સદા ઉદિત રહે છે, કદી અસ્ત થતો નથી.
એને ભૈરવ સદ્ભાવ, માતૃ સદ્ભાવ અને પરાભટ્ટારિકા
દેવી કહે છે, જેમાં સંપૂર્ણ ચરાચર જગત લીન રહે છે.
અહંરૂપ અદ્વૈતતત્ત્વ છે, તે પ્રકાશની આત્મવિશ્રાન્તિ છે.
હૃદયદેશમાં અકાર - દ્વાદશાંતમાં હકારનો ઉદય થાય છે.

मनन - त्राण - धर्माणो मंत्राः ।

પરનાદ એ પરશક્તિનો વૈભવ છે.

આ પ્રસ્ફુરણનું પરામર્શ તે મનન છે. સંકોચમય અપૂર્ણ
ભેદાત્મક સંસારના પ્રશમનને રક્ષા અથવા ત્રાણ કહે છે.

पूर्णाहन्तानुसन्धानात्म स्फूर्जन्मननधर्मतः ।
संसारक्षयकृत् त्राण - धर्मतो मन्त्र उच्यते ॥१॥

સૌભાગ્ય ભાસ્કર, પૃ-૫૨ (પરિશિષ્ટ-૧૩)

સ્વાતંત્ર્યાત્મક (ચિતિ) સ્વરૂપના સંકોચની દશા એ ચિત્ત
અને વિકલ્પની અવસ્થા એ ચિતિ છે. મંત્ર એ ગરૂડવાસ્થ
અને પરમ તત્ત્વની ઉપલબ્ધિનું મુખ્ય સાધન છે.

शब्दब्रह्मस्वरूपेदं शब्दातीतं तु जायते ।
શબ્દબ્રહ્મ સ્વરૂપ વર્ણમાતૃકા
શબ્દાતીત સ્વરૂપે જાપ કરાય છે.

मननमयी निजविभवे निजसंकोचमये त्राणमयी ।
कवलितविश्वविकल्पा अनुभूतिः काऽपि मंत्रशब्दार्थः ॥
– મહાર્થમંજરી (૪૮) (પરિશિષ્ટ-૧૪)

અનુભૂતિ અથવા સંકોચમય ભેદાત્મક સંસારના
પ્રશમનને 'રક્ષા' અથવા 'ત્રાણ' કહે છે.
કેવળ ઉચ્ચારણમાત્ર વર્ણોને મંત્ર ન કહેતાં
મનનાત્મક વર્ણોને 'મંત્ર' કહે છે.
મંત્રયોગ એ શબ્દબ્રહ્મને સમજવાનો પુરુષાર્થ છે.
સ્થૂળદશાના સ્થાને સૂક્ષ્મ દશાની પ્રતિક્રિયા છે.
ભક્તિ એ રૂક્ષતાના સ્થાને સ્નેહને અને
ઉત્સાહહીનતાના સ્થાનમાં શૌર્યને પ્રકટાવે છે.
બ્રહ્મ શૂન્ય છે. શૂન્ય જગદાત્મરૂપમાં પરિણામ પામે છે.
શૂન્ય રાજાને સ્થાને છે, તેના અનેક શત્રુ છે.
તે નરકમાં ગરી ગયો છે, બહાર આવવા પ્રયત્ન કરે છે,
પરન્તુ તેનો વિરોધ થાય છે.
૬ ચક્ર, ૫૦ અક્ષર અને ૭૨ નાડીઓ તેના રક્ષક છે.

તે શૂન્યનો લોક ચૌદ રાજલોકની બહુ ઉપર છે.

શૂન્યના ઉપાસક

બાહ્ય ધ્યાન, ધારણા, ન્યાસ, મુદ્રાદિનો વિરોધ કરે છે.

એનો મૂળ ઉપદેશ એ છે કે

ત્રિકુટિમાં ધ્યાન લગાવો અને શૂન્યમાત્રને જાણો.

પિંડમાં સ્થિત ગુપ્ત વૃન્દાવનની ઉપાસના એમનું ધ્યેય છે.

શૂન્યનું બીજું નામ 'નિરંજન' છે.

શૂન્યની અનિર્વચનીય સત્તાના કેન્દ્રમાં નિરંજન રહે છે.

સંત સંપ્રદાય અનુભૂતિ ઉપર અવલંબિત છે,

તેઓ શબ્દપ્રામાણ્યને સ્વીકારતા નથી,

તેમણે અર્ચન વિધિઓ ઉપર ભાર ન આપતાં

ભજન - ભાવ ઉપર અધિક ભાર આપ્યો છે.

દાસ્ય ભક્તિમાં શરણાગતિનો ભાવ સ્વીકાર્યો છે.

નિકૃષ્ટ પ્રાકૃત ગુણોથી રહિત માટે નિર્ગુણત્વ અને

દિવ્ય ગુણોના કારણે સગુણત્વ સિદ્ધ થાય છે.

અનન્ય ભક્તિ અને પ્રપત્તિને મોક્ષનો અવ્યવહિત

ઉપાય માન્યો છે. સૂક્ષ્મતા વધે, તેમ તેમ તત્ત્વનો સ્પર્શ

થતો જાય છે. નિર્ગુણ ભક્તિ રાજયોગ લક્ષિત છે

અને સગુણ ભક્તિ ભાવરૂપા તથા રસરૂપા છે.

જ્ઞાનના સ્થાને ભગવત્કૃપા અને
યોગના સ્થાને વિરતિ - વિવેકને મુખ્ય ગણેલ છે.
શૂન્ય = પ્રલય - શક્તિમાન.
કરુણા = ઉપાય - શક્તિ.
અનિર્વચનીય તત્ત્વ પ્રભાવનું મૂળ કારણ છે.
વૃત્તિપ્રવાહરહિત ચેતનાનું નામ 'આત્મા' છે.
નિષ્પ્રપંચ - વિકલ્પપ્રપંચરહિત બ્રહ્મ
ક્ષણક્ષણ પરિવર્તિત ચેતના એ બૌદ્ધમત છે.
પ્રપંચરહિત ચેતના એ 'સહજ' છે. સહજ - સ્વયંભૂ
અર્થાત્ ચિતિશક્તિ અથવા 'અપ્રતિહત રૂપથી સ્ફુરણ'.
Creative energy
નિર્બાધ રૂપે વ્યક્ત હોવાથી સહજ અને સ્વયંભૂ છે.
સ્વયં વિકલ્પરહિત છતાં સ્વસંવેદ્ય છે.
વિકલ્પરહિત સ્થિતિ એ જ વાસ્તવિક જ્ઞાન છે.
તેની પ્રાપ્તિ માટે નાદાનુસંધાન એ ઉપાય છે.
સદ્ગુરુની કરુણાથી તે સાધ્ય છે.
સહજ અર્થાત્ તત્ત્વની સાથે એકતા.
સહજ એ સરોવર છે અને પ્રેમ એ તરંગ છે.
પ્રાતિભજ્ઞાનનો ઉદય થવાથી
ઐન્દ્રિયક જ્ઞાન તત્ત્વજ્ઞાનમાં સહાયક થાય છે.

અંતર્લક્ષ્ય, બહિર્દૃષ્ટિ એનો અર્થ છે. એને સુરતિ તથા
સુરતા અને અવિનાશી શબ્દની એકતા પણ કહે છે.
સત્યવિજ્ઞાન, પરિચય, પરચા, પરિચાન અભિપ્રેત છે.

વૈરાગ્ય એ રાગને ફક્ત સંયમિત કરે છે,
રાગનો નાશ એનો હેતુ છે નહિ.

સાંપ્રતિક સત્યનો અર્થ પૂર્વજન્મ સંચિત સંસ્કારોના
કારણે વિજ્ઞાનમાં રહેલ વિભિન્ન રૂપોનું પ્રક્ષેપણ.

સૃષ્ટિ સંબંધી કલ્પનાઓ સાધના સમયે
સ્વતઃ સ્ફુરિત અનુભૂતિઓ માત્ર છે.

દેવ - દેવતાઓની કલ્પના
વિવિધ માનસિક સ્થિતિઓનું માનવીકરણ છે.
એને 'ચિત્ત પરામર્શ' પણ કહેવાય. ચિત્તનો નાશ
થતાં જ પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે.

નાદાનુસંધાન દ્વારા અનાહત નાદની ખોજ
એ સંત સાધનાનો મુખ્ય વિષય છે.

ઓંકારરૂપ જગતની ઉત્પત્તિ અને
અનાહતની બંસરી તે ગગનમાં વ્યાપ્ત થયેલ છે.

અધિકારીભેદથી જન સામાન્યની સાધના માટે
વિવિધ કલ્પનાઓની આવશ્યકતા રહે છે.

## ધ્યાનને માટે આવશ્યક છ સાધનાઓ

1 ભુવન, 2 વિગ્રહ, 3 જ્યોતિ, 4 આકાશ, 5 શબ્દ અને 6 મંત્ર.

નિરંજન = પરબ્રહ્મ, પારમાર્થિક સત્તા.

આંતરિક ગુરુ સદા આત્મા તે સદ્ગુરુ છે,
બાહ્ય ગુરુ જે ઉપદેશ કરીને સત્ય તરફ ઉન્મુખ બનાવે,
તે નરદેહધારી ઈશ્વર છે.

ગુરુ દર્પણની જેમ સ્વ સ્વરૂપને પ્રકટ કરી આપે છે.
પથભ્રષ્ટને પણ સન્માર્ગગામી અને અંતર્મુખી બનાવે છે.
ગુરુકૃપા વિના સંસાર સમુદ્ધાર અસંભવ છે.

### સદ્ગુરુ કોણ ?

જે વાસ્તવિક પ્રેમનો પ્યાલો પોતે પીએ અને
શિષ્યને પાય છે, જે નામને આપે છે,
અનાહતનાદને સાંભળવાની યોગ્યતા ઉત્પન્ન કરી શકે છે
અને શબ્દમાં સુરતિ લગાવી શકે છે, તે સદ્ગુરુ છે.
અનુગ્રહશક્તિ, યોગશક્તિ, નામશક્તિથી યુક્ત અને
ભક્તિભાવથી ઓતપ્રોત વ્યક્તિ ગુરુ પદ વાચ્ય છે.
સાધક બે પ્રકારના છે: ગુરુમુખ તથા મનમુખ.
ગુરુ: ગુ = અંધકાર, રુ = પ્રકાશ અથવા છેદન.
અંધકારનું છેદન કરે, તે ગુરુ.

શિષ્યમાં આધ્યાત્મિક શક્તિ જાગ્રત કરે તે દીક્ષાગુરુ છે.
શૈવાગમો પ્રાણોનો અર્થ આત્માનો સ્પન્દ કરે છે.

૦ હ કારેણ બહિર્યાતિ સ કારેણ વિશેત્પુનઃ ।
હંસ હં સોઽહં મંત્રં જીવો જપતિ સર્વદા ॥

કુંડલિનીને જાગ્રત કરી પ્રાણવાયુને સુષુમ્ણામાં લઈ
જવાની વિધિથી અનાહતનું શ્રવણ સુલભ બને છે.
પ્રાણ અને મન આ નાદમાં લય પામે છે.

પ્રેમભાવના વધારી ભાવાવેશની સ્થિતિમાં જવ તથા
ઈશ્વરની એકતા સિદ્ધ કરવી, તે સૂફી સિદ્ધાંત છે.
ઈશ્વર પ્રત્યે માધુર્ય ભાવના, અનંત શક્તિ કે જે
સકલ સૌંદર્યની ઝલક છે, તેને જોઈને મંત્રમુગ્ધ થવું,
તે તેની ઉપાસના છે.

ફના થવું = ઈચ્છાઓનો નાશ કરવો અને પછી
બ્રહ્મની ઉન્મુખ થવું અને પૂર્ણ ઐક્ય સિદ્ધ કરવું.
દિવ્યસત્તા દૃશ્ય અને દૃષ્ટા ઉભયરૂપે છે.

બ્રહ્મ અનંત સૌંદર્યનો પુંજ છે અને
જીવ અનન્ત પ્રેમનું પૂતળું છે.
સૌંદર્યને શોધતો સદા પ્રેમી
પોતાની પ્રેયસીમાં લીન થઈ જવા ચાહે છે.

માનવપ્રકૃતિ રાગાનુરાગી છે, વિરાગાનુરાગી નહિ.
તેથી ભક્તોએ રાગાત્મિકા ભક્તિને વિકસાવી છે.
જગતના ભ્રમનું નિવારણ કરવા માટે
કેવળ ભગવાનની કૃપા જ સહાયક બની શકે છે.
માયા નર્તકી છે અને ભક્તિ ભગવાનની પટરાણી છે.
ભક્તિમાર્ગને અપનાવનારની આગળ
માયારૂપી નર્તકી ટકી શકતી નથી.
તુલસીદાસજીનું આમ કહેવું છે કે:
ઈશ્વર અંશ જીવ અવિનાશી,
ચેતન અમલ સહજ સુખરાશી;
સો માયા બસ ભયઉ ગુંસાઈ,
બાંધ્યો કીર મરકટકી નાઈ... (૧)
ભક્તિ અનપાયિની છે અને
તેના અધિકારી સાધનહીન ભક્તો પણ છે.
ભગવાનથી સ્નેહ કોઈપણ વ્યક્તિ કરી શકે છે.
જ્ઞાન અને યોગ તેમાં સહાયક છે.
માયા પણ ભગવાનને આધીન હોવાથી જો જીવ પર
ભગવાનની કૃપા ઉતરે, ત્યારે માયા દૂર ખસી જાય,
કેમકે તેને જગતનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

જ્ઞાની એ ભગવાનનો મોટો દીકરો છે તથા
ભક્ત એ તેનો નાનો બાળક છે, તેથી તેના રક્ષણ માટે
ભગવાન સ્વયં પ્રયત્નશીલ રહે છે.

માયા સ્વયં સ્ત્રી છે, તેથી
તેનો પ્રભાવ જ્ઞાનરૂપી પુરુષ ઉપર પડે છે પણ
ભક્તિરૂપી સ્ત્રી ઉપર પડી શકતો નથી.

નામને આધીન રૂપ છે. નામી એ નામનો સેવક છે.
નામજપથી દેવતા નામનું અનુસરણ કરે છે.

નામ અને રૂપ અનિર્વચનીય તત્ત્વ છે,
સાધનાથી જ તે સ્પષ્ટ થાય છે.

કોઈપણ રૂપ નામ વિના નથી ઓળખાતું, જ્યારે
રૂપ સન્મુખ ન હોય તો પણ નામસ્મરણ દ્વારા
પૂર્વ પરિચિત રૂપ સન્મુખ આવી જાય છે.

અંશ - અંશી ભાવ હોવાથી નામસ્મરણ દ્વારા તત્કાલ
પોતાના રૂપની પ્રતીતિ થવી એ એક સંભાવ્ય ઘટના છે.

ફળની પ્રાપ્તિનો આધાર સાધનાની ઉગ્રતા ઉપર છે,

નિર્ગુણબ્રહ્મ અને સગુણબ્રહ્મ વચ્ચે
નામ એ સાક્ષી અથવા તો દુભાષિયાનું કામ કરે છે.

રામ = મારા.

મંત્રસાધનાની દૃષ્ટિએ 'રામ' શબ્દમાં 'ર' અગ્નિબીજ, 'આ' સૂર્યબીજ અને 'મ' એ ચંદ્રબીજ કહેલ છે.

'રામ' મંત્ર એ બીજોનો સમૂહ છે.

ભગવત્ કૃપા થવાથી સાધન આવશ્યક રહી જાય છે અને જીવ પ્રભુઉન્મુખ બની જાય છે.

સંપૂર્ણ શક્તિઓની સ્વામિની રાધા - આરાધિકા છે.

સંધિની, સંવિત્, હ્લાદિની એ ત્રણ શક્તિઓ અનુક્રમે સત્, ચિત્ત અને આનંદની વાચક છે.

જીવશક્તિ પણ બે પ્રકારની છે:

એક સ્વરૂપશક્તિ (અંતરંગ શક્તિ) તથા બીજી માયા શક્તિ (બહિરંગ શક્તિ). આ બે તટસ્થ શક્તિ છે.

જીવને અણુસંજ્ઞા આપવાનું કારણ 'સ્વરૂપ વિસ્મૃતિ' છે.

જીવનો વૈભવ - પરાક્રમ આદિનું વર્ણન તંત્રોમાં છે પણ તેમાં પ્રેમમય - આનંદસ્વરૂપનું વર્ણન કર્યું નથી, તેને 'અણુભાષ્ય'માં વિકસાવ્યું છે.

ઈશ્વર કૃપા અને શક્તિપાત બે એક જ વસ્તુ છે.

જ્ઞાનપ્રાપ્તિ પછી જીવ અણુ મટી વિભુ બને છે.

अहं भक्ताधीनः। वशे कुर्वन्ति मां भक्तेत्यादि वाक्यैः।

– अणुभाष्य

ભગવાનના અનુગ્રહથી
અનુરાગરૂપી ભક્તિનો ઉદય થાય છે, તેથી જીવ
ભગવદાધીન થઈને સમસ્ત ક્લેશોથી મુક્ત થઈ જાય છે.
તંત્રકથિત રાગાનુગાનો વિષય તે વૈષ્ણવ મત છે.

અતઃ સ્વપરપ્રયોજનાભાવાત્ યદિ
સાધનનિરપેક્ષાં મુક્તિં ન પ્રયચ્છેત તદા
ભક્તિ-પ્રાદુર્ભાવ પ્રયોજનરહિતૈવ સ્યાત્ ।
- સુબોધિની (પરિશિષ્ટ-૧૫)

વૈષ્ણવ મતમાં બ્રહ્માનંદ અને ભજનાનંદ એક જ છે.
ભગવાન અંતર્યામી છે, તેથી ત્રિલિંગાથી અતીત છે.
કામપ્રવૃત્તિની સહજ વાસના
અબોધ વ્યક્તિને પોતાની તરફ તુરત ખેંચે છે.
પ્રભુ પરના સ્નેહથી સંસાર પ્રત્યેનો રાગ નાશ પામે છે.
દુઃખ એ સુખનો પ્રકાશ કરવા જ આવે છે.
સુખ - દુઃખ બંને જાણે જુદાજુદા છે,
એ બેની સમરસતાનો અનુભવ
એ જ વાસ્તવિક જીવનની ઝાંખી છે.
એના અભાવમાં ચારેકોરનો કોલાહલ છે.
સુખ - દુઃખમાં સમરસતા લાવવાથી કેવળ આનંદ રતિ

શિવનું સ્વરૂપ પ્રકૃતિ તાંડવ નૃત્ય નજરે પડે છે.
સામરસ્યતાનો પ્રચાર એ જ શાશ્વત આનંદનો માર્ગ છે.
શાસક - શાસિત, વ્યષ્ટિ - સમષ્ટિ, નર - નારી ઈત્યાદિની
જેમ વિરોધ વૃત્તિઓમાં પણ સામરસ્યની આવશ્યકતા છે.

સામરસ્યની સત્તામાં સદા આનંદ છે અને
એના અભાવમાં ભટકવાપણું છે.

ઈચ્છા (મન) જ્ઞાન (બુદ્ધિ) અને ક્રિયા (અહંકાર)માં
સામંજસ્ય - સામરસ્યતા કેળવવા જોઈએ. આ શક્તિઓના
સમન્વયથી અતીન્દ્રિય પ્રાતિભજ્ઞાનનો ઉદય થાય છે.
વૈષમ્યહીન - ભેદરહિત અવસ્થામાં આંતર-બાહ્ય સામંજસ્ય
સ્થાપિત કરવાથી શિવત્વના દર્શન થાય છે. પ્રાતિભજ્ઞાનનો
ઉદય આસક્તિ અને જડત્વ ઉભયનો નાશ કરે છે.
'આનંદસર્ગ'માં અહંનું ઈદંમાં પૂર્ણ પર્યવસાન થાય છે.

એ જ પ્રકૃતિ અને પુરુષનું સામરસ્ય છે.
જડ - ચેતનામાં સામરસ્યતા છે.
ત્યાં કોઈ શાપિત પણ નહિ અને પાપી પણ નહિ.
સમતલ વસુધામાં સામરસ્યનું સામ્રાજ્ય છે.
નિત્ય તૃપ્તિત્વ = રાગમાં સંકોચ.
વ્યાપકત્વ (અમર્યાદિત) = નિયતિમાં સંકોચ.
(નિયત - મર્યાદિત).

સર્વજ્ઞત્વ = વિદ્યામાં સંકોચ.
સર્વકર્તૃત્વ = કળામાં સંકોચ (આંશિક કર્તૃત્વ).
નિત્યત્વ = કાળમાં સંકોચ.
એ શિવનું સંકુચિત સ્વરૂપ જીવત્વ છે.

યશોધર મહેતા લખે છે કે: તા. 14/10/69

હિંદુઓએ મુસ્લિમના ગુણોનું જ ચિન્તન કરવું જોઈએ.
એમ કરવાથી એક નવું ચિત્ર ઊભું થશે.
મુસ્લિમની સચ્ચાઈ, દિલની મોટાઈ, મહોબ્બત, વફાદારી
આ બધી ગુણસમૃદ્ધિ નાની નથી.
મુસ્લિમે હિંદુઓના ગુણોનું જ ચિન્તન કરવું જોઈએ.
એમ કરવાથી એક નવું ચિત્ર ઊભું થશે.
હિંદુના હૃદયની કોમળતા, સહનશીલતા, શાંતિપ્રિયતા
આ બધી ગુણસમૃદ્ધિ નાની સૂની નથી.
ગુણો જોતાં આવડતું નથી અને દોષો જોતાં આવડે છે,
એ તમોગુણનું પરિણામ છે.
જ્યાં તમોગુણ આવે, ત્યાં ધર્મ રહે નહિ.

o

Mind makes real things. Mind is the perceptive and receptive quallities of soul.

સં. ૨૦૨૫, આસો સુ - ૨, રવિવાર, તા. ૧૨ ૧૦/૬૯

ઋત અને સત્ય વિષે

ઋતમાં 'ઋ' ધાતુ છે, જે ગતિ અર્થને સૂચવે છે.
સત્યમાં 'अस्' ધાતુ છે,
તે નિત્યત્વ, સનાતન અસ્તિત્વને સૂચવે છે.
ઋત એ ગતિ, વ્યવસ્થા, નિયમન કરનારું તત્ત્વ છે.
ભગવાન શબ્દમાં ભગ = ઐશ્વર્ય છ પ્રકારનું છે,
તેમાં ઋત અને સત્ય પણ 'ભગ' ગણાય છે.
જુદા જુદા નથી
એક જ પરમતત્ત્વના બે પાસાં આ રીતે જોયાં છે.
જે શાશ્વત, સનાતન, પરમ તત્ત્વ છે,
એજ તત્ત્વ આ દૃશ્ય જગતરૂપે વિલસે છે.
એમાં અંતર્યામીરૂપે રહીને તેને ગતિ આપે છે,
વ્યવસ્થા કરે છે અને તેમાં અવસ્થા પણ રાખે છે.

० सर्वस्य चाऽहं हृदि सन्निविष्टो,
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो,
वेदान्तकृद् वेदविदेव चाऽहम् ॥
- सप्तश्लोकी गीता, श्लोक - ६ (પરિશિષ્ટ-૧૬)

જૈન શાસ્ત્રોએ શુદ્ધ આત્માને અક્રિય માન્યો છે,
છતાં આત્મામાં અનંત ગુણો માન્યા છે,
એમાં એક વીર્યગુણ પણ છે.
વેદો માને છે કે ગતિ આપનાર પ્રકૃતિ
ક્રિયાશક્તિ પણ પરમાત્માનો મહિમા છે.
અંગ્રેજીમાં ફક્ત અસ્તિત્વને Being કહી શકાય, પરન્તુ
જે જગતને ગતિ આપે છે, નવાં નવાં રૂપ આપે છે
અને એને વ્યવસ્થિત રીતે ધારણા કરે છે,
એને becoming કહે છે.
આધુનિક તત્ત્વજ્ઞોએ એની ખૂબ ચર્ચા કરી છે.

- B. K. vaidya, jamnagar

Right Answer

He is worthy, He is useful,
He is good.
you don't have to learn to like
what he does or says: all you
have to do is learn to see the good,
(even just a tiny spark of it)
that he has within him.

If you know how to worry,
you know how to pray.
First requisite of worry is belief.
The only difference is in goal.
Both faith and fear are emotions.
each follows the appropriate mental
pictures almost automatically.
Put the same energy and the
same determination into your
faith that you have been putting
into your fear. The wisest thing
is to learn to live in
constant contact with the source.

o

નમસ્કાર મંત્રનું યથાર્થ ઉચ્ચારણ
ધ્યાનાત્મક અનંતાનંત પાપનો નાશ અને
મંગળનું આગમન સહજ બનાવી શકે છે.
જેમ પૂર્વ જમાનામાં વેદોક્ત મંત્રોના ઉચ્ચારણ માત્રથી
ઘણાં પરિવર્તન આવતાં, તેમ આજે પણ નમસ્કાર કે

તેના જ વિસ્તાર રૂપ સમગ્ર શ્રુતનાં વર્ણો કે
સૂત્રોનો ઉચ્ચાર માત્ર વિધિપૂર્વક યથાર્થપણે થાય તો તેથી
મંત્રોક્ત અર્થનું સર્જન - વિસર્જનાદિ આપોઆપ થાય.
સર્જન મંગળનું અને વિસર્જન પાપનું થાય છે.

આસો સુદ - ૭, શુક્રવાર

શ્રી ભાવદેવસૂરિ કૃત પાર્શ્વનાથ ચરિત્ર, अ-६, श्लो-१५४

यथा लक्षणशास्त्रेऽपि रूपे रूप प्रवेशनात् ।
एक शेषः स रूपाणां भवत्येकत्वसिद्धये ॥ (પરિશિષ્ટ-૧૭)

આ શ્લોક જગતમાં રહેલ અદ્વૈતની સિદ્ધિ કરે છે.

नातिरेकोऽस्ति लोके दानमेव महाधनम् ।
परार्थ एव हि स्वार्थो महतां येन कथ्यते ॥

પાઠાંતરે : नातिरेकोऽस्ति येषां दानमेव धनार्जनम् ।
परार्थ एव तु स्वार्थः क्रमेण हि समर्थता ॥१॥
- अ. ३, श्लो. ५६३ (પરિશિષ્ટ-૧૮)

આનંદસાધના (મરાઠી)ના લેખક શ્રી K.V. Belsare
પૂર્વ - પશ્ચિમ તત્ત્વજ્ઞાનના અને
અધ્યાત્મવિદ્યાના પ્રકાંડ વિદ્વાન છે સાથે
સાચા સાધક હોવાથી તેમની લેખિનીમાં
સરળતા અને સ્વાનુભવનો રણકો છે.

## વાસનાત્મક દેહ

આપણા સ્થૂળશરીરની આસપાસ વાસનાનો બનેલો એક
સૂક્ષ્મદેહ હોય છે, તે સ્થૂળદેહ સાથે સંલગ્ન હોય છે.
તે જન્મથી મરણપર્યંત સાથે જ રહે છે અને
વાસના તૃપ્ત કરવાના સાધન માટે તેને વાપરે છે.
તેનો આકાર સામાન્ય રીતે ઈંડા જેવો હોય છે,
તેથી તે નાનો, મોટો, લટકતો અને અસ્થિર દેખાય છે.
સ્થૂળદેહની નાભિ પાસે તે ગુંચવાયેલ રહે છે.
ગાઢ નિદ્રામાં, બેશુદ્ધિમાં, ધ્યાનાવસ્થામાં અને
મરણ સમયે સ્થૂળદેહમાંથી તે બહાર પડે છે.
પોતાની ઉપર પ્રેમ કરનાર કિંવા પોતાના
ઘેર ઉપર પ્રેમ કરનાર, તેમ જ એક જ દેવ ઉપર
અથવા સત્પુરુષ ઉપર પ્રેમ કરનાર સૂક્ષ્મ વાસનાત્મક
દેહ આપણા સૂક્ષ્મદેહ સાથે જોડાઈને રહે છે.
દા.ત. આપણે જે ભગવાનનું નામ અત્યંત પ્રેમથી
લઈએ, તે જ ભગવાન અને તેમના નામ ઉપર
પ્રેમ કરનારા સૂક્ષ્મ દેહો આપણી આસપાસ રહે છે
અને આપણું રક્ષણ કરે છે.
આપણા વિચારો ઉપર, વાસના ઉપર, ભાવના ઉપર
અને સંકલ્પો ઉપર તેની અસરો થાય છે.

વાસના કદાપિ સ્વસ્થ બેસતી નથી, દેહ દ્વારા
તૃપ્ત થવા માટે તેની હિલચાલ હંમેશા ચાલ્યા કરે છે.
પ્રથમ સૂક્ષ્મદેહમાં સ્પંદનરૂપે હિલચાલ થાય છે.
તે સ્પંદનને માનસિક વૃત્તિ ગ્રહણ કરી લે છે.

પ્રત્યેક વૃત્તિના ત્રણ અંગો હોય છે:
emotion, Intellect and Will.

(૧) અમુક વસ્તુ ભોગવવા મળે તો હું સુખી થઈશ,
એ ભાવનાનું અંગ (emotion) છે.

(૨) તે વસ્તુ મેળવવાના માર્ગ શોધવા,
એ બુદ્ધિનું અંગ (Intellect) છે.

(3) આપણાને શક્તિ લગાડી તે માર્ગે જવા ઉદ્યુક્ત થવું,
એ સંકલ્પનું અંગ (Will) છે.

વિવેક પોતાને માટે લખે છે કે
મારી વાસના દેહની આસપાસ ઘૂંટાતી હતી, તેથી
મારી બધી વૃત્તિ દેહ સંબંધી થતી. તેને વાળીને મારે
સદ્ગુરુની આસપાસ ફરવાનો નિયમ સાધવો હતો.
વૃત્તિનું રૂપ લઈને દોડતો વાસનાનો પ્રવાહ
રોકવો કે વાળવો એ સરળ કાર્ય નથી.
તે માટે મહાન શક્તિ આવશ્યક છે.

મારામાં તે બળ નહોતું, તેથી 'હું તેમનો છું'
એવું જ્ઞાન મારામાં સ્થિર થતું નહિ. તે બળ કયું?

(૧) દેહાનંદ ભોગવવા શરીરબળ જોઈએ.
(૨) જ્ઞાનાનંદ ભોગવવા બુદ્ધિબળ જોઈએ.
(૩) કલાનંદ ભોગવવા ભાવનાબળ જોઈએ.
(૪) સમૃદ્ધિ ભોગવવા સંકલ્પબળ જોઈએ.
(૫) સ્વાનંદ - ભાગવતાનંદ ભોગવવા આત્મબળ જોઈએ.

આત્મશક્તિનો વિકાસ કરવાનો જે અભ્યાસ,
તેને 'આનંદસાધના' કહી છે.

વાસ્તવિક રીતે વિશ્વમાં સર્વત્ર શક્તિ જ કામ કરે છે.
અચેતન સૃષ્ટિમાં તે
પ્રકાશ, ધ્વનિ, ઉષ્ણતા, વિજળીરૂપે વ્યવહાર થાય છે.
સચેતન સૃષ્ટિમાં જીવોનું રૂપ લઈને તે જ શક્તિ
અનંત પ્રાણીના અનંત પ્રકારના જન્મ, પાલન, પોષણ
કરે છે અને અંતે મરણને સ્વાધીન પણ કરે છે.
પ્રત્યેક મનુષ્યની અંદર અંતર્યામી રૂપે તે જ શક્તિ
વાસનાનું રૂપ લઈ પ્રચંડ પ્રમાણમાં ગર્ભિત રીતે પડી છે.
મનુષ્યના શરીરમાં આ એક જ શક્તિ એક પ્રકારમાંથી
બીજા પ્રકારમાં અહોરાત્રિ રૂપાંતર પામી રહી છે.

જે રીતે હવા, પાણી, પ્રકાશ, ઉષ્ણતા અને અન્નાદિ
તે તે જીવોમાં રસ, રુધિર, માંસ, અસ્થિ, મજ્જાદિરૂપે
રૂપાંતર પામે છે, તે જ રીતે આપણે જે જોઈએ છીએ,
સાંભળીએ છીએ, વાંચીએ છીએ કે અનુભવીએ છીએ,
તે એક બાજુ આપણી બુદ્ધિમાં પ્રવેશે છે અને
ત્યાં તેનું રૂપાંતર પામીને વિચારરૂપ બને છે તથા
બીજી બાજુ આપણી ભાવનામાં પ્રવેશતા ત્યાં
હર્ષ-ખેદ, રાગ-દ્વેષ, ભય-પ્રેમ વગેરે રૂપે રૂપાંતર પામે છે.
આ રીતે મનુષ્ય સરળ વ્યવસ્થિતપણે
ચાલનારું શક્તિનું એક કારણનું જ કાર્યવાદ.
શક્તિનું રૂપ જેટલું સૂક્ષ્મ તેટલું તે અધિક બળવાન,
ટકાઉ, વ્યાપક અને ચિરપરિણામકારક હોય છે એટલે
કે વીજળી સૌ કરતાં શ્રેષ્ઠ, પ્રાણ તેનાથી શ્રેષ્ઠ,
પ્રાણ કરતાં ભાવના શ્રેષ્ઠ,
ભાવના કરતાં વિચાર શ્રેષ્ઠ,
વિચાર કરતાં વાસના શ્રેષ્ઠ અને વાસનામાંથી
શ્રદ્ધા કે નિષ્ઠા નિષ્પન્ન થાય છે એટલે
શ્રદ્ધા એ શક્તિનું અત્યંત સૂક્ષ્મ અને
વિલક્ષણ પ્રભાવવાળું સ્વરૂપ સમજવું.

'જગતમાં બધે આનંદશક્તિની જ ખોજ ચાલ્યા કરે છે.
આ જ તેની માયા છે. મૂળમાં તે આનંદસ્વરૂપ છે, પરંતુ
વિશ્વમાં ખોજ ખેલવા માટે અજ્ઞાન - અવિદ્યાને તે
ધારણ કરે છે. તે બધામાં અમૃતાનુભવનો સાક્ષાત્કાર કરો.'
ગીતા, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, ભાગવતાદિનો અને પાશ્ચાત્ય
સંતો અને તત્ત્વજ્ઞાનીઓ તથા માનસશાસ્ત્રીઓ અને
ખગોળશાસ્ત્રીઓનો તલસ્પર્શી સાક્ષાત્કાર કરવાના પરિણામે
સદ્ગુરુ તરફથી એકદા સ્વપ્નમાં મળેલ સૂચનનો સાર
ઉપરના એક વાક્યમાં છે. - આનંદસાધના

o

God himself is the fulfillment or the substance which fills full of every desire. This divine energy is the substance, the real thing that stands under or within the visible or unreal of all things.

How do we get holiness?
Not by outside work of purifying ourselves but by turning to the Holy Spirit within.

o Let us prove Him.
Commune with your own heart
upon your bed and be still.
Be still & know. Be still and trust.
Be still and expect. My soul, wait
thou in silence for God only.
Nothing is real expect the eternal.
Divine working depends on trusting &
trusting means getting still inside.
Withholding makes us poorer.
Be still, Let go.

o When = કાળ, Where = ક્ષેત્ર,
How = ઢબ - કરણી - ક્રિયાત્મક વ્યવસ્થા,
Why = આધાર - હેતુ - પ્રયોજન - તાર્કિક વ્યવસ્થા,
What = સ્વરૂપ - પરિમાણ વ્યવસ્થા.

o man's extremity is God's
opportunity. My power is made
perfect in weakness.
When I (the mortal) am weak,

then I (the Divine) am strong.
Jehovah = the invisible presence.
Take refuge in Him & be secure.

૦ ૨૪ સ્વપ્નને ૨૪ પૂર્ણ કરી શકાય.

૦ ધરણેન્દ્ર = સૂર્ય નાડી, પદ્માવતી = ચંદ્ર નાડી,
પાર્શ્વનાથ = સુષુમ્ણા નાડી.
ચંદેસુ નિમ્મલયરા = ચંદ્ર નાડી,
આઇચ્ચેસુ અહિયં પયાસયરા = સૂર્ય નાડી,
સાગરવર ગંભીરા = સુષુમ્ણા નાડી.
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ = સિદ્ધ એવા કુંડલિની મને
સિદ્ધિને આપો.

૦ દુનિયા આખી પોતાની પાસે જે નથી,
એનો વલોપાત કરે છે, નરી ભાગભાગી કર્યે જાય છે.
સરવાળો કરવા બેઠું જે ઘણું હાથવગું છે,
એની સામે તો નજર સુદ્ધાં આપણે કરતા નથી.
કુદરતે આપણને જે સરસ આંખો,
હાથ, પગ, મગજ, તંદુરસ્તી - કેટલું બધું આપ્યું છે?
ઘણા અંધ છે, પંગુ છે, પાગલ છે, બિમાર છે,

એ બધાને મુકાબલે આપણે કેટલા સુખી છીએ,
એ રીતે કદી વિચાર્યું છે ?
જિંદગી ખૂબ જીવવા જેવી છે.

દુઃખનો અનુભવ તો પારસમણિ જેવો છે. એના સ્પર્શે જ તો સુખની કદર કરવાની સૂઝ સૌને સાંપડી શકે છે.

દુઃખ નહિ હોય તો ઝઝૂમશું શેની સામે ?
અને એવા ઝંઝાવાતોનો સામનો કરવા માટે
દીન-દુઃખિયાની દવા મેળવવા પ્રયત્ન પણ કરશે કોણ?

બીજું દુઃખ અનુભવવાની આંતર નજરમાંથી આપણાં નાનાં નાનાં સુખની કદર કરવાની વૃત્તિ કેળવાય છે, એમાંથી આપણા દુભાયેલાં ભાંડુઓની દવા મેળવવાની દૃષ્ટિ સાંપડે અને એ દવાની મૂડી આપણને ન્યાલ કરી દે છે.

દીન - દુઃખિયાની દવા જેવું અમોઘ શસ્ત્ર
આ દુનિયામાં બીજું એક પણ નથી, એથી
દુઃખને જોવાની અને જીરવવાની બંને દૃષ્ટિ સાંપડે છે.

- Rasik Zaveri

o ભગવાનનો એક અંશ મનુષ્ય માત્રમાં હોય છે. ભગવાનનો અંશ એટલે ગુણ. આપણા બધામાં જ એકાદ ગુણ હોય છે અને બાકી અનંત દોષ હોય છે.

દોષ દેહ સાથે જોડાયેલા છે.

દેહ જવાનો છે, તેના સાથે દોષ પણ ચાલ્યા જશે.

આત્મા કાયમ રહેવાનો છે અને

ગુણ આત્મામાં રહે છે, તેથી ગુણ શાશ્વત રહેશે.

चेतोऽप्यचलं चंचलतां विमोच्य
संकोच्य पंचाऽपि समं समीरान् ।
पश्यन्ति यन्मूर्ध्नि शाश्वतश्रि
सारस्वतं ज्योतिरुपास्महे तत् ॥१॥
ज्योतिस्तडिद्दण्डवती सुषुम्णा-
कादंबिनी मूर्ध्नि यदाऽभ्युदेति ।
विशारदानां रसनाप्रणाली
तदा कवित्वामृतमुद्गृणाति ॥२॥

सिद्ध सारस्वताचार्य बालचंद्रसूरि,
वसंतविलास, श्लो - १, सर्ग - १ (परिशिष्ट-१९)

o સુખ - દુઃખ, રાગ-દ્વેષ અને જ્ઞાન - દર્શન
એમ ત્રણ પ્રકારની ચેતના છે,
તેમાં જ્ઞાન ચેતનારૂપ જ્ઞાન - દર્શન ગુણ વડે
કર્મચેતના રૂપ રાગ-દ્વેષને જીતી શકાય.
'સુખ - દુઃખ એ કર્મફળ ચેતનારૂપ છે'

એ વિચારને મુખ્ય બનાવવાથી રાગ-દ્વેષના સ્થાને
સાતાભાવ - દ્રષ્ટાભાવ સ્થિર કરી શકાય છે.
એ ભાવ આત્મધર્મરૂપ હોવાથી
ક્ષણવારમાં અસંખ્ય કર્મોનો ક્ષય કરે છે.
ગમે તે પરિસ્થિતિમાં શ્રદ્ધાના કેન્દ્રને છોડવું ન જોઈએ.
શ્રદ્ધાનું ક્ષેત્ર અપરિમિત અને અનંત છે,
જ્યારે તર્ક - યુક્તિ - પ્રયુક્તિઓ તો અધવચ્ચે જ
પાણીમાં બેસી જાય છે અને
વ્યક્તિને ભવમાં નાંખી માર્ગભ્રષ્ટ પણ કરે છે.
બાકી બધી વાતો મૂકી શ્રદ્ધાના કેન્દ્રને લક્ષ્યમાં રાખજો.
તે વિશ્વના વિસંવાદથી જુદા જૂના છે.
એમાં આત્મિક વિચારણા અને આરાધના એજ
જીવનની ઉત્ક્રાંતિમાં ઉપયોગી છે.
સરળતા, નમ્રતા, ભદ્રિકતા, અકષાય વૃત્તિ,
ગુણગ્રાહકતા તેમ જ અવિવાદભાવે તાત્વિક ચિન્તન.
આ વસ્તુઓ જીવનને પવિત્ર - નિર્લેપ બનાવનાર છે.
બાકી આપણે કોઈએ પણ લેશમાત્ર પણ
બીજા કશા ય વિચારો કરવાના રહેતા નથી.
જયન્તુ વીતરાગાઃ ।

## ૧૨ અંગનું છે જુદું માહાત્મ્ય

અંતરિક્ષમાં જે ૧૨ રાશિ, જન્મકુંડળીમાં ૧૨ સ્થાનો છે,
તેના જેવા જ ગુહ્ય સ્થાનો મનુષ્યના શરીરમાં છે.
દરેક ગણધર ભગવંતો ત્રિપદી સાંભળવાની સાથે જ
દ્વાદશાંગીની રચના અંતર્મુહૂર્તમાં કરે છે,
તે પાછળ એક સાંકેતિક ભાષાનો પ્રયોગ લાગે છે.
વસ્તુમાત્રનો ઉત્પાદાદિ ત્રિસ્વભાવ અંતઃકરણમાં
સ્પર્શતાંની સાથે જ પોતામાં રહેલી બારે પ્રકારની
શક્તિઓ પ્રફુલ્લિત જાગ્રત થઈ જાય છે અને
એને જ દ્વાદશાંગીની રચના કહેવાનું તાત્પર્ય લાગે છે.
૧૨ શક્તિઓમાં શ્રદ્ધા = faith,
જ્ઞાન = understanding, ક્રિયા = Energy
- આ ત્રણ શક્તિઓ મુખ્ય છે અને
તેના મુખ્ય સ્થાન માનવદેહમાં ક્રમશઃ સહસ્રાર
અથવા આજ્ઞાચક્ર, અનાહતચક્ર અને મણિપુરચક્ર છે.
જે કોઈ શક્તિ પોતામાં નિર્બળ કે મંદ લાગે,
તેને પ્રબળ તથા બળવતી કરવા માટે શરીરના તે તે
સ્થાનોમાં ઉપયોગ મૂકી મંત્રાક્ષરોનો જાપ, ધ્યાન કે
ભાવનાદિ થાય, તો તે તે શક્તિઓ પ્રબળ બને.

સમવસરણમાં ૧૨ પર્ષદા, ૧૨ દરવાજા, અશોકવૃક્ષ ૧૨
ગુણું ઊંચુ, કાળચક્રના ૧૨ આરા, દિવસ-રાત્રિના ૧૨-૧૨
કલાક, ભાવચિકિત્સાના બધા રોગોના ઉપચાર માટે
૧૨ પ્રકારના ઔષધી, ૧૨ પ્રકારના તપ, વર્ષના ૧૨ માસ,
રામનો ૧૨ વર્ષનો વનવાસ, બારગાઉએ બોલી બદલાય,
આવી જુની કહેવત વગેરે વસ્તુનો વિચાર
૧૨ની સંખ્યાના મહત્વને સ્પષ્ટ કરે છે.

શ્રાવકોના વ્રતની સંખ્યા - ૧૨
ભિક્ષુની પડિમાની સંખ્યા - ૧૨
અરિહંતના ગુણોની સંખ્યા - ૧૨
નિર્જરા અને તપના પ્રકારો - ૧૨

જીવમાત્રમાં ૧૨ પ્રકારની શક્તિઓ પ્રચ્છન્નપણે રહેલી છે,
તેને પ્રગટાવવા, વિકસાવવા અને પૂર્ણતાએ પહોંચાડવા
માટે ૧૨ વ્રતો, ૧૨ પડિમાઓ અને ૧૨ પ્રકારના તપનું
યથાશક્તિ પાલન કરવું જરૂરી છે, વળી એ પાલન
કરવાની શક્તિ એ ૧૨ પ્રકારની શક્તિ બીજનામાં
પ્રકર્ષને પામેલી છે, એવા અરિહંત ભગવંતોના સ્મરણ
અને શરણાગતિથી જ પ્રાપ્ત થઈ શકે.
એ વિના કદાપિ તેવી શક્તિઓ ન મળી શકે.

यो यः स्याद्वादिनां दोषस्तस्य तस्य प्रतिक्रियाम् ।
चिन्तयेद् दोषमुक्तेषु यतिषु प्रमोदं व्रजन् ॥ (परिशिष्ट-२०)

દોષોથી મુક્ત અને ગુણોથી યુક્ત આત્માઓના ગુણો ઉપર પ્રમોદભાવ ધારણ કર્યા વિના સ્વદોષો દૂર થતાં નથી અને તે તે ગુણો તથા શક્તિઓ પ્રકટ થતી નથી, માટે પ્રમોદભાવ ધારણ કરવો જોઈએ, તેથી પ્રમાદભાવ દૂર થાય છે.

'જાર' સંખ્યાની માતૃકાશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં
'જા' એટલે માતા અને 'ર' એટલે પિતા.

એક માતાના વાત્સલ્યાદિ કોમળ ભાવોને તથા પિતાના આરક્ષકતાદિ ઉગ્ર ભાવોને વ્યક્ત કરે છે એટલે આ 'જાર' શબ્દમાં માતા-પિતાના ભાવો, ચંદ્ર-સૂર્યના ભાવો તથા મન અને આત્માના ભાવો પ્રકાશિત થાય છે.

ચંદ્ર સાથે 'મા' અક્ષર જોડાય છે,
જેમકે 'ચંદ્રમા' અને 'ર' એ અગ્નિબીજ છે,
એટલે તેમાં સૂર્ય કે પિતાના ભાવો પ્રકાશિત થાય છે.

જેમ 'નમો' પદમાં રહેલ બે અક્ષરો અનેક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે, તેમ '૧૨' સંખ્યામાં રહેલ બે અક્ષરો પણ પોતાનું મહત્ત્વ ધરાવે છે.

પ્રાકૃત વ્યાકરણમાં 'દ્વારાદેર્વા' એ સૂત્રથી
'દ્વારમ્' શબ્દનું પ્રાકૃતરૂપ 'બાર' થાય છે અર્થાત્
બારનો અર્થ દ્વાર, મોક્ષ કે ધર્મપ્રાસાદનું દ્વાર
એવો પણ થઈ શકે છે.
મોટા શહેરોના ફરતા કિલ્લાના દરવાજા 'બાર' હોય છે.
અમદાવાદમાં પણ બાર જ દરવાજા હોય છે.
નારી શરીરના બાર દ્વારો ઈત્યાદિ છે.
પુરુષદેહમાં પણ ૯ યા ૧૨ દ્વારો કહ્યાં છે.
બારની સંખ્યા 'દ્વાર' શબ્દનું અપભ્રંશ પણ બને છે.
બાર એટલે દ્વાર અને દ્વાર એટલે દરવાજો.
આત્માના દરબારમાં પ્રવેશ કરવાનો દરવાજો
તે બારની સંખ્યા છે, એવો અર્થ પણ કરી શકાય.
૧૨૦૦૦ નાડીમાં ૧૨ મુખ્ય નાડી - આમ અનેકમાં
૧૨ના અંકનું મહત્ત્વ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.
સાતની સંખ્યા પણ સંગીતના સાત સૂરની જેમ
તથા સૂર્યના સાત વર્ણની જેમ પોતામાં પરિપૂર્ણ છે.
કોના કેટલા વાર ? સાત વાર.

Pali, આસો સુ-૪

o

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

## ઘણા ઓષ્ઠ્ય વર્ગના વર્ણો - બોલવામાં સરળ

'નમસ'ની જેમ 'પાસ' શબ્દમાં પણ દંત્ય તથા ઓષ્ઠ્ય, એ બે વ્યંજન સાથે 'અ' વર્ણનાં જ બે સ્વરો આવેલ છે, તેથી તે બંને શબ્દોની ધ્વન્યાત્મક મંત્રશક્તિ કે ઉચ્ચારણ શક્તિ સમાન હોઈને તેનો પ્રભાવ પણ સમાન છે.

'પાર્શ્વ'નું જેમ પ્રાકૃતમાં 'પાસ' થાય, તેમ 'પારસ' રૂપ પણ બને છે. પારસ જેમ મણિરત્ન છે, તેમ પ્રાકૃત ભાષામાં 'પાસ'ના અનેક અર્થો થાય છે, જેમકે:

ત્રેવીસમા તીર્થંકર, પાર્શ્વ પ્રભુ, નિજાત્મા,
દૃષ્ટા - જોનાર, પ્રાસ, પાશ, પ્યાસ, સમીપ વગેરે.

અંગ્રેજી ભાષામાં પણ 'પાસ' શબ્દ નામ અને ધાતુરૂપે અનેક અર્થવાચક બને છે. પાસ = ટીકીટ, પાસપોર્ટ. To pass = પસાર થવું, પરીક્ષામાં ઉત્તીર્ણ થવું. એ રીતે 'બાર' શબ્દમાં 'બા' અક્ષર સૌમ્ય માતૃકાશક્તિ અને 'ર' અક્ષર ઉગ્ર પિતૃશક્તિ, અનલાત્મક ધ્વનિત થાય છે. અંકગણિતની દૃષ્ટિ 'ર'ને બે અને તે 'બા'ની પછી આવવાથી 'બા'ને બે વાર અર્થાત્ 'બાબા' સૂચક બને છે.

'બાબા' એ સાધુ - સંતોનું પણ સાંકેતિક નામ છે.

'બવરૈક્યં' એ સૂત્ર મુજબ બાવા, બાપા - એ અર્થમાં તે પિતૃવાચક પણ બને છે.

જગતમાં સૌ પ્રથમ કોઈ શબ્દ બોલતાં આવડતો હોય,
તો તે બા, મા, બાપા, મામાદિ ઓષ્ઠ્ય વર્ણના શબ્દો છે.
'બાર' શબ્દમાં અંકશાસ્ત્રની દૃષ્ટિએ
'ર'નો વિચાર કર્યો તેમ 'બા'નો વિચાર પણ કરીએ,
તો તે લગભગ ૯ ના આંકને બે રેખારૂપી
બે ઊભી લીટી કરવાથી આડા નવમાં બે ઉમેરાએ, તો
૧૧॥ (૧૨)ની સંખ્યા લગભગ થાય. બાયોકેમી કહે છે:
માનવદેહનું બંધારણ જ ૧૨ પ્રકારના ક્ષારોથી બનેલું છે,
જેમકે માનવદેહને બાળ્યા પછી તેના રાખનું
સંશોધન કરીને જે ૧૨ પ્રકારના ક્ષારો શોધ્યા,
તેમાંથી કોઈપણ ક્ષાર ઘટે તો તે રોગ આવે છે તથા
તે તે ક્ષાર આપવાથી તે તે રોગ મોટે ભાગે મટી જાય છે.
'Fill up a gap' એ તેમનો સિદ્ધાંત છે. એમ
ભૌતિક શરીર ૧૨ પ્રકારના ક્ષારોનું બનેલું છે, તેમ
માનવમન કે ચિત્ત ૧૨ પ્રકારની વૃત્તિઓ - શ્રદ્ધા, પ્રેમ
વગેરેથી ભરેલું છે. આત્મા પણ અપેક્ષાએ ૧૨ પ્રકારની
શક્તિઓથી ભરેલો છે. 'તીર્થ સ્થાપના' વખતે ત્રિપદી
પામીને ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે.
સમવસરણમાં ૧૨ પર્ષદા, ચૈત્યવૃક્ષ ૧૨ ગુણું ઊંચું, લગ્ન-

કુંડલીમાં ૧૨ ગ્રહસ્થાનો, ૧૨ રાશિઓ, શ્રાવકના ૧૨
વ્રતો, સાધુની ૧૨ પ્રતિમાઓ, ૧૨ દેવલોક, ૧૨ આરા,
૧૨ ભાવના, ચૌદ મહાવિદ્યામાં નિષ્ણાત થવા માટે ૧૨
વર્ષનો ઉદ્યમ, આચાર્યપદ માટે ૧૨ વર્ષનો સૂત્રસ્વાધ્યાય,
૧૨ વર્ષ અર્થચિંતન અને ૧૨ વર્ષનું પર્યટન,
દિવસ - રાત્રિના ૧૨ કલાક, વર્ષના ૧૨ માસ,
ઈસુના ૧૨ શિષ્યો તે ૧૨ પ્રકારની આધ્યાત્મિક
શક્તિના પ્રતીકો, સમવસરણના - શહેરના ૧૨ દરવાજાઓ,
એ રીતે ૧૨ની સંખ્યામાં સામુદાયિક કે વ્યક્તિગત ૧૨
નવકારનો જાપ, તેનું મહત્ત્વ ગૂઢાર્થસૂચક ગણાય.
પૂર્વે એક યા ત્રણ નવકાર ગણવાથી જે કાર્ય થતું,
તે હવે ૭ કે ૧૨ નવકાર ગણવાથી થઈ શકે.
૧૨ અંકની જેમ ૩ - ૫ - ૭ આદિ અંક પણ ગણિત
શાસ્ત્રની દૃષ્ટિએ પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે.
સમગ્ર વિશ્વ જેમ સત્તાત્મક છે અને
સત્તા જેમ દ્રવ્ય - ગુણ - પર્યાયાત્મક છે, તેમ
ધ્વન્યાત્મક, શબ્દાત્મક, અક્ષરાત્મક, ગત્યાત્મક, નામ-
રૂપાત્મક, પ્રકાશાત્મક, અંકાત્મક તથા તરંગાત્મક પણ છે.
સ્યાદ્વાદના વિચારથી બધાનો સમન્વય સાધી શકાય છે.

Pali, 8-11-69

નમો નમઃ

- આસો સુદ ૧૩, *Pindwada*

માનવજાતના જન્મતાંની સાથે જ પ્રથમ જે શબ્દો
બોલે, તે બા, મા, પા ઈત્યાદિ ઔષ્ઠ્ય વ્યંજનો હોય છે.
ૐકારની જોડ આ વર્ણો પણ સ્વાભાવિક બોલાય છે.

ર વ્યંજન અગ્નિ ઉત્પાદક.

'બા' અને 'ર' એ બંને વર્ણો મળીને
જળ અને અગ્નિ, શીતળતા અને ઉષ્ણતા,
મા સાથે બાપની જોડ તુષ્ટિ - પુષ્ટિ કરે છે.

અનિત્યત્વાદિ ભાવનાઓ પણ
૧૨ પ્રકારની શક્તિઓને પોષક છે.

૧૨, ૯ અને ૭ની તથા ૫, ૩ અને ૧ની સંખ્યા
સંકલિતમાં મહત્ત્વની મનાય છે, તેમાં
વિશ્વવ્યવસ્થા અને પદાર્થ વિજ્ઞાન પણ કારણ છે.

એક સુભાષિત

ઉંઘ ન જુએ તૂટી ખાટ, ઈશ્ક ન જુએ જાત-કજાત,
ભૂખ ન જુએ એંઠો ભાત, તરસ ન જુએ ધોબીઘાટ.

આહાર - નિદ્રા - ભય અને મૈથુન
એ ચારે સંજ્ઞાઓની પ્રબળતા કેટલી છે,
તેનો કાંઈક ખ્યાલ ઉપરના સુભાષિતમાં વર્ણવેલો છે.

good comes by two forces in mind:
mothering by your feelings and
fathering by your thinking.
unision of feeling and thinking
સરલ જ રોમરાજ વિકસવા, સ્નેહાદ્ર થવું અથવા
આત્મતત્વનું જ સ્ફટિક અનુભવવું.
નમસ્કારના અનુગ્રહથી અવશ્ય લાભ મળે છે:
clarity and purity of thoughtનો.

एअं नवपयं झाणा झायंता सुद्धमणसा ।
अप्पाणं चेव अप्पंमि सव्वं पिक्खंति अप्पयं ॥१॥
अप्पंमि पिक्खिए जं च खणे खिज्जइ कम्मयं ।
न तं तिव्वेण कम्मेण जम्मकोडीहिं खिज्जए ॥२॥
- सिरिवाल कहा, गा० ११००-११०१

અર્થાત્: શુદ્ધ મનવાળા આત્માઓ નવપદોનું ધ્યાન ધરે છે,
ત્યારે પોતે જ પોતાના આત્મામાં આત્માને પ્રત્યક્ષ કરે છે.
આત્માને વિષે આત્માનું પ્રત્યક્ષ દર્શન કરવાથી
એક ક્ષણમાં જે કર્મ ખપે છે, તે કર્મ
ક્રોડો જન્મ સુધી તીવ્ર તપ કરવાથી પણ ખપતું નથી.

નવપદમાં આત્મા અને આત્મામાં નવપદ જોવાથી
પુણ્યથી પ્રાપ્ત થયેલ માનવજન્માદિ
સઘળી સામગ્રીઓ સફળતાને પામે છે.

o શ્રુતજ્ઞાનની ભૂમિકા ઉપર

'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇઅં ।' અર્થાત્: તે સાચું અને શંકા વિનાનું છે, જે જિનેશ્વરોએ પ્રરૂપ્યું છે. ચિન્તાજ્ઞાનની ભૂમિકા ઉપર જિનેશ્વરોએ શું પ્રરૂપ્યું છે, તેવો પ્રશ્ન ઉઠે છે અને તેના ઉત્તરમાં

સવ્વે જીવા ન હંતવ્વા ।

અર્થાત્: કોઈપણ જીવ (ત્રણ સ્થાવર, ત્રણ જંગમાદિ) હણવા લાયક નથી, એ વિચારણા ઉત્પન્ન થાય છે.

ભાવનાજ્ઞાનની ભૂમિકા ઉપર કોઈપણ જીવ એટલા માટે હણવાલાયક નથી કે તે મારા જીવની સમાન જીવત્વ - સુખદુઃખની લાગણીને ધરનારો છે.

એ રીતે જીવ સમાપત્તિ થાય છે.

એ રીતે જ્ઞાનની ત્રણ ભૂમિકાઓ સમજવી.

o ચૂપ રહે, કેમકે એનો ઓછામાં ઓછો લાભ નિર્ભયતા છે. લવલવાટ કરવાથી બચતો રહે, કેમકે એમાં નાનામાં નાનું નુકસાન અપમાન છે. - Hazarat Ali

o कोउ कहे ब्रह्म नाभि के कमल मध्य,
कोउ तो कहत ब्रह्म हृदेमां प्रकाश है:
कोउ तो कहत कंठ नासिका के अग्र भाग,
कोउ तो कहत ब्रह्म भृकुटिमें वास है:
कोउ तो कहत ब्रह्म दशमें दुवार जाय,
कोउ तो कहे भ्रमर-गुफामें निवास है:
पिंडमें, ब्रह्मांडमें निरन्तर बिराजे ब्रह्म,
सुंदर अखंड जैसे व्यापक आकाश है. - सुंदरदास

o કોઈકમાં મનુષ્યનું ચિત્ત સંપૂર્ણપણે
શુદ્ધ અને સાત્ત્વિક બની જાય છે, ત્યારે
દૂરના અને ભવિષ્યનાં બનનારા બનાવોનો પ્રકાશ
એવા મનુષ્યના ચિત્તમાં પડે છે.
એ ભાન મુજબ તેઓ કહે છે, ત્યારે
તેમના બોલવા પ્રમાણે બનતું જોવામાં આવે છે.
તેને લોકો 'ચમત્કાર' કહે છે.
એમાં ઈશ્વરયોગે
જે બનવાનું હોય, તે જ બને છે.
કોઈ ચમત્કારિક શક્તિ વડે
તેમાં ફેરફાર થાય છે એવું હોતું નથી.

આસો સુ - ૧૪, Tatvanand

(૧) રસ ભેદે બદ્ધ - સ્પૃષ્ટ - નિધત્ત - નિકાચિત હોય છે,
પણ કૃત્ત એના જ હોય છે, અન્ય નહિ.

(૨) રાગાદિ સંસારીનું તેમ દ્વેષાદિનું મૂળ પણ
વિષયાભિલાષ હોઈ શકે છે.
વિષયાભિલાષનું મૂળ સ્વરૂપનું અજ્ઞાન છે.
અજ્ઞાનમૂલક વિષયાભિલાષ અને
તજ્જન્ય રાગ-દ્વેષ એ તાત્પર્ય છે.

(3) મોહનો એક અર્થ અજ્ઞાન અને મિથ્યાત્વ,
મોહનો બીજો અર્થ વેદોદય - કામાભિલાષ.
ચોથા ગુણસ્થાને પ્રથમ અર્થનો મોહ ન હોય,
બીજા અર્થનો હોઈ શકે.
ઉપદેશમાલા કથામાં 'મોહ એટલે કામવિહ્વળતા'
એવો અર્થ કરેલો છે.
આમ કષાયથી જુદા મોહને પાંચમો પદાર્થ કહ્યો છે.

(૪) નિગોદના જીવને સાક્ષાત સુખ ઉપર રાગ અને
દુઃખ ઉપર દ્વેષ છે પણ સુખદુઃખના કારણભૂત જડ
પદાર્થ કે જીવ ઉપર તેવા પ્રકારનું જ્ઞાન ન હોવાથી
રાગ-દ્વેષની વિશેષ લાગણી સંભવિત નથી.

પરંપર કારણભૂત બને, જીવ કે જડ પદાર્થ ઉપર તેથી ભાગ્યે જ થઈ શકે.

(૫)નિગોદમાં વૈરપરિણતિ ગૌણ - વિષયરાગ મુખ્ય છે. પરસ્પર નિકાચિત વૈર ન કરવાથી પણ વિષયરાગની સુખ-દુઃખ વિષયક તીવ્ર ભાગ્યે જ થઈ શકાય.

૦ વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ।

સર્વ વેદો વડે પણ જાણવા લાયક કોઈ હોય તો તે 'અહમ્' 'ન હન્યતેऽसौ અહમ્।' માત્ર અજર-અમર-સનાતન-શાશ્વત એવો આત્મા જ જાણવા લાયક છે. ચૌદ પૂર્વનો સાર નવકાર છે, કારણ કે નવકાર વડે એક શુદ્ધ આત્મા જ જાણવા લાયક છે, તે જણાય છે. શુદ્ધ આત્માનું ધ્યાન અને તે દ્વારા શુદ્ધ આત્માનું જ જ્ઞાન થાય છે, માટે તે સર્વ આગમોનો સાર ગણાય છે. નવકારનું પ્રથમ પદ, તેનું ચિન્તન, પરિશીલન અને નિદિધ્યાસન એ આત્મજ્ઞાનનું સાધન બને છે, તેથી મહામંત્ર સ્વરૂપ ગણાય છે.

જારિસો સિદ્ધ સહાવો તારિસો ભાવો હુ સવ્વ જીવાણં।

અર્થ : જેવો સિદ્ધોનો સ્વભાવ તેવો જ સર્વ જીવોનો સ્વભાવ હોય છે. - સિદ્ધ પ્રાભૃત

જ્ઞાનની તીક્ષ્ણતા તે ચારિત્ર, જ્ઞાનની એકાગ્રતા તે ધ્યાન અને જ્ઞાનની તન્મયતા તે નિર્મળ આનંદ છે.

સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્દૃષ્ટિ, તેથી

નિર્મળ ચારિત્ર અને નિર્મળ આનંદ પ્રગટે છે.

નિર્મળ આનંદ સર્વ ઈચ્છાનિરોધરૂપ તપ ગુણનું ફળ છે.

સિદ્ધત્વની રુચિ જ મુનિપણું. દ્રવ્યથી યતિપણ એક છે.

દ્રવ્યનિક્ષેપની અપેક્ષાએ સિદ્ધાત્મા,

જ્ઞાનાદિ યતિના ગુણયુક્ત હોવાથી એક યતિદ્રવ્ય છે.

ભાવચારિત્રના લક્ષણો

આત્મસ્વરૂપમાં એકતા, સ્થિરતા, રમણતા, નિશ્ચલતા.

અધ્યાત્મ યોગ

(१) ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારી[1] આત્માની મૈત્ર્યાદિ યુક્ત શાસ્ત્રોક્ત વિચારણા તે 'અધ્યાત્મ'[2] છે.

(२) ધાર્મિક પુરુષનું પ્રધાન લક્ષણ હોવાથી એ પણ અધ્યાત્મ છે.

(3) ઔચિત્યાલોચન[3] અને આત્મસંપ્રેક્ષણ[4] એ પણ અધ્યાત્મ છે.

(४) દેવવંદન[5], પ્રતિક્રમણ[6] અને મૈત્ર્યાદિભાવોનું[7] ચિન્તન એ પણ અધ્યાત્મ છે.

## ભાવનાયોગ

આત્મચિંતન - અધ્યાત્મના સતત અભ્યાસથી
ભાવનાયોગ પ્રગટે છે.

દાન, શીલ, તપ અને ભાવ તથા દેશવિરતિ -
સર્વવિરતિરૂપ ધર્મનો સંગ્રહ અધ્યાત્મ યોગમાં છે.
જાપ વડે પાપવિષનો પરિહાર થાય છે. તે સ્તુતિરૂપ
હોવાથી મંત્રદેવતાના અનુગ્રહને પાત્ર બનાવે છે.

જાપ એ ધ્યાનનું સાધન છે,
સતત અભ્યાસ દ્વારા ધ્યાનરૂપે પરિણામ પામે છે.
વીશસ્થાનકાદિ તપોવિધાનમાં
જાપને અનિવાર્ય સ્થાન મળેલું છે.

નામસ્તવરૂપ લોગસ્સ સૂત્ર પણ મંત્રસ્વરૂપ છે, તેથી
પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયામાં વિહિત થયેલ છે.
કાયોત્સર્ગમાં લોગસ્સ સૂત્ર વગેરેનું
ઉચ્ચારણ તથા સ્મરણ એ પણ
ભાષ્ય જાપ અને માનસિક જાપનો જ એક પ્રકાર છે.

ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ, સ્તવન, સ્તોત્ર, સ્મરણાદિ
અને શાસ્ત્રનો સ્વાધ્યાય આદિ પણ દેવતાઓના
સ્તવાદિરૂપ હોવાથી તે ભાષ્યાદિ જાપ સ્વરૂપ જ છે.

જપરૂપી અધ્યાત્મયોગના સતત અભ્યાસથી આત્મ-
ભાવના - ધ્યાન અને સમતાયોગ સુધી પહોંચી શકે છે.

મૈત્ર્યાદિ ભાવનાઓનું ચિન્તન તે
ક્રોધાદિ કષાયોની પ્રતિપક્ષ ભાવનાઓ છે.

o T.B., કોઢ - કેન્સર એ મોટા રોગો છે
પણ સૌથી મોટો રોગ - સૌથી વધુ ત્રાસદાયી રોગ
તો 'ઉપેક્ષિત' હોવાનો છે અર્થાત્
unwanted, unloved & uncared
હોવાનું દુઃખ સૌથી વધુ ભયંકર છે, તેથી
તે રોગનો ઉપચાર કરવો એ સૌથી મોટી સેવા છે.
પ્રભુને પ્યાર કરીએ અને દુઃખીને પણ પ્રેમ કરીએ.
પ્રિય હોય તેની જ સેવા થઈ શકે છે.
ગરીબોના દિલમાં ભગવાન છે,
તેમની સેવા એ પણ ભગવાનની જ સેવા છે.

- Mother Teresa

o 'ॐ असिआउसा नमः श्री माणिभद्र !
दिशतु मम सदा सर्व कार्येषु सिद्धिम् ।'
આયંબિલ કરીને (૨૧) યા (૨૭) માળા
ઉપરોક્ત મંત્રની ગણી પછી નિત્ય એક માળા ગણવી.

૦ ભવનૈર્ગુણ્ય, જિનભક્તિ, સર્વવિરતિ, ક્લેશમુક્તિ, ચિન્માત્ર સમાધિ - એ સર્વ અરિહંતભક્તિનું ફળ છે.

- માતૃચેટ કૃત અધ્યર્ધશતક

परार्थैकान्तकल्याणि कामं स्वाश्रये निष्ठुरा ।
त्वय्येव केवलं नाथ ! करुणा करुणाऽभवत् ॥१॥

અર્થાત્ : હે નાથ ! પરોપકારમાં એકાન્તપણે મગ્ન અને પોતાના આશ્રયભૂતકલેવર પ્રત્યે અત્યંત નિષ્ઠુર એવી કરુણાવિહીન કરુણા ફક્ત તારામાં હતી.

हिंसकाऽप्युपकृता आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते के वा पर्यनुयुञ्जताम् ॥१॥

અર્થાત્ : હે નાથ, તેં પોતાના હિંસકો ઉપર પણ ઉપકાર કર્યો છે અને સ્વાશ્રિતોની પણ ઉપેક્ષા કરી છે. તારું ચરિત્ર સહજ રીતે જ વિચિત્ર હોય, ત્યાં આક્ષેપને અવકાશ જ ક્યાં છે?

૦ દશ દૃષ્ટાંતોમાં ધુંસરું અને શમીલાનો યોગ દુર્લભ જણાવ્યો છે. એ જ વાતને બૌદ્ધ સાહિત્યમાં ધુંસરું અને કાચબાની ડોક એ બેનો યોગ દુર્લભ જણાવ્યો છે. 'સ્વયંભૂ' શબ્દને બદલે 'સ્વયં સંબુદ્ધ' શબ્દ આપમેળે જન્મને નહિ પણ આપમેળે જ્ઞાનપ્રાપ્તિને કહે છે.

સ્વયંભૂ શબ્દ બ્રહ્મા માટે બ્રાહ્મણ પરંપરામાં વપરાયો છે.
જૈન અને બૌદ્ધ પરંપરામાં તેના સ્થાને
સ્વયં - સંબુદ્ધ શબ્દનો પ્રયોગ વારંવાર થયેલો છે.
આપમેળે જન્મનો સંભવ નહિ - જ્ઞાનનો સંભવ તો છે.
માતૃચેટ ઈસ્વીસન પહેલા સૈકાનો કવિ છે,
તેણે બુદ્ધની સ્તુતિમાં સ્વયંભૂ શબ્દનો પ્રયોગ કર્યો છે.
स्वयंभुवं भूत सहस्रनेत्रं । स्वयंभुवा भूतहितेन भूतले ।
- સમંતભદ્ર સૂરિ

૦ ધ્યાનથી અને યોગાભ્યાસથી એકાગ્રતાની શક્તિ
અને ચમત્કાર સિદ્ધિઓ લાધે છે ખરી અને એ સારી
પણ છે, પરંતુ એનાથી સમગ્ર માનવતાને શો લાભ?
વાસનાવિજય અને આધ્યાત્મિક શુદ્ધિ,
કુશળ - અકુશળ વૃત્તિઓનું આંતરિક તુમુલ દ્વંદ્વ યુદ્ધ
અને તેમાં પ્રાપ્ત થયેલો વિજય
એ બુદ્ધના જીવનની વિશિષ્ટતાઓને વર્ણવે છે.
માનવજાત માટે વ્યવહારૂ ઉપયોગી માર્ગ
'બ્રહ્મવિહાર' એ બુદ્ધની શોધ છે.
અહિંસાની પ્રતિષ્ઠા આત્મૌપમ્યના પાયા ઉપર છે. સર્વ-
ભૂતહિતેરતઃ અને મૈત્રીની ભાવનાનો પાયો પણ તે છે,

છતાં ધમ્મતત્વ અને ધમ્મદેસના સંબંધમાં
ધમ્મવિચારની પ્રતિષ્ઠા એ બુદ્ધની અલગતા છે.
અગાધ અને અતલ ધમ્મતત્વની જટિલ ચર્ચાને અંતે
પણ સાચી શાંતિનો અનુભવ કરવો પડશે,
તેથી ધમ્મવિચારનો આશ્રય લેવો જ પડશે અને
વ્યવહારુ અને જીવનમાં સર્વસુલભ એવું ધમ્મતત્વ છે.
આ એક જીવનપ્રદ શોધ છે.
અવિદ્યાથી તૃષ્ણા અને તૃષ્ણાથી દુઃખ,
એનો પ્રભાવ પ્રતીત્ય સમુત્પાદવાદમાં છે.
૪ આર્ય મહાસત્યો જૈનોમાં પણ છે.
આસ્રવ, સંવર, બંધ અને મોક્ષમાં
તેનો અંતર્ભાવ થઈ જાય છે.
હેય, હેયહેતુ, હાન અને હાનોપાય -
હેય એ બંધ તત્વ છે, હેયહેતુ એ આસ્રવતત્વ છે,
હાન એ મોક્ષતત્વ છે, હાનોપાય એ સંવરતત્વ છે.
મધ્યમ માર્ગ એ ગૌતમબુદ્ધ
અષ્ટાંગ પ્રવૃત્તિથી યુક્ત એવા માનસને સૂચવે છે.
અષ્ટાંગ યોગમાર્ગ - ધમ્મવિચારની ભાવનાનો ઉદ્દેશ એ
માનવતાનો ઉત્કર્ષ સાધી શકે એવી સર્વમાન્ય પ્રક્રિયા છે.

દિશા - કાળથી પર એવા તત્ત્વોની ચર્ચાથી
માત્ર વાદ - વિવાદના અખાડાઓ બની ગયા છે અને
શાસ્ત્રના તાર્કિક વિલાસોમાં દુર્બોધ કરાવનાર બને છે.
પ્રત્યક્ષ જીવનમાં જ તત્કાળ અનુભવી શકાય તેવી બાબતોનો
ઉપદેશ બૌદ્ધધર્મની આકર્ષકતામાં વધારો કરે. ધ્યાન
એકાગ્રતાર્થે ઉપયોગી છે પણ 'નાયં ધમ્મો સંબોધાય'
સાર્વત્રિક બોધ - સત્યની શોધ માટે આ માર્ગ સમર્થ નથી.

ઝાડની છાયામાં એ સત્ય લાધે

ચિંતનથી પણ શાતાનો અનુભવ થાય છે.
ભોગનાં સાધનોથી દૂર અને વાસનાઓથી મુક્ત એવો
સાધક જ યોગમાર્ગને અવલંબી સાચું જ્ઞાન મેળવી શકે.
પાપોથી દૂર અને ભેદ વિનાનું સુખ કાયમ રહે,
તો જ તેના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થઈ શકે.
બ્રહ્મ = જીવનશ્રેષ્ઠ, વિહાર = સમગ્ર જીવસૃષ્ટિ સાથે
પ્રેમમૂલક વૃત્તિઓ કેળવી સમાનપણું સાધવું તે.
માતા જેમ ધાવણા છોકરાને પ્રેમથી, માંદાને કરુણાથી,
બુદ્ધિશાળીને પ્રમોદથી અને સ્વતંત્રને ઉપેક્ષા ભાવથી
સાચવે, દ્વેષ કરતી નથી, કિન્તુ મદદ કરવા રાજી રહે છે,
તેમ બ્રહ્મવિહારયુક્ત સાધક જીવનશ્રેષ્ઠ માટે વર્તે છે.

0 લલિત વિસ્તર = જીવનલીલાનો વિસ્તાર.

સિદ્ધાર્થ = બુદ્ધ, યશોધરા = ગોપા.

ગ્રીસ દેશ ભૌતિક ચમત્કાર માટે વિખ્યાત છે. સેમેટીક
કે યાહુદી - આરબ આદિ દેશોમાં શ્રદ્ધાબળ મુખ્ય છે.
એકમાં સૂક્ષ્મ ચિન્તન - મેધા વિકસી, બીજામાં
તત્ત્વજ્ઞાનને જીવનસ્પર્શી બનાવવાનો પુરુષાર્થ વિકસ્યો.
ગ્રીસની સૂક્ષ્મ બુદ્ધિ શ્રદ્ધામૂલક ધર્મના ટેકા વિના
માત્ર philosophyમાં પરિણમી.
સેમેટીક પ્રજાની શ્રદ્ધામૂલક ધર્મવૃત્તિ તત્ત્વચિંતનના સમર્થ
પ્રકાશની મદદ વિના ગતિશૂન્ય ક્રિયાકાંડોમાં પૂરાઈ રહી.
થોડાક અપવાદ સિવાય બંનેની આ દશા થઈ.
શ્રદ્ધામૂલક ધર્મ અને બુદ્ધિમૂલક તત્ત્વચિન્તન -
બન્ને ભારતમાં જળવાઈ રહ્યાં અને વિકસતાં રહ્યાં.
બુદ્ધિથી વિચાર અને શ્રદ્ધાથી આચાર ઘડાય છે.
ભારતીય બધી ધર્મ પરંપરાઓમાં
વિચાર અને આચાર તથા શ્રદ્ધા અને મેધા - બન્નેનું
સમ્મિલિત સ્થાન અને માન જળવાઈ રહ્યું છે.
ચિત્તની સ્થિરતા અને સમાધિ માટે
શાસ્ત્રના અનુશાસનની જરૂર છે.

'આકુલિત ચિત્તમાં પોતાનું હિત સમાયું છે'
એ વિચારમાંથી શીલ - સદાચારની ઉત્પત્તિ છે અને
દુઃશીલ - દુરાચારનો ત્યાગ સુલભ છે.
માનસિક શુદ્ધિ ન સધાતી હોય,
ચિત્તમાંથી ક્લેશ નિર્બળ ન બનતા હોય, તો
કઠોરતમ તપ અને બાહ્યાચારનું મહત્ત્વ નહિવત્ છે અને
અંતઃશુદ્ધિ સધાતી હોય, તો તે માટે
ગમે તેટલો કષ્ટકારી પણ બાહ્યાચાર ઉપયોગી છે.
આ જીવનમાં જ સમાધિસુખનો અનુભવ લેવો અને
પ્રશમપ્રકાશનો આનંદ અનુભવવો એ જ વિવેક છે.
તે માટે શરીરસુખ અને ઇંદ્રિયસુખને
જતું કરવું એમાં પરાક્રમ છે.
ધર્મસાધના તે જ ખરી કહેવાય કે જે
વર્તમાન જીવનમાં જ નિર્બાધ સુખનો અનુભવ કરાવે.
વર્તમાન જીવનમાં એવા સુખની પ્રતીતિ થાય,
તો ભાવિ માટે ચિંતા કરવાની જરૂર નથી,
એવા ક્રમમાં એ આપમેળે રચાશે.
શીલનો હેતુ સમાધિ - સમાધિનો હેતુ પ્રશમ-કરુણા છે.
બ્રહ્મવિચારના સ્થાને 'બ્રહ્મવિહાર' શબ્દ વધુ ઉપયુક્ત છે.

જગત્સૃષ્ટિ સાથે એવા પ્રકારનો સંબંધ કેળવવો
કે જેથી ચિત્તમાં ક્લેશ ન વધે અને જો હોય,
તો તે જૂના ક્લેશથી ઓછા થાય.
જેઓ બ્રહ્મનિષ્ઠ, આગમ-નિગમની ચર્ચા કરતા હોય,
તેમને પણ છેવટે તો બ્રહ્મવિહારને માન્યા વિના
શાંતિનો અનુભવ કે ચિત્તનો વિકાસ થવો શક્ય નથી.
સદા ગતિશીલ એવા ત્રિકાલસ્પર્શી ચિત્ યા ચૈતન્યતત્ત્વને
માનનાર બૌદ્ધો કંઈ અનાત્મવાદી ચાર્વાક નથી,
તેમ જ કૂટસ્થ આત્મવાદી બ્રહ્મ પણ નથી.
જેટલું વિચાર અને તર્કથી સમજાય,
તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો,
એ શ્રદ્ધા અને મેધા, આચાર અને વિચાર તથા
ધર્મ અને તત્ત્વજ્ઞાનનો સાચો સમન્વય છે.
પૂર્ણ આદર્શ હંમેશા અસિદ્ધ જ રહે છે, છતાં એની
પ્રેરણા જ વ્યવહારુ જીવનમાં સુખદાયી નીવડે છે અને
વ્યવહારમાં મનુષ્યને ઉત્તરોત્તર આગળ વધારે છે.
મનુષ્ય પોતાના પ્રત્યે બીજાની પાસેથી
જે અને જેવા વ્યવહારની અપેક્ષા રાખે,
તે અને તેવો જ વ્યવહાર તેણે બીજા પ્રત્યે આચરવો,
એ અહિંસાનું વ્યવહારિક દૃષ્ટિબિંદુ છે.

જગત પ્રાણી પ્રત્યે સમદ્રષ્ટિ કેળવવા અને આત્મૌપમ્યની ભાવનાને પ્રામાણિકપણે અમલમાં મૂકવા તથા ઉત્તરોત્તર વિકસાવવા તે અહિંસાના સ્વરૂપનો મુખ્ય મુદ્દો છે.

સમદ્રષ્ટિ દ્વારા જ પ્રકૃતિના આસુરી બંધિયારપણાથી દૈવી સ્વરૂપ તરફ આગળ વધાય છે.

આ વસ્તુ સર્વમાન્ય છે કે પોતાના અને જગતના વચ્ચે વિષમદ્રષ્ટિમૂલક વ્યવહાર તે હિંસા અને સમદ્રષ્ટિમૂલક વ્યવહાર તે અહિંસા.

પ્રબળમાં પ્રબળ ઉત્તેજક સંજોગો વચ્ચે પણ અહિંસક આત્મા અક્ષોભ્ય રહી શકે છે.

અહિંસા એક આધ્યાત્મિક ચેતનાની ઉચ્ચ ભૂમિકા છે. કસોટીમાં દેખાતી નિષ્ફળતા એ સદ્ગુણ વિકસાવવાની અશક્યતાનું કાંઈ છેલ્લું પ્રમાણપત્ર નહિ, એ તો એક દિશામાં વધારે સાવધાન થવાની એક સૂચનામાત્ર છે.

o

use : excuse me, forgive me, beg your pardon, forgive & forget.

Clean your heart with forgiveness and adorn your soul with love.

'આવેગ અને સંકુચિતતાની જગ્યાએ ઉદારતા અને
શાંત સ્વભાવ તો સમાજ સુખી થાય.' એ વિચાર
પણ નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિપણામાં ખપવા લાગ્યો.
આવેશ હોય ત્યાં ધીરજની આશા વ્યર્થ છે અને
સંકુચિતતા હોય ત્યાં ઉદારતાની આશા રાખવી વ્યર્થ છે.

આવેશના સ્થાને ધૈર્ય અને સંકુચિતતાના સ્થાને
ઉદારતા લાવવી હોય, તેણે પોતાના માટે કડવા શબ્દો
વચ્ચે પણ પોતામાં તે બે ગુણ કેળવવા જોઈએ.

કાદવ કાદવથી નહિ પણ જળથી જ ધોવાય.

સામાના આવેશયુક્ત કથનમાં પણ જો સત્ય હોય તો
તેને પચાવવાની ઉદારતા દાખવવી અને પોતાના વિચારમાં
સત્ય હોય તો પ્રચંડ વિરોધ વખતે પણ ગમે તેટલું
જોખમ ખેડીને નમ્ર ભાવે સત્યને જ વળગી રહેવું.

આ રીતે વિચારવા અને વર્તવામાં આવે તો
શબ્દની કઠોરતાનું ઝેર પણ અમૃત થઈ જાય,
ભાષાસમિતિ અને વચનગુપ્તિની પ્રતિષ્ઠા સ્થિર થાય
અને શાંતિનું વાતાવરણ સર્જી શકાય.

o

*If you want to go fast, go alone.*
*If you want to go far, go together.*

○ વ્યવહાર ચારિત્ર અસત્ નિવૃત્તિ-સત્પ્રવૃત્તિરૂપ છે.
તે માટે જીવ સમાપત્તિ એટલે કે જીવમાત્ર સાથે
એકતાની - સમત્વની બુદ્ધિ આવશ્યક છે.
નિશ્ચય ચારિત્ર આત્મરમણતા રૂપ છે,
તે પરમાત્મ સમાપત્તિની અપેક્ષા રાખે છે.
વ્યવહાર ચારિત્રનું મૂળ અહિંસા છે.
નિશ્ચય ચારિત્રનું મૂળ ભક્તિ છે.
બન્નેમાં ધ્યાન વડે સ્પર્શ થતી એકતા અપેક્ષિત છે.
'નમો અરિહંતાણં ।' પદમાં
ઉભય સમાપત્તિ સંગ્રહિત થયેલ છે.
'અરિહંતાણં' માં શત્રુભાવને નિર્મૂળથી હણનારને
નમસ્કાર થાય છે, તેમાં જીવ સમાપત્તિ મુખ્ય છે.
'અરુહંતાણં' માં જન્માદિને હણનારને
નમસ્કાર થાય છે, તેમાં આત્મસમાપત્તિ મુખ્ય છે.
'અરહંતાણં' પૂજ્યતાની પદવીને અભિવ્યક્ત કરે છે.
પૂજ્યતાની પ્રાપ્તિ પ્રમોદભાવ-કરુણાભાવને સૂચવે છે,
તેમાં ઉભય પ્રકારની સમાપત્તિ આવશ્યક છે.
આત્મતત્ત્વની ઉજ્જ્વળતા પ્રત્યે પ્રમોદ અને
દીનતા પ્રત્યે કરુણા ઉત્પન્ન થવામાં સંગ્રહનયદૃ

સર્વ જગતના સાથે એકતાની બુદ્ધિ કારણભૂત છે.

मैत्री - प्रमोद - कारुण्य - माध्यस्थ्यमहितोदयम् |
स्मरामि क्लेशनाशाय जिनेशस्य पदद्वयम् ||(परिशिष्ट-२१)

અહીં જીવરાશિ સાથે મૈત્રી
તે અપાયાપગમાતિશયનું કારણ છે,
જીવરાશિ સાથે પ્રમોદ એ પૂજાતિશયનું કારણ છે,
કરુણા એ વચનાતિશયનું કારણ છે અને
માધ્યસ્થ્ય એ જ્ઞાનાતિશયનું કારણ છે.
એ રીતે 'अरिहं'ના ગર્ભમાં દુષ્કૃતગર્હા,
'अरहं'ના ગર્ભમાં સુકૃતાનુમોદના અને
'अरुहं'ના ગર્ભમાં શરણાગમન અંતર્નિહિત છે,
જાણે કે શરણાગમન અમૂર્તસ્વરૂપે છુપાયેલું છે.

o 'સત્' એ દ્રવ્યનો જ શુદ્ધ અક્રિય કૂટસ્થ અંશ તથા 'ऋत' તે શુદ્ધ આત્મદ્રવ્યનો જ પર્યાયાંશ સમજવો.

'એક રામ દશરથ ઘર ડોલે,
બીજો રામ ઘટમાંહે બોલે;
(તીસરા) રામરા જગત પસારા,
ચોથા રામ હૈ સબસે ન્યારા. (૧)

આ દુહામાં ચોથા પાદમાં જે 'રામ' કહ્યા છે,

તે 'સત્વ' ની શબ્દ અને પ્રથમ ગાથા
પાદમાં જે 'રામ' કહ્યાં છે, તે 'શ્રુત' ની શબ્દ.

0 अच्चंतमसज्झाइं लीलाइवि सव्व लोय कज्जाइं |
सिज्झंति झत्ति जेणं तं तं तवपयमेस वंदामि ॥९॥

અર્થ: અત્યંત અસાધ્ય એવા સર્વ લોકનાં કાર્યો
જેના વડે લીલામાત્રમાં સિદ્ધ થાય છે,
તે આ તપપદને હું વંદન કરું છું.

## નવલખા પાર્શ્વનાથને નમન

'નવ' એ પ્રાકૃત વ્યાકરણ મુજબ 'નમ' કે 'નામ'નું સંસ્કૃત રૂપ છે અને 'લખા' એ સંસ્કૃત 'લક્ષ'નું રૂપાંતર છે. એનો અર્થ 'નમઃ' એટલે માનવજીવનમાં લક્ષ્ય કે સાધ્ય છે અને નામનું સ્મરણ કરવામાં લક્ષ્ય-મનને બાંધવાથી 'પાર્શ્વ' અત્યંત નિકટ રહેલ 'નાથ' એટલે - કોઈ કર શુદ્ધાત્મ-ભગવાનનું જ સ્મરણ-મનન-નમન થાય છે. વીતરાગ પ્રભુની સૌથી મોટી આજ્ઞા વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રી કેળવવાની અને કોઈની સાથે વેર-વિરોધ કે દ્વેષભાવ નહિ રાખવાની છે. બાકી બધી આજ્ઞાઓ આ મોટી આજ્ઞામાં સમાઈ જાય છે અથવા બાકી બધી આજ્ઞાઓ આ મુખ્ય આજ્ઞાને પુષ્ટિ આપવા

અને એને સફળ બનાવવા માટે છે. ભક્તિને પરિણામે
વિશ્વમૈત્રીની ભાવનાને જીવનમાં ઉતારવા અહિંસા,
કરુણા, સત્યપ્રિયતા વગેરે ગુણો વિકસવા જોઈએ તથા
દાન - શીલ - તપ - ભાવ પ્રત્યે અભિરુચિ અને
એને જીવનમાં વણી લેવાની તાલાવેલી પ્રકટવી જોઈએ.
એક બાજુ પ્રભુની ભક્તિ થાય અને બીજી બાજુ
મન, વચન, કાયામાં વિશ્વમૈત્રી અને દાનાદિ સત્કર્મોથી
તથા બીજા ગુણ-સંપત્તિઓ વિકાસને ન પામે તો તે ભક્તિ
ખાલી ઠરેલી કે હસ્તિસ્નાન જેવી નિષ્ફળ ગયેલી ગણાય.

ભક્તિના ફળરૂપે સદ્ગુણ વિકાસ અને
સદાચાર નિષ્પન્ન થવાં જોઈએ.

o હતાશા, નિરાશા અને અસહાયતાનો નિરાસ કરવા
માટે એક જ શબ્દ બસ છે: 'welcome:'
જીવનમાં જે પ્રસંગ બને - પછી તે સારો હો કે નરસો,
અનુકૂળ હો કે પ્રતિકૂળ, તેને welcome શબ્દથી
આવકારવામાં આવે, તો તેનું આસક્તિ કે અણગમાનું,
રાગ કે દ્વેષનું, હર્ષ કે ખેદનું ઝેર ત્યાં જ ઓસરી જાય.
જે આવે તેને 'ભલે પધારો' થી
આવકાર આપવાની વૃત્તિ એ સમભાવને પોષનારી છે,

તે વૃત્તિ સભ્યપણાને પણ વિકસાવનારી છે, તેમ Thank you, Very sorry & your most obedientના એમ welcome શબ્દ પણ ઉત્કૃષ્ટ સભ્યતાને સૂચવનારો છે.

o ધ્યાનેન ધ્વસ્તકર્માણઃ પ્રયાન્તિ પદમવ્યયમ્ ||૨||

સ્વર્ગેથી આવી માનવનો ઉત્તમ દેહ ઉત્તમ વંશમાં પામી, નિત્ય મનોરમ એવા વિષયસુખો અનુભવી, અંતે તેનાથી વિવેકપૂર્વક વિરક્ત બની ધ્યાનયોગ વડે સકલકર્મનો ધ્વંસ કરી જીવો અવ્યય એવા નિર્વાણપદને પામે છે. આ ક્રમથી દશ દૃષ્ટાંતે ઉત્તરોત્તર દુર્લભ એવા મનુષ્ય જન્માદિ, ઉત્તમ જાતિ, કુળ, દેશ, આરોગ્ય, આયુષ્ય, પંચેન્દ્રિય પટુતા, તત્ત્વરુચિ, તત્ત્વબોધ, તત્ત્વપરિણતિના સાધનભૂત દેવ, ગુરુ, સંઘ, સાધર્મિકનો યોગ મેળવી નિત્યાનિત્યનો વિવેક કરી, અનિત્યથી વિરક્ત થઈ નિત્ય એવા આત્મતત્ત્વને ધ્યાનયોગ વડે સાધવો જોઈએ.

ધ્યાન શાનું કરવું ?

એ પ્રશ્ન ઊભો થાય ત્યારે ધ્યાનાષ્ટકનો વિચાર કરવો.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપી સમાપત્તિ આવે તે માટે ઇંદ્રિય, મન, રાગ-દ્વેષનો જય કરી, મમતા ત્યજી,

સમતા સ્વભાવી આત્મધ્યાનમાં નિમગ્ન થવું જોઈએ.
એ નિમગ્નતા લાવવા માટે અસાધારણ સામર્થ્યવાળું
કોઈ પદ હોય તો તે 'નમો અરિહંતાણં ।' પદ છે.
એ પદને મુખ્ય બનાવી તેમાંથી નીકળતા
વિવિધ અર્થોને આત્મસાત્ કરવા પ્રયાસ કરવો.
અનુત્તમ ધ્યાનયોગનો સાધક બનીને મળેલ
સઘળી દુર્લભ સામગ્રીઓને સફળ કરવો ધર્મ છે.

૦ ભોગ આપ્યા વિના ભક્તિ કે પ્રેમ કે રાગ ન જાગે.
માયા એ સંસારની માતા છે.
તે ભવપરંપરાને જન્મ આપે છે માટે માતા છે અને
જીવના દોષોને ઢાંકે છે માટે પણ માતા સમાન છે.
માયાથી છુપાવી શકાય છે, માયાથી મન સંકુચિત બને છે,
માયાથી સ્વભાવ ક્ષુદ્ર, તુચ્છ, અનિત્યવસ્તુદર્શી બને છે.
વિષયલંપટતા જડમાં તન્મયતા પેદા કરે છે અને
તે તીવ્ર આર્તધ્યાનનું કારણ બને છે.
પરમેષ્ઠિ નમસ્કાર ચૈતન્યમાં તન્મયતા ઉત્પન્ન કરીને
ઉચ્ચકોટિના શુક્લધ્યાનનું કારણ બને છે.
ભક્તિનું જીવંતપણું વિચાર અને બુદ્ધિને લીધે છે
તથા તેની શુદ્ધિ નિઃસ્વાર્થતાને લીધે છે.

બાહ્ય કઠોરમાં કઠોર તપ, અતિ ઉગ્ર દેહદમન
કે કાયક્લેશ - એ સર્વ અંતર્મુખ બનવા માટે જ છે.
આંતરશુદ્ધિ પ્રગટાવવાના હેતુથી હોય તો ઉપયોગી છે.
જીવનશુદ્ધિ સાધવા માટે થતો બાહ્યતપ આદરણીય છે.

પોતાના ધ્યેયની સિદ્ધિ માટે સહવું તે પરીષહ.
તપ, ત્યાગ અને પરીષહોનો ઉદ્દેશ આધ્યાત્મિક શાંતિ છે.
આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશો અને વિકારોની શાંતિ.

ક્રિયાયોગ રૂપ બાહ્યતપ એ
રાજયોગ રૂપ અભ્યંતર તપની પુષ્ટિ માટે છે.
રાજયોગની પુષ્ટિ દ્વારા ક્રિયાયોગ એ
સાધ્યસિદ્ધિમાં ઉપયોગી છે, સ્વતંત્રપણે નહિ.

મોક્ષપુરુષાર્થ સાધક વસ્તુ
વ્યવહારમાં નિરુપયોગી હોય એવું બનતું નથી.
આધ્યાત્મિક જીવનના પોષક નિયમો
વ્યવહારિક જીવનને પણ પોષે જ છે.

પ્રભુ પાર્શ્વનાથના ચતુર્યામો ત્રિવિધ ત્રિવિધ હતા, તેથી
તેમાં જૈન પરિભાષા મુજબ સમિતિ-સત્પ્રવૃત્તિનું તત્ત્વ
પણ હતું. વિશિષ્ટ સંઘરચના એ પણ વિધાયક તત્ત્વ છે.
તપમાં દેહદમન એ તો માત્ર સાધન છે, તેનું મુખ્ય

સાધ્ય તો ધ્યાન, ચિત્તશુદ્ધિ, સમાધિ આદિ
અભ્યંતર તપ છે, માનસિક અને આધ્યાત્મિક શુદ્ધિ છે.
બાહ્યતપની કિંમત અભ્યંતરતપમાં ઉપયોગી થવા પૂરતી છે.
દરેક જાતિમાં સાત્ત્વિક પ્રકૃતિવાળા, ઉદાત્ત ચારિત્રવાળા
તથા સમસ્તનું ભલું ઇચ્છનારા પુરુષો ઉત્પન્ન થાય જ છે.
સદ્ગુણપોષક અને ઉચ્ચભાવનાપોષક
સૂક્તો પણ દરેક સાહિત્યમાંથી મેળવી શકાય.
અહિંસા, પ્રેમ અને મૈત્રી આદિ
સાત્ત્વિક ગુણોનો પક્ષપાત એ જ સુભાષિતોનું લક્ષણ છે.
આવા ગુણોનો આધાર નિર્ભયતાની ભાવના છે.
વૈયક્તિક જીવન અને ધાર્મિક જીવન જીવવાની
ઇચ્છારૂપી જિજીવિષા એ ભયની પરંપરા જન્માવે છે.
ભયની પરંપરાથી બચવાનો એક જ ઉપાય
આત્માની અમરતાનો વિચાર છે.
'ષડ્રિપુના બંધનમાંથી કાયમનો છુટકારો મેળવવો'
એ જ મોક્ષનો અર્થ છે. મોક્ષ પણ એક સાધન જ છે,
તેનું અંતિમ સાધ્ય વિશ્વાત્મૈક્ય છે.
જીવનનો ચરમ અને પરમ આદર્શ તે છે.
દેહગત જીવન કરતાં સમાજગત જીવન

વ્યાપક, દીર્ઘકાલીન અને અર્થપૂર્ણ છે, તેમ
દેહગત વાસનાઓને રોકી સમાજગત જીવન શુદ્ધ અને
નિષ્પાપ કરવું આવશ્યક છે, જેનું સાધન શમ - દમ છે.

દોષિતધન એ ખાતે દુષ્ટ નથી, પણ
એની પાછળ રહેલી વૃત્તિ દુષ્ટ હોય તો તે ત્યાજ્ય છે.

ચામડી વિનાના શરીરની જેવું
ખાલી વૃત્તિવાળું મહારાજનું મન હોય છે, તેથી
પૈશુન્યને 'મર્મવિદ્' વિશેષણ આપેલું છે.

કુશલાશૂરતા એ સ્વાત્મ સૂચક છે. તેનાથી બચવું
એ વિદ્વાન અને સાધુવૃત્તિવાળાથી પણ દુષ્કર કર્મ છે.

<u>લોલુપતા અનેક પ્રકારની છે:</u>
સ્વાર્થ લોલુપતા, સ્વાદ લોલુપતા, કામલોલુપતા ઇત્યાદિ.
ઉન્માદક વાતાવરણ વચ્ચે અલોલુપતા સાધવી દુષ્કર છે.

<u>દયાનો મૂળ આધાર પ્રેમતત્ત્વ છે.</u>
પ્રેમતત્ત્વ જીવન સાથે ઓતપ્રોત છે. જીવન અને
પ્રેમ - *life & Love* એક અપેક્ષાએ પર્યાયરૂપ છે.
પ્રેમ કરવો, જીવવો, વિકસાવવો, વિસ્તારવો
એ જીવનની જ પ્રક્રિયા છે. પ્રેમ દર્શાવ્યા વિના કે
બાળનો પ્રેમ જીત્યા વિના જીવન કંટાળાભર્યું છે.

'પ્રિય' શબ્દ ઉપરથી 'પ્રેમ' શબ્દ ફલિત થયો છે.
પ્રેમ ચૈતન્ય છે, અપ્રેમ એ જડતત્ત્વનું જ નામાંતર છે.
સ્વાર્થ, ક્રોધાદિ પ્રેમતત્ત્વ વિકસાવવામાં આડે આવે છે.

ક્રોધ અને લોભની ઉત્પત્તિ પણ
અપેક્ષાએ કોઈ વસ્તુના પ્રેમમાંથી જ થયેલ હોય છે.
વિરોધી વૃત્તિઓમાં પણ પ્રેમનો અંશ પડેલો હોય છે.

એક વસ્તુ પ્રત્યે પ્રેમ થયો,
તેને વધારે પડતી ત્વરાથી સિદ્ધ કરવાની ઉતાવળમાં
આડે આવતાં તત્ત્વ પ્રત્યે ક્રોધ થઈ આવે છે.
આવે વખતે ધીરજ અને સમજણ કેળવવામાં આવે
તો પ્રેમનો આવેગ ક્રોધ અથવા આવેશનું રૂપ ન લેતાં
પ્રેમરૂપ કે સમત્વરૂપમાં પલટાઈ જાય છે.

પ્રેમતત્ત્વ જ સત્ય, શિવ, સુંદર છે.
ક્રોધ - લોભ જેવી વૃત્તિઓની સખત કસોટીમાંથી
ક્ષેમંકર રીતે પસાર થવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે. આવી
કસોટીમાંથી જ પ્રેમતત્ત્વનો વિકાસ-વિસ્તાર થાય છે.

દયાનો મૂળાધાર પણ પ્રેમ છે.
બધા સદ્ગુણો જ
પ્રેમરૂપી બીજનાં જ અંકુર, પલ્લવ અને પુષ્પો છે.

ચેતનતત્ત્વ એ બ્રહ્મ, ઈશ્વર કે આત્મા પોતે જ છે.
એનો જીવનગત કે અનુભવસિદ્ધ અર્થ 'અહિંસા' છે.

'હું સર્વત્ર સૌમાં છું, સૌ મારામાં છે,
અને બધા સમાન છીએ'

એ ભાવના કે દિવ્યદૃષ્ટિ વિના અહિંસા સિદ્ધ થઈ શકતી નથી.
અહિંસાના આચાર વિનાનો બ્રહ્મવિચાર કે
આત્મવિચાર એ માત્ર શુષ્કવાદ છે, તેથી
શાસ્ત્રોમાં અહિંસાની સાધનાને બ્રહ્મચર્ય સાધના કહી છે.
અહિંસા, બ્રહ્મ અને આત્મા એ બધા પર્યાયવાચી છે.

<u>અહિંસા એ પ્રેમની નિષેધ બાજુ છે અને
દયા એ તેની ભાવાત્મક બાજુ છે.</u>

સાચી અહિંસામાં દયા અને
સાચી દયામાં અહિંસા ન સમાય, એ બને જ નહિ.
ઋગ્વેદમાં સત્ય અને ઋત એ બે શબ્દો છે.

<u>'ઋત'નો અર્થ સહજ નિયમ.</u>

સૂર્યનો ઉદયાસ્ત તથા ઋતુચક્રનું ગમનાગમન આદિ
કુદરતના નિયમ પ્રમાણે જ થાય છે.
એ રીતે નિયમ એ ઋત છે અને
એ નિયમ જે સત્ ઉપર પ્રતિષ્ઠિત છે, તે સત્ય.

નિયમબદ્ધ ગતિ તે ઋત અને
તેમાં જે સંવાદિપણું તે સત્ય.

ચિત્રમાં રેખાઓ એ ઋત તથા સંવાદિતા એ સત્ય છે.
સંગીતમાં સ્વરો એ ઋત તથા સંવાદિતા એ સત્ય છે.
સંવાદિતા વિના રેખા અને સ્વરો એ માત્ર ખોખું છે.
ખોખા વિના સંવાદિતાનો આવિર્ભાવ જ અશક્ય છે.

'સંવાદિતા' એટલે પ્રકાશ, રસ, કલા ઈત્યાદિ.

ઋતને ધર્મ કહીએ તો સત્યને આત્મા કહી શકાય.
'આધ્યાત્મિકતા' એટલે વ્યક્તિગત જીવનમાં રહેલા દોષો,
વાસનાઓ અને કુસંસ્કારોને નિવારવા તે.

નિર્વૃત્તિ માર્ગનો સાચો અર્થ બીજાનો બોજ પોતા ઉપર
લેવો અને પોતાનો બોજ બીજા ઉપર ન નાંખવો તે.

૪ પ્રશ્નોત્તર

(૧) કઈ ચીજ એવી છે કે જે વધે જાય છે? તૃષ્ણા.
(૨) કઈ ચીજ એવી છે કે તે ઓછી થતી જાય છે? આયુ.
(3) કઈ ચીજ એવી છે જે વધતી - ઘટતી નથી? સંસાર.
(૪) કઈ ચીજ એવી છે કે જે વધે - ઘટે છે? મતિ.

o

Healing Light is nothing
other than the will power.

દિ. 19-10-69

સુખનો આધાર સંજોગો ઉપર નહિ,
પણ ઘટનાઓ પ્રત્યેના આપણા પ્રત્યાઘાતો ઉપર છે
એટલે સુખી થવું એ આપણા હાથની વાત છે.
આપણા આજના જીવનમાં જે કાંઈ બને એના સહજ
વિધાયક પ્રત્યાઘાતો આપવાનો નિર્ણય કરીએ,
તો આપણા આ વિધાયક વલણમાંથી આપણને
સુખ અને આનંદનો અનુભવ થશે. સુખ કે આનંદ
માટે આવતીકાલ ઉપર આશ માંડીને બેસવું નહિ પડે.
જ્યાં પરસ્પર લાગણી છે, ત્યાં ધર્મ છે,
જ્યાં ધર્મ છે, ત્યાં સુખ છે.
ગરીબોને અન્ન અને ધન મેળવવાની ચિન્તા છે,
ધનવાનોને અન્ન અને ધન અનુક્રમે
પચાવવાની તથા ટકાવવાની ચિન્તા છે.
પ્રવૃત્તિધર્મ = ચતુરાશ્રમ ધર્મ. નિવૃત્તિધર્મ = એકાશ્રમ ધર્મ.
તે કેવળ સંન્યાસ ધર્મને જ ઉપદેશ ગણે છે.
વૈદિક મંત્રયુગ અને બ્રાહ્મણયુગના વિસ્તૃત અને જટિલ
ક્રિયાકાંડો વખતે પણ આધ્યાત્મિક ચિંતન, તપ અનુષ્ઠાન
અને ભૂતદયાની ભાવના થોડા ઘણા વિદ્યમાન હતા.

કોઈ અદૃશ્ય શક્તિ માનવામાં ન આવે,
તો જટિલ ક્રિયાકાંડો ટકી શકે નહિ.

સદ્‌ગુરુભક્તિની ઉપાસના સાથે અદૃશ્ય દૈવશક્તિને નહિ પણ પ્રત્યક્ષ મનુષ્ય-વ્યક્તિનો સંબંધ હોવો જરૂરી છે.

સદ્‌ગુરુભક્તિની પ્રતિષ્ઠા એ દૈવ-દેવતાઓની પૂજાના સ્થાને આદર્શ ગુણયુક્ત મનુષ્યની પૂજાનું સ્થાન લઈ લે છે.

હૃદય ધબકારા કરવો, શ્વાસોચ્છ્‌વાસ લેવો,
જ્ઞાનેન્દ્રિયોથી જાણવું, કર્મેન્દ્રિયોથી કામ કરવું,
એટલું જ માત્ર જીવન નથી પણ
મનની અને ચિત્તની જુદી જુદી ભૂમિકાઓમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર સંવેદનો છે, તેને અનુભવવાં તે પણ જીવન છે.

એ બધાની પાછળ એક દૃષ્ટિ હોય છે. તે સાચી હોય તો જીવન ખોટ વિનાનું - ખોટી હોય તો ખોટવાળું સમજવું.

કેટલાક શબ્દો ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુને અને
કેટલાક મનોગ્રાહ્ય વસ્તુને લાગુ પડે છે.
જ્યાં શબ્દોનો અર્થ મનોગ્રાહ્ય કે અતીન્દ્રિય હોય,
ત્યાં સાચો અર્થ ગ્રહણ કરવો કઠિન હોય છે.

મન એ બધી ઇંદ્રિયોનો રાજા છે.
તે શ્રોત્રસ્ય શ્રોત્રં અને ચક્ષુષશ્ચક્ષુ છે.

બધી ઇંદ્રિયોનું જ્ઞાન મનથી થાય છે.
ઇંદ્રિયોના બધા અનુભવોનું પૃથક્કરણ,
સમાલોચન તથા પરીક્ષણ પણ મનથી જ થાય છે.
તેમાંના સત્યાસત્યનો વિવેક પણ મન કરે છે,
એટલું જ નહિ પણ સૂક્ષ્મ, દૂર, અંતરિત વિષયોને
પણ તે ગ્રહણ કરે છે અને અવગાહે છે, તેથી મનોગમ્ય
વિષયને સ્પર્શતા શબ્દોના અર્થની સાચી સમજણ વધારે
જટિલ હોઈ વધુ પ્રયત્નની અપેક્ષા રાખે છે.
શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અથવા
શ્રુત, ચિન્તા અને ભાવનાના બળ વડે
અતીન્દ્રિય અર્થોની સમજણને વિકસાવી શકાય છે.
અધ્યાત્મનું પહેલું પગથિયું એટલે જગતમાં
ચેતનતત્ત્વ છે, તેના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવવી અને
એ શ્રદ્ધાને પરિણામે ચેતન ઉપરનાં આવરણ અને
રાગ-દ્વેષાદિ આવરણોને ચારિત્રના સમ્યક્ પુરુષાર્થથી
ભેદવા માટે જે પ્રયત્ન કરવો, આ દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.
'ચેતન તત્ત્વમાં અને ચારિત્રબળ તત્ત્વમાં આવરણોને
ભેદવાની શક્તિ છે' એવી શ્રદ્ધા તે સમ્યગ્દૃષ્ટિ અને
એ બંનેમાં અશ્રદ્ધા તે મિથ્યાદૃષ્ટિ અથવા

તત્ત્વવિષયક શ્રદ્ધા - એનું જ નામ સમ્યગ્દ્રષ્ટિ તથા
તત્ત્વવિષયક અશ્રદ્ધા - એને જ મિથ્યાદૃષ્ટિ કહી શકાય.
તત્ત્વશ્રદ્ધા એ પણ સમ્યગ્દ્રષ્ટિનો છેવટનો અર્થ નથી.
સમ્યગ્દ્રષ્ટિનો છેવટનો અર્થ તત્ત્વસાક્ષાત્કાર છે.
તત્ત્વશ્રદ્ધા તેનું એક સોપાનમાત્ર છે. એ સોપાન દૃઢ હોય
તો જ યથોચિત પુરુષાર્થથી તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે.
જીવનમાત્રમાં ચેતનતત્ત્વને સમાનભાવે અનુભવવું,
તે સાક્ષાત્કાર છે.
એ પછી આત્મિકાદિ તત્ત્વ પણ માત્ર શ્રદ્ધાનો વિષય
ન રહેતાં જીવનમાં વણાઈ જાય છે, એકરસ થઈ જાય છે.
તત્ત્વ સાક્ષાત્કાર વખતે શ્રદ્ધા જીવંત બની જાય છે.
જે પ્રભુએ ભોળા ભક્તોને મદદ કરી છે,
તે શું તમને જ તજી દેશે?

૦ એવું નથી કે જૈનેતર શ્રુત જ મિથ્યા અને જૈન
શ્રુત જ સમ્યક્ છે પણ દૃષ્ટિ સમ્યક્ યા સાચી હોય,
તો જૈન - જૈનેતર ગમે તે શ્રુત સમ્યક્ હોઈ શકે છે
અને દૃષ્ટિ જ મૂળમાં વિપરીત હોય,
તો પછી જૈન કહેવાતું શ્રુત પણ મિથ્યાશ્રુત હોઈ શકે.
- દેવવાચક ગણિ, નંદી

o સાંખ્યદર્શને માનેલ રજસ્ - તમસ્
એ બે ગુણ પ્રકૃતિના ધર્મો છે.
તે માત્ર ત્રિગુણાત્મક પ્રકૃતિમાં જ ઘટી શકે, પરંતુ
વેદોમાં જે સત્ય - ઋત માન્યાં છે, તે એમ
ત્રિગુણાત્મક પ્રકૃતિમાં ઘટે છે, તેમ
ત્રિગુણાતીત શુદ્ધ પરબ્રહ્મમાં પણ ઘટાવ્યા છે.
એ દૃષ્ટિએ 'સત્ય એ શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિ અને
ઋત એ શુદ્ધ-અશુદ્ધ પર્યાયાર્થિક દૃષ્ટિ' એમ વિચારાય,
તો તે વેદોની એમ સર્વત્ર ઘટાવી શકાય.
જેમ રીતે ધ્રૌવ્ય અંશ 'સત્ય' છે અને
ઉત્પાદ - વ્યય અંશ એ 'ઋત' છે.
સત્યમાં 'અસ્' - સત્તાત્મક ધાતુનો પ્રયોગ છે અને
ઋતમાં 'ઋ' ધાતુનો પ્રયોગ છે, તે ગત્યર્થક છે.
આ દૃષ્ટિએ ઋત અને સત્યની વ્યાપકતા સમજી શકાય.
ધર્મ - અધર્મને કેવળ રજસ્ - તમસ્રૂપ માનવામાં
ઘણી સંકુચિતતા અને અવ્યાપકતા આવી જાય.
જેમ રીતે સત્યને Potential - અક્રિય અને
ઋતને Dynamic - Active - સક્રિય તરીકે
માનવામાં આવે તો તે પણ સુસંગત બને.

Pali, 21-10-69

મનુષ્યનો સ્વભાવ જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ પણ છે.
જિજ્ઞાસા વિશાળતામાં લઈ જાય છે અને
શ્રદ્ધા મક્કમપણું સમર્પે છે, પરંતુ
એ બંનેની સાથે જો આસુરીવૃત્તિ ભળે, તો
અંશ સત્યમાં પૂર્ણ સત્ય જોવાની ફરજ પાડે છે,
તેમાંથી સાચા - ખોટા અને ચઢતા ઉતરતાના ભેદો પડે છે,
જે અનિષ્ટ છે.
સત્ય એક અને અખંડ હોવા છતાં તેનો આવિર્ભાવ-
તેનું ભાન કાળક્રમથી અને પ્રકારભેદથી જ થાય છે.
પ્રત્યેક પ્રતીતિ આંશિક હોય છે,
તેને સંપૂર્ણતાનું નામ આપવામાં આવે તો તે અસત્ય છે.
ધર્મશાસ્ત્રો એ અખંડ સત્યની
દેશ, કાળ, પુરુષ, પ્રકૃતિભેદ પ્રમાણે
જુદી જુદી બાજુઓને રજુ કરતાં મહાકાવ્યો છે.
એ વાતને સમજવાથી આપણે આપણી
પોતાની વાતને વળગી રહેવા છતાં બીજાને અન્યાય
કરવાના નહિ બનીએ અને તેમ કરી બીજાને પણ
અન્યાયમાં ઉતરવાની પરિસ્થિતિથી બચાવી લઈએ.
સત્યને વફાદાર રહેવા માટે જરૂરનું એ છે કે તેના

ઈશ્વર તેમ વધારે ચિંતન આંકી અંધશ્રદ્ધા ન ખીલવવી
અને ઓછો આંકી અશ્રદ્ધા - નાસ્તિકતા ન દાખવવી.
'શાસ્ત્ર' શબ્દમાં 'શાસ્' ધાતુ વિષયને સમજાવનારો
અને 'ત્ર' ધાતુ ત્રાણ - રક્ષણ કરનારો છે.
રક્ષણ યથાર્થતાનું થાય છે અને
શિક્ષણ વિષયને વિસ્તારવાનું થાય છે.
એ રીતે 'શાસ્ત્ર' શબ્દ જ
જિજ્ઞાસા અને શ્રદ્ધા એ બે ગુણને પુષ્ટ કરવા માટે છે.
અંશસત્યના આવિર્ભાવની દૃષ્ટિએ બધાં શાસ્ત્રો છે.
પૂર્ણસત્યના આવિર્ભાવની દૃષ્ટિએ અશાસ્ત્રો છે તથા
અનુભવના - સામર્થ્ય યોગના
આવિર્ભાવની દૃષ્ટિએ જોવાનું કાંઈ જ નથી.
અભિનિવેશનું બંધન ટળે ખંડ સત્યોમાં પણ
અખંડ સત્યનું દર્શન થાય અને બધા જ
વિચારસરણરૂપી નદીઓ પોતપોતાની ઢબે એક જ
મહાસત્યના સમુદ્રમાં ભળે છે, એવી પ્રતીતિ થાય.
આ પ્રતીતિ કરાવવી એ જ શાસ્ત્રરચનાનો પ્રધાન ઉદ્દેશ છે.

I have faith in God,
In God, we trust.

## અહિંસા અને અનેકાંત

આખું જૈનત્વ એટલે સમભાવ કે સમદૃષ્ટિ - સત્યદૃષ્ટિ.
સમભાવ એટલે અહિંસા તથા સત્યદૃષ્ટિ એટલે અનેકાંત.
અહિંસા આચારને નિર્મળ બનાવે છે,
અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.
અહિંસા ભોગ - તૃષ્ણાનો ત્યાગ માંગે છે,
અનેકાંત સંકુચિતતાનો ત્યાગ માંગે છે.
વીતરાગ દૃષ્ટિ એટલે 'વસુધૈવ કુટુંબકમ્'ની દૃષ્ટિ.
સત્ય એટલે અનેકાંત તથા અહિંસા એટલે સમભાવ.

## ત્યાગી અને જ્ઞાની ગુરુ કોણ ?

ગુરુ એટલે માર્ગદર્શક કે ગુરુ એટલે બોજરૂપ, ભારે.
ત્યાગી અને જ્ઞાની ગુરુ એટલે
સેવા લેનારા જ નહિ, માર્ગદર્શક બની સેવા કરનારા.
શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ત્યાગનું અભિ દૂધ છે.
જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ગુણોમાં જે મોટા તે ગુરુ.
શુદ્ધાત્માના ઉપદેશ વડે તેઓ ઉપકાર કરે છે.
શુદ્ધાત્માને જાણવાની રીત શું છે ?
પોતાના સ્વાનુભવ વડે તે જણાય છે.
સદ્ગુરુની પ્રતિષ્ઠા પ્રેમ - નમ્રતા વડે જ થઈ શકે.

પાપને કે પુણ્યને કરવા કરતાં કરાવવામાં અને
સમ્મતિ દેવામાં વધુ દોષ કે ગુણ રહેલાં છે.

શાસન કરી - સમજાવી જાણને જગાડે તે શાસ્ત્ર અને
ટહાને જાણને જગાવવાની શક્તિ તે શસ્ત્ર.

જ્યાં ભેદ અને વિરોધ હોય,
ત્યાં ઉદારતા અને પ્રેમની જરૂર પડે છે.

ઉપષ્ટંભકં ચલં ચ રજઃ।
ગતિ vacuumમાં અસંભવ છે,
તેને ઉપષ્ટંભક જોઇએ - તે ધર્મ.

ગુરુવરણકમેવ તમઃ।
ભારે અને આવરણ કરનાર તે તમ - તે અધર્મ.

<u>બે જાતની ઉદારતા</u>

વિરોધી કે ભિન્ન ધ્યેયવાળા પ્રત્યે તટસ્થતા કેળવવાની
અને બીજી પોતાના આદર્શને મહાન બનાવવાની.

આદર્શ મોટો બને,
તો તેને સિદ્ધ કરવા માટે સઘળી શક્તિ પર્યાપ્ત છે
તથા ક્લેશ - કંકાસ માટે સમય ફાજલ રહેતો જ નથી.
કાળ નિરવધિ છે અને પૃથ્વી વિશાળ છે. ગમે ત્યારે
કોઈને કોઈ સત્યને સમજવાનું અને આચરવાનું છે જ.

ભેદ અને અભેદ શાશ્વત પણ છે,
કારણકે તે ઉત્પન્ન કે નષ્ટ નહિ થતા તેમ જ
અશાશ્વત પણ છે, કેમકે તે ઉત્પન્ન અને નષ્ટ
થાય છે ઉપરાંત અનેક પરિવર્તનોને અનુભવે છે.

નિહ્નવ = આગમના ઉત્થાપક. જમાલિનું કહેવું હતું કે:

ધારેલું ફળ ન આવે ત્યાં સુધી
તે માટે ચાલતા પ્રયત્નને સફળ ન જ કહી શકાય.

શ્રી મહાવીરનું કહેવું હતું કે:

ધારેલું છેવટનું ફળ મળ્યા પહેલાં પણ
તે માટેના ચાલુ પ્રયત્નને સફળ પણ કહી શકાય.

બૌદ્ધ શાસ્ત્રોમાં દેવદત્ત પ્રથમ સંઘભેદક છે.
જૈન શાસ્ત્રોમાં જમાલિ પ્રથમ નિહ્નવ છે.

અનેકાંત એ માત્ર વિચારનો જ વિષય નહિ પણ
આચરણ સુધ્ધાંમાં તેનું સ્થાન છે.

અનેક પ્રામાણિક દૃષ્ટિઓનો સમુચ્ચય તે અનેકાંત.
તેને સંગ્રહનયથી બે ભાગમાં સંગ્રહીએ તો
વ્યવહારદૃષ્ટિ અને (નિશ્ચય ઉર્ફે) પારમાર્થિકદૃષ્ટિ.
પ્રથમ દૃષ્ટિ સ્થૂલ અનુભવ ઉપર ઘડાયેલ છે અને
બીજી માન્યતા સૂક્ષ્મ અનુભવને આધારે નક્કી થયેલ છે.

સ્થૂળતાને કારણે પ્રથમ વ્યવહારદૃષ્ટિમાં
વિવિધ પ્રકારના અનુભવો હોય છે.
બાદ પારમાર્થિકદૃષ્ટિ સૂક્ષ્મ હોવાના કારણે
તેમાં અનુભવોની એકતા હોય છે.
પહેલી વ્યવહારદૃષ્ટિમાં સાધ્ય - સાધનનો ભેદ અને
બાદ પારમાર્થિકદૃષ્ટિમાં અભેદ હોય છે.
પહેલીના અધિકારી ઘણા, બાદના વિરલ હોય છે.
નિશ્ચય દૃષ્ટિને ધ્યાનમાં રાખીને
વ્યવહાર દૃષ્ટિને અનુસરવાથી ક્રમિક વિકાસનો સંભવ છે.
પ્રયત્ન ચાલતો હોય, ત્યારે પણ જેટલે અંશે
પ્રયત્ન સિદ્ધ થયો તેટલે અંશે ફળપ્રાપ્તિ પણ થયેલી છે.
આ માત્ર આશાવાદ નહિ પણ ઊંડું રહસ્યભૂત સત્ય છે,
તેથી સ્થિરતા ટકી રહે છે અને અધીરાઈ આવતી નથી
એ અનેકાન્ત દૃષ્ટિનું ફળ છે.
પ્રયત્નના આરંભ ક્ષણથી સમાપ્તિની છેલ્લી ક્ષણ સુધીની
અખિલ પ્રયત્નધારા એ જ ફળ છે, નહિ કે પ્રયત્નને
અંતે તેનાથી અલગ થતું માત્ર જુદું જ ફળ છે.
તેને 'કડેમાણે કડે |' શબ્દથી સંબોધાય છે.
'કડે કડે |' એ વ્યવહારનો મત છે.

એ મત મુજબ ક્રિયમાણ કાર્યના પ્રારંભથી
તેની સમાપ્તિ સુધીનો જે પ્રયત્ન એ સાધન છે અને
અંતે ઉત્પન્ન થતું ફળ એ સાધનથી જુદું છે.
એ વ્યવહારનયની દૃષ્ટિ છે.
'કડેમાણે કડે ।' એ નિશ્ચયનયની દૃષ્ટિ છે.
નિશ્ચયદૃષ્ટિ કહે છે કે યથાવિધિ પ્રયત્ન એ જ ફળ છે.
આ માન્યતાને લક્ષ્યે પરિણામ સુધી પહોંચી શકાય છે
અને ફળના અધિકારી થઈ શકાય છે.
'કડેમાણે કડે ।' તથા 'ક્રિયમાણં કૃતં ।'
એ નિશ્ચયનયનો મત છે.
તેનો અર્થ જે કાંઈ ક્રિયા કરવામાં આવે છે,
તેનું ફળ તે જ વખતે મળી રહે છે,
તેને માટે કાળનું વ્યવધાન આવશ્યક નથી.
ક્રિયાકાળે જ જો તેનું ફળ મળતું ન હોય,
તો પછી પણ ક્યારેય મળે નહિ.
'કારણ પહેલું - કાર્ય પછી' એ વ્યવહારનયનો મત છે.
તે નિશ્ચયનયથી નિરપેક્ષ હોય તો અસત્ય છે.
કાર્ય પૂર્ણ થવાની અંતિમ ક્ષણે જ કાર્ય થયું કહેવાય,
તે વ્યવહાર અપેક્ષાએ સત્ય છે.

નિશ્ચયની અપેક્ષાએ પ્રતિક્રમણ કાર્ય થયું હોય, તો
જ સાંતિક કશું થઈ શકે, એ પણ તેટલું જ સત્ય છે.
વ્યવહારદૃષ્ટિ ક્રિયાકાળ - નિષ્ઠાકાળને એક જ માને છે,
નિશ્ચય દૃષ્ટિ બંનેને ભિન્ન તરીકે સ્વીકારે છે.
બન્ને દૃષ્ટિ મળીને જ કાર્યની સિદ્ધિ થાય છે.

ભવસમુદ્રનો પાર પામવા કહ્યું છે કે:

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર.
સોભાગી જિન સીમંધર સુણજો વાત.

ગીતામાં પણ કહ્યું છે કે:

કર્મયોગમાં પ્રારંભેલ પ્રયત્નનો નાશ નથી,
તેમાં પ્રત્યવાય કે અંતરાય પણ નથી.
કર્મયોગ એટલે કે ધર્મનું થોડું પણ આચરણ,
તેના આચરનારને મહાન ભયથી બચાવી લે છે.
'કર્મ ઉપર અર્થાત્ પ્રયત્ન ઉપર જ તારો અધિકાર છે,
ફળ ઉપર કદી પણ નહિ.
પ્રયત્નના ફળની તૃષ્ણાવાળો તું ન થા અને
કર્મનો ત્યાગ પણ ન કર.'
અહીં નિશ્ચયદૃષ્ટિનું વર્ણન છે.

## દીક્ષાનો ઉદ્દેશ એટલે જીવનશુદ્ધિ

'લક્ષ' એટલે જીવ. ક્રિયામાં લક્ષ પુરવો એટલે
ક્રિયાને જીવંત બનાવવી, જીવવાળી કરવી.
દીક્ષાનો ઉદ્દેશ જીવનની શુદ્ધિનો છે.
જીવનશુદ્ધિ એટલે જીવન શું છે?
તેનો સમાજ અને વિશ્વ સાથે સંબંધ શો છે?
તે વિચારવું અને એ વિચાર્યા પછી
જે વાસનાઓ અને મળો, સંકુચિતતાઓ અને સ્વાર્થો
જણાય, તેને દૂર કરવાને માટે યથાર્થ પ્રયાસ કરવો.
દીક્ષાને સફળ કરવા માત્ર દેહદમન જ નહિ પણ
સૂક્ષ્મ ચિંતનો, અલૌકિક ધ્યાનો આવશ્યક છે.
તપ પણ ઈંદ્રિયનિગ્રહ અને મનોનિગ્રહપોષક જોઈએ.
માનવમન, શરીર અને વિચારો - એ બધું
વાતાવરણનું જ સ્થૂળ અને સૂક્ષ્મરૂપ છે.
આજના મહાપુરુષો અને સંતો કોણ છે,
આજે જે મહાન વિદ્વાનો અને વિચારકો જણાય છે,
એને જોવા, જાણવા, વિચારવા જોઈએ.
o અહિંસા - અપરિગ્રહની પૃષ્ઠ ભૂમિકા અનેકાંત છે.
દૃષ્ટિવિકૃતિ એ ધર્મની એક બાજુ છે:

આત્મકલ્યાણની માત્ર એ પ્રાથમિક શરત છે, તેની સાથે સત્પ્રવૃત્તિનો આગ્રહ ન રહે તો તે કૃત્રિમ બની જાય છે.

મંદિરનું શિખર ઊંચું રાખવામાં આવે છે,
તેની પાછળ આદર્શને ઉચ્ચ રાખવાનો પણ હેતુ છે.

'તન - ધનકી કૌન બડાઈ' એમ કબીર કહે છે.
તેનો અર્થ તન - ધન નિરર્થક છે, એમ નહિ પણ
તેની બડાઈ - અભિમાન નિરર્થક છે.

'મિચ્છામિ દુક્કડં'નો અર્થ : પોતાની ભૂલો તરફ જુઓ, પરના દોષો તરફ નહિ. અવગુણોને વધતા અટકાવો. એથી મનની મોટાઈ કેળવાય તથા બીજાના ગુણો તરફ જોવાનું મન થાય. એનું જ નામ છે 'આધ્યાત્મિકતા'.

આસો સુ-૮, Palitana

સ્વાધ્યાયના સ્થૂલ સ્વરૂપ સાથે તેનું સૂક્ષ્મ સ્વરૂપ પણ છે. તે સ્વાધ્યાયનો પારમાર્થિક હેતુ છે. જીવોની કર્મપરવશતાના ખ્યાલ સાથે કર્તવ્યમાં અને પરોપકારમાં પ્રવર્તવાની સ્થિતિ પેદા કરવાનો શક્ય પ્રયત્ન ચાલુ રહેવાથી તે હેતુ સિદ્ધ કરી શકાય છે. એથી કાષાયિક ભાવો મંદ પડતા જાય છે અને આત્મિક તથા શારીરિક આરોગ્ય ઉપર પણ તેની સુંદર અસર થાય છે.

October, 1969

## પંચ પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાળામાંથી - પ્રાણાયામ વિષે

જેમાં કુંભક ન હોય,
તે પ્રાણાયામ નહિ પણ વ્યાયામ ગણાય છે.
બે પ્રકારે પ્રાણાયામ: દ્રવ્ય પ્રાણાયામ - ભાવ પ્રાણાયામ.
દ્રવ્ય પ્રાણાયામમાં પવનનો નિરોધ હોય છે,
ભાવ પ્રાણાયામમાં માનસિક અશુદ્ધ વિકલ્પોનો નિરોધ હોય.
દ્રવ્ય પ્રાણાયામની સાધનાથી વાત, પિત્ત અને કફ-
એ ત્રણે પ્રકારોના દોષ નાશ પામે છે.
ભાવપ્રાણાયામથી મિથ્યાત્વ મંદ થતાં વિષયકષાય નાશ પામે.
એ રીતે બંને પ્રકારના પ્રાણાયામથી
બાહ્ય તેમ જ અંતરંગ બધા દોષો શમે છે,
કાંતિ, પુષ્ટિ, ધૈર્ય વગેરેની વૃદ્ધિ થાય છે તથા
સાધક અકલુષિત મનવાળો થાય છે અને મનની તે
અકલુષિતતા ઔદાસિન્ય - માધ્યસ્થ્યના સેવનથી વધે છે.
વળી સાધક પ્રમાદરહિત થઈને અલ્પાન્નનું સેવન કરે છે,
એથી ધર્મરુચિ વધે છે તથા બાહ્યમલરૂપ શારીરિક રોગો
નષ્ટ થઈ અંતરંગ મલરૂપ અશુદ્ધ ધ્યાનાદિ ટળે છે.
એ રીતે સાધક શુભ અધ્યવસાયવાળો થાય છે.

આવી આદત જો હૃદયકમળમાં ગુરુગમપૂર્વક પાંચ વાયુના પાંચ બીજની સ્થાપના - ધારણા કરે તો કાળક્રમે તે પાંચે વાયુઓનું સમ્યગ્ ગ્રહણ - ઉત્થાન થાય છે કે જેના વડે અંદર અનાહત નાદ પ્રગટે છે.

(૨) શબ્દ - અર્થ - લક્ષ

પ્રત્યેક શબ્દના સ્થૂળ અર્થ ઉપરાંત
એની પાછળ ખાસ લક્ષ કે ગ્રહણ પણ હોય છે અને
તે બુદ્ધિ અને વિચારથી ગ્રહણ કરવાનો હોય છે.

'અદત્તાદાન વિરમણ'નો અર્થ
માલિકે ન આપેલા વસ્તુનું અગ્રહણ - એ શબ્દાર્થ છે.
તેનો લક્ષાર્થ લોભ અને લદના ત્યાગમાં છે.
લોભ અને લદ જેવી મલિનતમ વૃત્તિઓ જ
અદત્તાદાનની પ્રેરક હોય છે, તેથી
અદત્તાદાનના ત્યાગની પ્રતિજ્ઞા પાછળ ખરી રીતે
આવી વૃત્તિઓનો ત્યાગ કરવાનો હોય છે.

ત્રીજા મહાવ્રત એવા અદત્તાદાન દ્વારા
નિર્લોભપણું અને નિર્લદપણું પોષવાનું હોય છે.
મહાવ્રતોનો હેતુ શાંતિ અને ચિત્તશુદ્ધિ સાધવાનો છે.
તે માટે ધૈર્ય અને સહનશીલતા મુખ્ય સાધન છે.

## (૨) ઉત્સર્ગ તથા અપવાદ

ઉત્સર્ગ = સામાન્ય નિયમ. અપવાદ = વિશેષ નિયમ.
અપવાદ એ ઉત્સર્ગનો પોષક છે અને
ઉત્સર્ગનો પોષક હોય ત્યાં સુધી જ તે અપવાદ ગ્રાહ્ય છે.
ઉત્સર્ગ સર્વ દેશ - કાળમાં લાગુ પડે છે,
અપવાદ તો કોઈક જ સ્થળ - કાળમાં લાગુ પડે છે.
અપવાદને દેશ - કાળ - સંયોગોની મર્યાદા છે.
કેવળ અપવાદને આગળ કરી જેઓ વર્તે છે,
તેઓ મંદ ધર્મી છે અને મૂળચ્યુત છે.

o જે (આપણને) સુધારે તે શાસ્ત્ર.

જૈન તીર્થનો આત્મા અહિંસા અને શાંતિ છે.
સાધુ એટલે સાધક.
સાધક એટલે અમુક ધ્યેયની સિદ્ધિ માટે સાધના કરનાર.
સાધુઓનું મુખ્ય ધ્યેય જીવનશુદ્ધિનું હોય છે.
જીવનને શુદ્ધ કરવું એટલે તેમાં રહેલાં
મળ, વિક્ષેપો અને આવરણોને ટાળવા.
અંતર્દૃષ્ટિ અને સૂક્ષ્મ વિચારણા વડે જ તે શક્ય છે.
લોકમાન્ય તિલક કહે છે તેમ
ગુજરાતની જનપ્રકૃતિની અહિંસા જૈનધર્મને આભારી છે.

જૈન તીર્થોની ઈમારત તપ, ત્યાગ અને
આધ્યાત્મ ચિન્તનના પાયા ઉપર ઉભી થયેલ છે, તેથી
તેનો પ્રાણ અને આત્મા પણ એ જ છે.
જ્યારે વૃત્તિ અંતર્મુખ હોય છે, ત્યારે જ
તપ, ત્યાગાદિ તત્ત્વો જન્મે છે - વિકસે છે અને તેથી જ
શાંતિ, સમાધિ અને સહિષ્ણુતા વધે છે.
બહિર્મુખવૃત્તિ ક્લેશ - કંકાસ - અસમાધિને જન્માવે છે.
તીર્થનું તીર્થપણું આત્મા અને તેની ભાવનામાં રહેલું છે.

જૈનોના ત્રણે ફીરકાના
અસ્તિત્વનું કે જીવનનું તત્ત્વ એક જ છે.
એ તત્ત્વ એટલે વીતરાગપણાની ભાવના અને ઉપાસના.
અભેદનું આ તત્ત્વ એક અને અસલી છે.
વિરોધ અને ભેદ - એ બે એક નથી.
વિરોધ હોય ત્યાં કદાગ્રહ હોય છે.
કદાગ્રહ એટલે સ્વોત્કર્ષ અને પરાપકર્ષ.
કદાગ્રહમાંથી રાગશત્રુતા પોષાય છે.
ત્રણે ફીરકાઓનું લક્ષ્ય અહિંસા અને સમ્યગ્જ્ઞાનની-
અનેકાંતવાદની ઉપાસના હોય, તો તે એક માટે ઉપાસ્ય
તથા માર્ગોની ભિન્નતા એ બાધક નહિ પણ સાધક છે.

જ્યાં દ્વેષ હોય, ત્યાં સંગઠન કેવી રીતે સંભવે ?

ધાર્મિક શિક્ષણમાં ગોખણપટ્ટીનું સ્થાન
સમજશક્તિ અને કલ્પનાશક્તિ લે,
તો સમય અને શક્તિ વેડફાતાં અટકે છે.

## ધ્યાન કોને કહેવાય ?

યતિના અને વીર્યાદિ ગુણોનું
સ્વરૂપના ઉપયોગમાં લીન થવું, તે 'ધ્યાન' કહેવાય છે.
ભાવના, અનુપ્રેક્ષા કે ચિન્તન
એ ધ્યાનની અભ્યાસક્રિયા ગણાય છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની અભેદ ધ્યેયની એકાગ્રતા
રૂપ પરિણતિમાં એકતા અથવા નિર્વિકલ્પ સ્થિતિ કે
તારતમ્યરહિત ચૈતન્યની પરિણતિ તે 'સમાપત્તિ' છે,
જેમાં મનની-પરાશ્રયરૂપ વૃત્તિની જડ ક્ષીણતા થયેલ હોય
એવા ઉત્તમ મણિ સમાન અંતરાત્માને વિષે પરમાત્માના
ગુણનો સંસર્ગારોપ અને પરમાત્માનો અભેદ-આરોપ,
એ ધ્યાનનું ફળ અતિ વિશુદ્ધ સમાધિ છે.
સંસર્ગારોપ તે તાત્સ્થ્ય - અભેદારોપ તે તદંજનતા છે.

નિર્મળ અંતરાત્મા એટલે
કષાય અને વિકલ્પરૂપ મળથી રહિત અંતરાત્મભાવ.

સમાપત્તિ થવાથી ધ્યાનની સિદ્ધિ થાય છે.

પરમાત્મા તે ઘાતીકર્મરહિત અરિહંત કે અષ્ટકર્મરહિત સિદ્ધ અથવા તો સદ્દૃષ્ટિથી સત્તામાં રહેલ સિદ્ધાત્મા. અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ તે ધ્યાનનું ફળ છે
અને તે સંસર્ગારોપથી સિદ્ધ થાય છે.

સંસર્ગારોપ = તાત્ત્વિક અનંતગુણો આવિર્ભાવ પામેલા છે એવા સિદ્ધાત્માઓના ગુણોને વિષે અંતરાત્માનો ઉપયોગ. ચંચલ ચિત્તવાળાને તે ઇંદ્રિયનિરોધ વિના થતો નથી. તે નિરોધ જિનપ્રતિમાદિ આલંબન વિના થતો નથી,
માટે તત્ત્વની પ્રાપ્તિમાં સ્થાપના ઉપકારક છે.

૦ વાંછાતિરસ્કારક તપ એ ગુણવંતના બહુમાન વડે ધ્યાનના ત્રિવિધ ફળથી યુક્ત હોવાથી કરવા યોગ્ય છે.

અભવ્યોને ધ્યાનનું ત્રિવિધ ફળ હોતું નથી, કેમકે તેમને સમ્યગ્દર્શનના અભાવે ગુણવંતનું બહુમાન નથી, તેથી ધ્યાનોપયોગશૂન્ય તપ કાયક્લેશ માત્ર બને છે.

અભવ્યોના અનંતકાળના બાહ્ય આચરણ પણ
ધ્યાનોપયોગના શૂન્યપણાથી નિષ્ફળ જાય છે.

કષાયરહિત માટે સાધુ એ ધીર - સત્ત્વવંત છે અને નોકષાયના આવેગથી રહિત માટે શાંત - ઉપશમવંત છે.

સમભાવનાં સુખનું મૂળ આત્મામાં એકાગ્રતાનો ઉપયોગ છે.
તેથી ધીર - શાન્ત સેવકો નવમા રસના નાયક છે.
વળી બાહ્યેન્દ્રિયને અનુસરનારી
મનની વૃત્તિને રોકનારા સેવકો જિતેન્દ્રિય પણ છે.

## થોડા પ્રશ્નોત્તર

પ્ર. શુદ્ધાત્માને જાણવાની રીત શું છે?
ઉ. પોતાના સ્વાનુભવ વડે તે જણાય છે.
પ્ર. સૌથી મોટો રોગ કયો? ઉ. આત્મભ્રાન્તિ.
પ્ર. જીવ શાથી હેરાન થાય છે? ઉ. આત્માના અજ્ઞાનથી.
પ્ર. સંસારમાં જીવને દુર્લભ શું? અને અપૂર્વ શું?
ઉ. ત્રસપણું, પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યપણું,
ઉત્તમ જાતિ - કુળ, પંચેન્દ્રિય પૂર્ણતા,
દીર્ઘ આયુ અને સાચા દેવ - ગુરુ દુર્લભ છે.
આ બધું દુર્લભ છતાં પૂર્વે મળ્યું છે, પછી આત્મરૂચિ કરી
સમ્યગ્દર્શન પ્રગટાવવું તે દુર્લભ અને અપૂર્વ છે.
પ્ર. સૌથી દુર્લભ શું છે?
ઉ. મુનિપણું અને કેવળજ્ઞાન સૌથી દુર્લભ છે.
નિગોદમાં પણ જીવ શરીરરૂપ નહિ પણ ઉપયોગરૂપ
જ રહે છે. સિદ્ધ દશા એટલે કેવળ આત્માનો આનંદ.

આત્માનો સ્વસન્મુખ ઉપયોગ તથા વીર્ય એની તરફ છે.
વીર્ય અને ઉપયોગ એ જ્ઞાન-આનંદ સહિત જ રહેય છે.
આત્મા પોતે સ્વવીર્ય વડે શુદ્ધોપયોગની રચના-
શુદ્ધોપયોગનું સર્જન કરીને સિદ્ધિને પામે છે. રાગમાં
આકુળતા - જ્ઞાનમાં અનાકુળતા - અનાકુળતામાં આનંદ છે.

રાગ એ કઠોર છે, જ્ઞાન એ કોમળ છે.

કઠોરતાનો નાશ કોમળતા વડે થાય છે.

દ્રવ્યાનુયોગમાં ૬ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે અને
તેમાં શુદ્ધાત્માનો મહિમા ગાઈ અનુભવની રીત બતાવી છે.
નિશ્ચય - વ્યવહારને જાણી નિશ્ચય સ્વરૂપમાં આરૂઢ
થવાનું છે. લોકરચના શાશ્વત છે, તેમ તેને વર્ણવનાર
શાસ્ત્રોની પરંપરા પણ અનાદિ - અનંત છે અને
તેનું જ્ઞાન કરનારા જીવો પણ શાશ્વત છે.

અર્થ, શબ્દ, જ્ઞાન - ત્રણે સાથે રહેનારી વસ્તુઓ છે.

ચારે અનુયોગ દ્વારા વસ્તુનું સ્વરૂપ સમજી
શુદ્ધાત્માનું ધ્યાન કરવું એ ઉપદેશ માત્રનો સાર છે.
વીતરાગ સ્વરૂપ અને શુદ્ધાત્માનું સ્વરૂપ એક જ છે.
આત્માના શુદ્ધ - વીતરાગ સ્વરૂપમાં દૃષ્ટિની - ઉપયોગની
એકાગ્રતા સાધવી એ શુદ્ધ ઉપદેશનો સાર છે.

શુદ્ધોપયોગ = વીતરાગ સ્વરૂપમાં આત્માને જોડવો.
આ જોડાણથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે.
શુદ્ધ દૃષ્ટિ આત્માના પૂર્ણ સ્વરૂપને જોનારી છે.
શાસ્ત્રોનું સાચું રહસ્ય સમજવા પૂર્ણ દૃષ્ટિ કેળવવી.
અણુવ્રત - મહાવ્રતોનું આચરણ પણ
ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરવાનું સાધન માત્ર છે.
જનરંજન છોડીને જિનરંજન તે આત્મરંજન છે.
આત્મરંજન આત્માના અનુભવ વડે શક્ય છે.
જનોક્તમાર્ગ છોડીને જિનોક્તમાર્ગને અનુસરવું જોઈએ.
લોકોને રાજી કરવાનું છોડી આત્માને રાજી કરવો,
તે જિનરંજન છે તથા આત્મરંજન જિનોક્તમાર્ગ છે.
સંસાર પરિભ્રમણનો અંત લાવવાનું સાધન મોહને છોડીને
આત્મસ્વભાવનું ધ્યાન - ચિન્તન કરવું તે છે.
જેમ નેત્ર અગ્નિને દેખે છે, પણ
અગ્નિનું સર્જન કે વેદન કરતું નથી, તેમ
આત્મા જ્ઞાન - દર્શનરૂપી ચક્ષુ વડે રાગાદિને જાણે છે,
પણ તેનું સર્જન કે વેદન કરતો નથી.
શુદ્ધ જ્ઞાન જેમ અકર્તા - અભોક્તા છે તથા
સર્જક કે વેદક નથી, તેમ જેમ

શુદ્ધ જ્ઞાન પરિણતિરૂપે પરિણમેલો જીવ પ્રભુ
અકર્તા - અભોક્તા છે, કિન્તુ વેદક કે સર્જક નહિ.
જ્ઞાન ભાવ પરિણમન તે શુદ્ધ ધર્મ છે, ભાવધર્મ છે.
તેને શ્રદ્ધા - જ્ઞાન - અનુભવમાં લેવો તે મોક્ષમાર્ગ છે.

બાહ્ય ચક્ષુ એ પુદ્ગલની રચના છે.
આત્મા જ્ઞાનચક્ષુવાળો - જ્ઞાનનેત્રવાળો છે.

આત્મા અકષાયરૂપ છે, તેથી શાંત અને શીતળ છે.
જ્ઞાન અને દર્શનગુણ શાંત અને શીતળ છે.
રાગમાં આકુળતારૂપ અગ્નિ છે,
જ્ઞાનમાં શીતળતારૂપ શાંત રસ છે.

જ્ઞાનચેતના રાગાદિ રહિત છે માટે અકર્તા છે અને સુખાદિથી રહિત છે માટે અભોક્તા છે. શુદ્ધ જ્ઞાન-સ્વરૂપ આત્માને ઓળખીને અનુભવવો તે ધર્મ છે.

જેમ આંખ છે, તો શરીરની શોભા છે,
તેમ આત્માની શોભા ચૈતન્યચક્ષુ વડે છે.

સંસાર અસાર છે, તેમાં પોતાનો આત્મા જ સાર છે, નિજસ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન જ અતિદુર્લભ છે, તેથી તે માટે ઉદ્યમ કરવો એજ કર્તવ્ય છે. દેહરૂપી ગુફામાં અંદર ઊંડે ઊંડે આત્મા છે, તેને લક્ષમાં લ્યો.

## મરણને જાણનારા જ્ઞાનીઓ

સિદ્ધભગવાનને શોધવા અંતર્મુખ થઈને આત્મામાં જો.

દેહ આવે અને જાય

પણ આત્મા કદી દેહરૂપ ન થાય.

રાગમાં કદી સુખ નહિ અને વીતરાગતામાં કદી દુઃખ નહિ.

મરણને જાણનારો કદી પોતે મરતો નથી.

દેહ આવ્યો અને ગયો, આત્મા તો એ નો એમ રહ્યો.

આત્માને આત્માનો વિયોગ કદી હોય નહિ.

શરીરના વિયોગે આત્માનો વિયોગ થતો નથી.

## જ્ઞાન અને ક્રિયા

આગમ અને યુક્તિરૂપી આદર્શમાં જે શુદ્ધ આત્માનું
સ્વરૂપ દેખાયું - જાણવામાં આવ્યું, તે જ્ઞાન છે અને
તે મુજબ ધ્યાન કર્યું, તે ક્રિયા છે.

'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ ।' એનો આ ટુંકો અર્થ છે.

જ્યાં સમ્યક્ત્વાદિ છે, ત્યાં સુખ છે અને
મિથ્યાત્વાદિ છે, ત્યાં દુઃખ છે.

સુખ અને દુઃખ એ સંયોગ - વિયોગમાં નથી પણ
જીવની આકુળતા - નિરાકુળતામાં છે.

દેહ અને રાગાદિમાં એકત્વ બુદ્ધિ તે મિથ્યાત્વ છે.

આત્મામાં અસ્તિત્વ બુદ્ધિ તે સમ્યક્ત્વ છે.
શુભ વિકલ્પરૂપી રાગાદિ સ્વર્ગ મળે, આત્મા ન મળે,
આત્મા તો નિર્વિકલ્પ રૂપી જ્ઞાનાદિ મળે.
'હું જ્ઞાનસ્વરૂપ છું' એ ભૂલીને 'હું રાગ - વિકલ્પરૂપ છું
અને શરીરસ્વરૂપ છું' એવી બુદ્ધિ તે સંસારનું મૂળ છે.
જીવ જ્ઞાનસ્વરૂપ છે, શરીર જડ છે.
બહારની બધી અનુકૂળતા હોય પણ
અંતર્લક્ષ ન હોય તો સમ્યગ્દર્શન ન થાય.
પ્રતિકૂળતા વચ્ચે પણ અંતરમાં 'હું જ્ઞાનસ્વરૂપ છું'
એવું લક્ષ હોય તો સમ્યગ્દર્શન થાય.
આત્મા કેવો છે ? દેહાદિ ભિન્ન - ચૈતન્ય સ્વરૂપ.
નવ તત્ત્વોમાં ઉપાદેયતત્ત્વ નિશ્ચયથી શુદ્ધ જીવતત્ત્વ છે.

દેહબુદ્ધિ ક્યારે છૂટે ?

ઉપયોગ સ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે.

પરથી ભિન્નતા જાણીને સ્વમાં ઠરે,
ત્યારે સુખનો આસ્વાદ અનુભવે.
આત્મા ચિન્મૂર્તિ અને જ્ઞાનમૂર્તિ - અમૂર્ત છે.
જ્ઞાન અને આનંદ કેવળ આત્મામાં છે, દેહ કે રાગાદિ
વિકલ્પોમાં નહિ. આત્માને અનુભવ વડે જાણી શકાય છે.

ઉપયોગ એ જીવના ચક્ષુ છે.
જીવે શેનો વિચાર નથી કર્યો? પોતાના સ્વસ્વરૂપનો.
અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ જાય?
નામ સાથે તેમનું સ્વરૂપ ઓળખવાથી જાય.
અર્હંતપણું એટલે અસ્તિત્વ બુદ્ધિ સ્વસ્વરૂપમાં રહે તે.
તે જ સાચું અર્હંત્વ છે.
અરિહંત - સિદ્ધ વગેરેની સાચી ઓળખ ક્યારે?
ઉપયોગ સ્વરૂપ આત્માને ઓળખે ત્યારે.
આત્મા સદા ઉપયોગ વડે જીવે છે,
માત્ર દેહ અને ખોરાક વડે નહિ.
સાચું સામાયિક અને પ્રતિક્રમણ ક્યારે?
મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ અંગીકાર કરે ત્યારે.
શરીરથી આત્માને ઉપયોગ સ્વરૂપથી ભિન્ન માને
ત્યારે સમ્યક્ત્વ અને તે સહિત સામાયિક -
પ્રતિક્રમણાદિ ધર્મરૂપ બને. સમ્યગ્દર્શન એટલે...
આત્મસાક્ષાત્કાર અથવા અંતર્મુખી આત્માનું સ્વસંવેદન.
ઈંદ્રિય અને મનથી જે પરલક્ષ થાય છે,
તેને ફેરવીને મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરતાં
આત્મા પ્રત્યક્ષ અનુભવાય છે, તે પ્રકાર અનુભવને
સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

જ્યાં સુધી શરીરાદિ જડ વસ્તુની ક્રિયા અને રાગની-
વિકલ્પની ક્રિયાને જીવ એકાંતે પોતાની માને,
ત્યાં સુધી તે સાચી સમજણના માર્ગે નહિ.
સ્વરૂપના ભાન વગર સાચી શાંતિ અશક્ય છે.
સ્વરૂપ ચૂકીને જ્યાં જશે, આ ભવમાં કે પરભવમાં,
તેને શાંતિ કેવી રીતે મળશે ?
સમયસાર, સિદ્ધાંતસાર, આગમસાર, ચૌદ પૂર્વ અને
દ્વાદશાંગસાર નવકાર શુદ્ધ આત્મા છે.
રાગાદિ ભિન્ન થઈ જ્યારે જ્ઞાન સ્વસન્મુખ બને છે
અને અભેદપણે જે શુદ્ધ અનુભવ થાય છે,
તે જ સમયસાર છે અને તે જ ધર્મ છે.
સ્વ તરફ રુચિ થાય, ત્યારે સંસારરુચિ ઉડી જાય છે,
શ્રુતના અવલંબનથી જ્ઞાનસ્વભાવનો નિર્ણય-
તેનું ફળ તે નિર્ણય અનુસાર અનુભવ કરવો તે છે.
આત્માનો નિર્ણય તે કારણ અને આત્માનો અનુભવ
તે કાર્ય. જ્યાં સાચું કારણ મળે ત્યાં કાર્ય થાય જ.
ઇંદ્રિયોના અવલંબને મતિજ્ઞાન પરલક્ષે પ્રવર્તે છે.
મનના અવલંબને શ્રુતજ્ઞાન નયપક્ષોના વિકલ્પોમાં ભટકે છે,
તે બંનેને અંતરસ્વભાવ સન્મુખ કરી એક

જ્ઞાન સ્વભાવને લક્ષમાં લઈ, ઉપયોગ તેમાં પ્રવર્તાવી,
નિર્વિકલ્પ થઈને શુદ્ધાત્માનો અનુભવ કરવો,
તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.
શુદ્ધ સ્વભાવ એકરૂપ છે, અનાકુળ છે.
તે વિકલ્પ હોવા છતાં વિકલ્પથી પર છે,
આત્મસ્વભાવ બધાથી જુદો અને ઉપર છે,
ચિદાનંદઘન છે, વિકલ્પોના પ્રદેશથી રહિત છે,
પરમાત્મસ્વરૂપ છે સદા નિર્દ્વંદ્વ અને અનુભવ એ
સ્વધર્મ છે અને મોક્ષનો આનંદ માર્ગ છે.
જ્ઞાનસ્વભાવી આત્મા તે શુદ્ધ નિશ્ચય છે અને
પરિણતિને સ્વભાવોન્મુખ કરવી તે શુદ્ધ વ્યવહાર છે.
તે વડે આત્માનો સહજ આનંદસ્વભાવ પ્રગટ થાય છે.
નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ તે ધર્મ છે. જ્ઞાનસ્વભાવની
પકડથી જે જ્ઞાન થાય, તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.
સમ્યગ્દર્શન કોઈ બાહ્ય વસ્તુ નથી પણ સ્વાનુભવરૂપ
પરિણમેલો આત્મ એજ સમ્યગ્જ્ઞાન તથા દર્શન છે.
જ્ઞાનસ્વભાવના અનુભવથી જ આત્મહિત થાય છે.
એવું પરમાત્માનું સ્વરૂપ છે, એવું જ તારું સ્વરૂપ છે.
તેને તું ઓળખે તો જ પ્રભુતાની પ્રાપ્તિ થાય.

શુદ્ધાત્માનું દર્શન, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર,
અનુભવ કે સાક્ષાત્કાર - તે આત્મા જ છે.
સિદ્ધપદ કે સાધુપદ કે કેવળીપદ તે આત્મા જ છે.
મોક્ષમાર્ગ - આરાધના વગેરે આત્મામાં જ સમાય છે.
એની અનુભૂતિ તે સર્વ ધર્મનું મૂળ છે.
શ્રુતનું હૃદય અનેકાન્ત છે.
અનેકાન્તનું હૃદય વસ્તુસ્વરૂપથી છે - પરરૂપથી નહિ,
એમ વસ્તુની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે.
શ્રુતજ્ઞાન વસ્તુની પ્રકૃતિને સિદ્ધ કરે છે અને
સ્વાશ્રય કરવાનું બતાવે છે.
વિકાર ક્ષણિક પર્યાયમાં છે, ત્રૈકાલિક વસ્તુ અવિકારી છે.
સ્વભાવને ઓળખીને કષાયભાવથી
આત્માને બચાવવો તે ખરી સ્વદયા છે.
વસ્તુને પરાધીન માની
કર્તૃત્વ બુદ્ધિ અને રાગ-દ્વેષ કરવાં તે ભાવહિંસા છે.
શરીરથી ભિન્ન અને પુણ્ય - પાપથી પર એવા
જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ તે સામાયિક છે.
મોક્ષ એ જ્ઞાન વડે પમાય, પુણ્ય વડે નહિ.
જ્ઞાનપણે પરિણમવું તે મોક્ષનું કારણ છે,
પુણ્યપણે પરિણમવું તે નહિ.

પુદ્ગલવૃત્તિને ખાતર મોક્ષમાર્ગને અવગણવો,
તે રાખ માટે ચંદનના વનને ભસ્મસાત્ કરવા જેવું છે,
એક દોરાને માટે રત્નનો કંઠો તોડવા જેવું છે,
એક કાંકરા માટે કે એક કાચના ટુકડા માટે
ચિંતામણિ રત્નને ફેંકી દેવા જેવું છે.

ચિદાનંદ તત્ત્વનો આશ્રય છોડીને પુદ્ગલતત્ત્વનો
આશ્રય લેવો તે બહુ તેવું અવિચારી કૃત્ય છે.
મોક્ષમાર્ગ આત્માના આશ્રયે છે, પુદ્ગલના આશ્રયે નહિ.
ચૈતન્યભાવ અને રાગભાવ વચ્ચે ભેદજ્ઞાન કરીને એક
ચૈતન્યનો જ આશ્રય લેવો તથા રાગનો આશ્રય છોડવો,
તેમાં જ સાચી વિદ્વત્તા અને સાચું શાસ્ત્રઅભ્યાસપણું છે.
આકાશની અનંતતા કરતાં પણ જ્ઞાન સ્વભાવની
અનંતતા મોટી છે, તેવા મોટા જ્ઞાન સ્વભાવવાળો તું છે.
પ્રતિકૂળતામાં ક્રોધ એ દુઃખથી બચવાનો ઉપાય નથી
પણ શાંતિ એજ દુઃખથી બચવાનો ઉપાય છે.
જગતનો કોઈ શત્રુ તારી શાંતિને હણવા સમર્થ નથી,
તે શાંતિને તું પોતે જ ક્રોધ વડે કેમ હણે છે ?
પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર જે ક્રોધ કરે,
એ ક્રોધ વડે પોતે પોતાના ઘરની શાંતિને બાળે છે.

ક્રોધાગ્નિ બુઝાવાને પોતે પોતાના શાંત સ્વભાવમાં રહે,
તો તેને નુકસાન કાંઈ જ થાય નહિ અને
પોતાની આત્મિક શાંતિ જળવાઈ રહે.

ભગવાન મહાવીર ચતુર્વિધ જૈન સંઘને વારસામાં મળેલી
જો શ્રેષ્ઠ અને સદા ઉપયોગી વસ્તુ હોય, તો તે છે:
(૧) અહિંસાનો આચાર અને
(૨) અનેકાન્તનો વિચાર.

ધ્યાન વડે થતું સ્પર્શજ્ઞાન એટલે...
ધ્યાન વડે થતી આત્મજ્ઞાનની સ્પર્શના
કામદ્ધ ઉદ્વેગ પામેલ અને સ્વરૂપના ઉપયોગની
ભિન્નતાવાળું બીજું ચિત્ત છે, અથવા
શુદ્ધ સાધ્યની દૃષ્ટિવાળા ભવો વિરલ છે.

'જ્ઞાનસાર'ના ચિન્તન વડે પૂર્ણ આનંદઘનરૂપ આત્માની
સાથે ચારિત્રરૂપ લક્ષ્મીનો પાણિગ્રહણ મહોત્સવ થાય છે.

असरीरा जीवघणा उवउत्ता नाणदंसणगुणेहिं ।
અર્થાત્: શરીરરહિત, જીવ પ્રદેશોના ઘનરૂપ,
જ્ઞાનદર્શન ગુણ વડે ઉપયોગવાળા સિદ્ધ ભગવંતો છે.
આવું શ્રી વિશેષાવશ્યક અને
શ્રી ઉવવાઈ આદિ સૂત્રોમાં કહેલ છે.

શિવગંજ, સં. ૨૦૨૫, આસો સુ-૧૫, શનિ, ૨૫-૧૦-૬૯

હિંદુત્વ - ઈસ્લામિયતનું ભાવાત્મક સ્વરૂપ

હિન્દુત્વની ભાવના એ સિદ્ધ વસ્તુ છે.
ઈશ્વરને પામવાનો હિંદુઓનો તેમની રીતનો પ્રયત્ન,
પ્રાચીન ઋષિઓના શબ્દોમાં તેમનો અતૂટ વિશ્વાસ
અને પોતાની હજારો વર્ષની સાંસ્કૃતિક પરંપરા પ્રત્યે
આત્મીય ભાવ એ હિંદુત્વનું ભાવાત્મક સ્વરૂપ છે.
તેવી જ રીતે ઈસ્લામની ભાવના એ પણ સિદ્ધ વસ્તુ છે.
ઈશ્વરને ઓળખવાની એમની રીત,
એક જ પયગંબરમાં તેમનો અતૂટ વિશ્વાસ
અને પોતાના પયગંબરના મૂલ્કની બારસો-પંદરસો વર્ષ
જુની અરબી સંસ્કૃતિની પરંપરા પ્રત્યે આત્મીયભાવ
એ ઈસ્લામિયતનું ભાવાત્મક સ્વરૂપ છે.
આ બન્નેનું સ્વતંત્ર સ્વરૂપ સમજીને વિચારાય,
તો જ બંને કોમોની ભાવનાને ન્યાય આપી શકાય.
વસ્તુના સ્વરૂપનો ઊંડો વિચાર કર્યા વિના
કૃત્રિમ રાજકીય એકતાની વાતોથી
ભાવનાત્મક એકતાનો ઉકેલ આવી શકે નહિ.
હિંદુઓને મન ઈશ્વર એ કાંઈ

દેહધારી જીવ કદી સ્વતંત્ર કે નિરાળું તત્ત્વ નથી,
પરંતુ અંતિમ સ્વરૂપે બંને વચ્ચે અભેદ છે.
ઈસ્લામમાં ઈશ્વર અને એની સૃષ્ટિ વચ્ચે સળંગ અને
અતૂટ જુદાઈનો સ્વીકાર હોવાથી દ્વૈતભાવનો પ્રભાવ છે.
'એક જ તત્ત્વ અનેક રૂપે વિસ્તરેલું છે.'
તેથી હિંદુભાવનાને અને ઈસ્લામની દ્વૈતભાવનાને યથાર્થ
સમજવાથી બંને દૃષ્ટિ વચ્ચેનો ભેદ સમજી શકાશે.
ઈસ્લામી 'બ્રધરહુડ' તથા હિન્દુઓનું 'બ્રધરહુડ' એક નથી.
હિંદુ ધર્મમાં વેદનું પ્રાધાન્ય ખરું પણ
સાધના અને ઉપાસનાની બાબતમાં સ્વતંત્રતા છે.
હિંદુત્વ એ મુખ્યત્વે એક દૃષ્ટિ છે, સંપ્રદાય નથી. એ
દૃષ્ટિની એકતા પૂરતી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના છે.
ભારત એ ભૌગોલિક સત્ય નહિ,
પણ હિંદુત્વની દૃષ્ટિએ આધ્યાત્મિક સત્ય છે.
મુસ્લિમોને મન ભારત પોતાનો દેશ છે
એટલે માત્ર વતન છે, ઘર છે.
અહીં ભાવનાનું તત્ત્વ નથી અને છે તો તે
ભાવના માત્ર સ્થૂલ વસ્તુ પ્રત્યેના મમત્વ જેવી છે.
એટલે પોતાનું ઘર, પોતાનું ખેતર, પોતાનું રાચરચીલું.

- યશોધર મહેતા

ॐ नमो नमः

ધર્મની દુર્લભતા વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે:

लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।
इक्को नवरि न लब्भइ, जिणिंदवरदेसिओ धम्मो ॥१॥
धम्मो पवित्तिरूवो लब्भइ कइयावि निरयदुक्खजओ ।
जो निच्छयवत्थुसहावो सो धम्मो दुल्लहो लोए ॥२॥
निच्छयवत्थु धम्मसवणं दुल्लहं वुत्तं जिणिंद-आणासुअं ।
तप्फासणाणेगत्तं हुंति केसिं चि धीराणं ॥३॥
जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवो जन्म मृतस्य च ।

(પરિશિષ્ટ-૨૨)

રાગાદિ એ ઇષ્ટઅનિષ્ટ વસ્તુનો પરિણામ નથી પણ વિભાવથી ઉત્પન્ન થયેલ ભ્રાંતિનો પરિણામ છે.

कणगम्मि लोहो न जाइ, रागो दोसे कुणंतु मज्झ तुमं ।
निरत्तत्ताविलुत्ताणं, एस अणाइ परिणामो ॥१॥

અર્થાત્: સુવર્ણ અને લોહ એમ નથી કહેતા કે તમે મારામાં રાગ-દ્વેષ કરો, પરન્તુ સ્વરૂપથી ભ્રષ્ટ થયેલા જીવોનો આ અનાદિ મોહપરિણામ છે.

જ્યાં સુધી ઇંદ્રિયસુખમાં સુખબુદ્ધિ છે,
ત્યાં સુધી સમ્યગ્દર્શન અને
સમ્યગ્જ્ઞાનમાં જીવ મગ્ન થતો નથી. - તત્ત્વાર્થ ટીકા

## મુક્તિના ચાર પ્રકાર

(૧) સારૂપ્ય - જીવન્મુક્તિ }
(૨) સાલોક્ય - ક્રમમુક્તિ } = સત્
(૩) સામીપ્ય - સર્વવિરતિ = ચિત્
(૪) સાયુજ્ય - ક્લેશમુક્તિ = આનંદ

મનુષ્યયોનિ શિવત્વની યોનિ ભોગભૂમિ છે.
કર્મસ્વાતંત્ર્ય કેવળ મનુષ્યયોનિમાં છે.
મનુષ્યયોનિમાં ચિંતનશક્તિ છે, તેથી શિવની ઉપલબ્ધિ થાય છે. જેવું ચિન્તન કરે છે, તેવો તે થઈ જાય છે.
કુત્સિત વાસનાઓ અને પાપાચરણની પ્રવૃત્તિઓ ચિન્તનની વિરોધી છે, તે મનને નિર્બળ બનાવી ચિન્તન - મનન માટે અશક્ત કરે છે.
વિકલ્પગ્રસ્ત મન ભૂતાદિ ઉન્માદ અને દેવાદિ ઉન્માદવત્ સ્વરૂપને વિપત્તિકર બને છે.
સબળ મન 'અહં બ્રહ્માઽસ્મિ ।'ના ચિન્તન વડે પરમાનન્દની અનુભૂતિ કરવામાં સફળ બને છે.
'તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ।' એ ગુરુમંત્ર છે.
મનની શક્તિ - અશક્તિ જ સામર્થ્યના કારણે માનવને દીન, હીન, દુઃખી તથા પરમુખાપેક્ષી બનાવે છે.

## દિવ્યતા પામવા માટે યોગમાર્ગ

દાનવતાથી છોડાવી માનવતા અને દિવ્યતાનું
નિર્માણ કરવાના માર્ગ મહર્ષિઓએ બતાવ્યા છે.
તેમાં મુખ્ય યોગમાર્ગ છે, જેના ૪ પ્રકાર બતાવ્યા છે:
હઠયોગ, રાજયોગ, મંત્રયોગ અને લયયોગ.
કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ વગેરે
તેના જ પેટા ભેદો છે. તે બધામાં લયયોગ મુખ્ય છે.
લયયોગથી ચિત્તવૃત્તિઓનું એકીકરણ થાય છે,
લયયોગનો ઉપાય નાદાનુસંધાન છે,
જે વડે સમાધિ-ઉન્મની કે લયાવસ્થા પ્રાપ્ત કરી શકાય છે.

## મંત્રથી મુક્તિ

શબ્દમાં બહુ ઘણી શક્તિ છે. તેના સંયોજનથી મંત્ર
ઉત્પન્ન થાય છે અને તે મંત્ર - તેના સ્મરણ
અને જાપ વડે મનુષ્યને શાંતિ આપી શકે છે.
'સા વિદ્યા યા વિમુક્તયે |' અહીં વિમુક્તિનો અર્થ
અજ્ઞાનમાંથી, વિષયવાસનામાંથી, રાગદ્વેષમાંથી મુક્તિ છે.
આવી મુક્તિ થાય તો જ
આપણી આંતરચેતનામાંથી પ્રભુતા પ્રકટી શકે અથવા
આંતરચેતના પૂરેપૂરી પ્રકટ થઈ શકે છે.

## 'લય' શબ્દના પર્યાયવાચી શબ્દો

રાજયોગ, સમાધિ, ઉન્મની, મનોન્મની, અમૃતત્વ,
લયતત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ અમનસ્કત્વ, નિરાલંબ,
અદ્વૈત, નિરંજન, જીવન્મુક્તિ, સહજ, તુર્યા ઈત્યાદિ છે.

## અનાહત નાદાત્મક ધ્વનિ

દરેક વર્ણની અંદર એક અનાહત નાદાત્મક ધ્વનિ છે,
જે વર્ણોનો આત્મા છે. વ્યંજનોમાં તેને સ્વરના માધ્યમે
ઓળખી શકાય છે અને સ્વરોમાં નાદાત્મક ધ્વનિના
તરંગોથી સાક્ષાત્ અનુભવમાં લાવી શકાય છે.
નાદને ઉત્પન્ન કરનાર પ્રાણ છે, જેનું સ્વરૂપ સ્પંદ છે.
સ્પન્દનાકાર વર્તુલ તરંગોમાં પ્રવાહિત થતી પ્રાણવાયુની
નિગ્રહિત શક્તિ એજ મૂલાધારમાં ઓંકારરૂપ પરાવાક્ છે.
આ ઓંકારની આકૃતિ જ કુંડલિનીના ૩।। વલયરૂપ છે.
સૂર્ય, અગ્નિ અને સોમસ્વરૂપ વિભિન્ન ગ્રન્થિસ્થાન છે.
એના અંત અને અવ્યક્ત અર્ધા જે સ્વરૂપ છે.
આ પરાવાણી જ પશ્યંતી અને મધ્યમારૂપે થઈ વૈખરીના
માધ્યમથી ઉચ્ચાર્યમાણ વર્ણોનું સ્વરૂપ ગ્રહણ કરે છે.
પરમ શિવ એ પ્રકાશરૂપ 'અ'કાર છે.
તેને 'વાસુદેવ' પણ કહે છે. એ પ્રથમ અવસ્થા છે.

એ અનુત્તર અવસ્થા પરમ શિવ છે.
બન્ને અવસ્થામાં શિવ અને શક્તિનું સામરસ્ય છે.
તેને અ + હ (શિવ + શક્તિ)નો વિમર્શ કહે છે.
શિવ અગ્નિરૂપ છે અને શક્તિ સોમરૂપ છે.
એ બંનેનું બિંદુરૂપમાં પરિણત થવું તે 'અહમ' છે.
અગ્નિના સ્પર્શથી સોમમાંથી જે અમૃતસ્ત્રાવ થાય છે,
તે ચિત્તતા યા બ્રહ્માનંદનું સ્વરૂપ છે.
જ્યારે અકાર હકારમાં પ્રવેશ પામે છે,
ત્યારે બિંદુમાં ઉચ્છૂનતા અર્થાત્ ફૂલવાપણું આવે છે.
તે વખતે બિંદુથી અનંત નાદ ઉત્પન્ન થાય છે અને
તેમાં સમસ્ત તત્ત્વ રહે છે, એને
ત્રિકોણના રૂપમાં પ્રકટ કરવામાં આવે છે.
ઉન્મની અવસ્થાની પ્રાપ્તિ પછી જ્યારે સર્વ પ્રપંચનો
લય થઈ જાય, ત્યારે પણ એક નિર્વિકલ્પતા રહે છે,
તે ઉન્મની અવસ્થામાં રહે છે.
ધીરે ધીરે જ્યારે એ તત્ત્વની નિવૃત્તિ થઈ જાય છે,
ત્યારે કૈવલ્ય અવસ્થાનો ઉદય થવા લાગે છે.
આ અવસ્થા 'પરાવાક્' રૂપ કુંડલિનીને જાગૃત કરી
ષટ્ચક્રોનો વેધ કરવાથી પણ પ્રાપ્ત થઈ શકે છે.

મૂળાધારમાં સર્વ પ્રથમ ભાવનાથી શક્તિને અર્થાત્ સૂઈ રહેલા એ પ્રભુની નિગ્રહિત શક્તિને જાગ્રત કરી યોગાધિરક્ષાથી સ્વાધિષ્ઠાન ચક્રમાં લઈ જવામાં આવે છે. પછી આસાચક્રમાં યોગ ધિરક્ષા કરતાં કરતાં સાધક નાભિચક્ર અર્થાત્ મણિપુરમાં લઈ જાય, ત્યાંથી પછી કંઠચક્રમાં યોગ ધિરક્ષા કરતાં હૃદયચક્રમાં સ્થિર કરે. એ પ્રકારે શબ્દબ્રહ્મ કે સદ્ગુરુબ્રહ્મનો ત્યાં સાક્ષાત્કાર કરી લઈને પછી વિપરીત ક્રમથી એ જ રીતે યોગ ધિરક્ષા કરતાં કરતાં યોગી તેને મસ્તકમાં ધિરક્ષા કરે.

આ વિપરીત ક્રમનો અભ્યાસ ત્યારે જ કરે, કે જ્યારે પ્રભુ છોડવાની ઇચ્છા હોય, અન્યથા અવિચળ આ માર્ગનો પરિચય કરીને યોગીએ દિવસના ભાગમાં ચંદ્રનાડીમાં અને રાત્રિના ભાગમાં સૂર્યનાડીમાં પ્રભુને પ્રવાહિત કરતા રહેવું જોઈએ તથા આંતર્નાદ સાંભળતા રહીને કુંભક લયનો કાળ વધારતા રહેવું જોઈએ.

- Dt. 29/10/69, Kallagi

હૃદયકમળની પૂજના, સદા વસો ચિત્તમાંહી
ગુરુવિવેક જાગે સદા, ભવજળ ઘટી જાય... (૯)

- નવ અંગ પૂજાના દુહા

## સંતાપમાંથી શાંતિમાં જવાનો ઉપાય - સત્દર્શન

શરીરનું આરોગ્ય નિસર્ગોપચારથી અને
મનનું આરોગ્ય ભગવન્નામ જાપથી મેળવી શકાય છે.

સંતાપમાંથી શાંતિ કેમ મળે ? સત્દર્શનથી.

પાપી આત્મા પાપનો પશ્ચાતાપ કરે છે, ત્યારે તે તેનું
પતન યા શિક્ષા બને છે અને તેને કુત્તરો જ ખાય છે.

શિક્ષાની બીક પશ્ચાતાપપૂર્વક તજેલું પાપ પણ
જે લોકો નિંદશે, તેનું પતન કુત્તર જેવું બનશે.
તેના ગુણકર્માનુસાર નિંદકને કુત્તરનો જન્મ લેવો પડશે.

'તારો નિંદક આવતીકાલે ઉકરડાનો નિવાસી બનશે'
એ કલ્પના જ કરુણાપૂર્ણ વિહ્વળતાને પેદા કરે છે.
આવતીકાલના સાચા જ્ઞાનથી હૃદયમાં દયા અને આંખમાં
કરુણા વ્યાપી જાય, એમ બને તો જ તે જ્ઞાન સાચું.

નિંદક પ્રત્યે ક્રોધના સ્થાને કરુણા અને
આંખમાંના અગ્નિની જગ્યાએ અશ્રુ આવે, ત્યારે
સાચું જ્ઞાન પ્રાપ્ત થયું છે, એવો નિશ્ચય કરી શકાય.
કર્મ, અકર્મ, કુકર્મ, વિકર્મ, સુકર્મ અને કર્તવ્યકર્મ,
એમ કર્મના અનેક ભેદ પડે છે. નિર્લિપ્ત ભાવે જે
કર્મ થાય, તે કર્મ પણ અકર્મ કે સુકર્મ બને છે.

સંપ્રજ્ઞાત યોગ એટલે...

જ્યાં ચિત્તની ક્લિષ્ટવૃત્તિઓનો રોધ કરવામાં આવે તે.

અસંપ્રજ્ઞાત યોગ એટલે...

ક્લિષ્ટ-અક્લિષ્ટ ઉભયવૃત્તિઓનો રોધ કરવામાં આવે તે.

સિદ્ધમાં જે ભાવ હોય, તે જાતિસ્વભાવ ગુણ કહેવાય.

સ્થિરતારૂપ ચારિત્ર એ વસ્તુનો ધર્મ છે, માટે

સિદ્ધોને સ્થિરતા રૂપ ચારિત્ર હોય છે.

યોગ અને ઉપયોગની સ્થિરતા વડે

સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય છે. તે જ ચારિત્રગુણ છે.

ક્રિયા પ્રવૃત્તિરૂપ તથા પરિણતિ આત્મગુણની શુદ્ધિરૂપ છે.

મોહનો ઉદય જે કાર્ય કરે છે:

એક તત્ત્વનિશ્ચયરૂપ સમ્યગ્દર્શનને રોકે છે,
જે મિથ્યાત્વ મોહ છે અને બીજો સ્વરૂપરમણતારૂપ
ચારિત્રને રોકે છે, તે ચારિત્રમોહ છે.

મોહનીયકર્મના ઉદયથી બંને પ્રકારના મોહ ઉત્પન્ન થાય.

आकिंचन्यं मुख्यं ब्रह्मातिपरं सदागमविशुद्धम् ।
सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥१॥
मुक्तं मासादि-पर्यायवृद्ध्या द्वादशभिः परम् ।
तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥२॥

(परिशिष्ट-२३)

## દૃષ્ટિ અને પ્રકૃતિ

સમ્યક્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ મળીને પ્રકૃતિ સર્જાય છે.
એક પુરુષ પ્રકૃતિ અને બીજી સ્ત્રી પ્રકૃતિ છે.
એક Negative & the other is positive.
બંને સહજદૃષ્ટિ રહેલ છે.

0 યુદ્ધ માનવના મનમાંથી જન્મે છે અને તેથી શાંતિ માટેના પ્રયાસો પણ તેના મનમાંથી જ થવા જોઈએ.
- United Nation Organisation

## શિવ અને શક્તિ

શક્તિનું વાહન 'સિંહ' તથા બ્રહ્માનું વાહન 'હંસ' છે.
શબને શિવ બનાવો અને મૃત ચર્મને સિંહ બનાવો.

સ = શિવ, સગુણ, સાકાર.
હ = શક્તિ, નિર્ગુણ, નિરાકાર.
'કૈલાસ'નો અર્થ: કેલિ + ક = કૈલાસ,
ક = પ્રજાપતિ, કેલિ = ક્રીડા, આસ્ = બેસવું.
શિવનો વાસ જમણા ભાગે, શક્તિનો વાસ ડાબા ભાગે.
ક + લ = કાલ, લ + ક = લોક, ક + મ = કામ.
બ્રહ્મા = પિતા. કામના વિનાશથી કાલનો વિનાશ થાય છે.
ત્ર્યંબક જ્યોતિ અગ્નિના અક્ષરથી જાગો.

રોગ એ બીજું એક અંગ છે.

જીવન છે ત્યાં સુધી મન, મન છે ત્યાં સુધી માનવ છે.
મન મરવાથી માણસ મરે છે, ચૈતન્યશૂન્ય શબ બને છે.
સંસ્કૃતિનો લોપ કરી દાસત્વથી મુક્તિ પ્રાપ્ત કરવી તે
જીવનને બચાવીને જીવવાની વાત કરવા બરાબર છે.

ચાર વર્ણાશ્રમ

બ્રાહ્મણ = વાચનયુક્ત તપ, શાંત વિચારશીલ જીવનસ્વભાવ.
ક્ષત્રિય = ઈંગિત પર બલિદાન, સ્વસુખત્યાગ, પરરક્ષા.
વૈશ્ય = ધનત્યાગ, શુદ્ર = સદા સેવાભાવ.

માનવ માનવની ઈર્ષ્યા કરે, ભાઈ - ભાઈથી લડ્યા કરે,
પરસ્પરમાં ફૂટ ફેલાવ્યા કરે, ત્યારે અન્ય જાતિ રાજ્ય કરે.

o જ્યાં ભલમનસાઈ છે, ત્યાં મૈત્રી છે.
જ્યાં અરસપરસ લાગણી છે, ત્યાં ધર્મ છે.
જ્યાં ધર્મ છે, ત્યાં સુખ છે. - રાજેશ્વર

પાકિસ્તાનની બોર્ડર ઉપર એક ગાંધી રહેતાં હતાં,
તે સરહદના ગાંધી અબ્દુલ ગફારખાન કહે છે તેમ:
ધર્મ = પ્રાણીમાત્રની સેવા, ઈશ્વર પ્રત્યે પ્રેમ.

o તેજશ્ચિત્તસુખલાભ લક્ષણમ્ ।
અર્થાત્: તેજ એટલે ચિત્તસુખનો લાભ.

## કબીર કરત હૈ બિનતી...

સાહેબ કે દરબાર મેં, સાચેં કો શિરપાવ;
જૂઠ તમાચા ખાયેગા, ક્યા રંક ક્યા રાવ? ...(૧)

લઘુતા મેં પ્રભુતા બસૈ, પ્રભુતા સે પ્રભુ દૂર;
કીડી સો મિસરી ચૂગૈ, હાથી કે શિર ધૂર. ...(૨)

લૂટિ સકૈ તો લૂટિ લે, રામનામ કી લૂટ;
ફિર પાછે પિછતાયેગો, પ્રાણ જાહિગે છૂટ. ...(3)

કબીર મન તો એક હૈ, ભાવૈ તહાઁ લગાઈ;
ભાવૈ ગુરુ કી ભક્તિ કર, ભાવૈ વિષય કમાઈ. ...(૪)

હરિજન તો હારા ભલા, જીતન દે સંસાર;
હારા તો હરિ સોં મિલે, જીતે જમ કે દ્વાર. ...(૫)

સુમિરન કરલું રામ કા, કાલ ગહે હૈં કેશ;
ના જાનો કબ મારિ હૈં, ક્યા ઘર ક્યા પરદેશ? ...(૬)

## સંત તુલસીદાસજીના 3 દુહાઓ

જવ જવ કે આશરે, જવ કરત હૈ રાજ;
તુલસી રઘુવર આશરે, ક્યું બિગાડેગો કાજ? ...(૧)

સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ દોય;
દારા સુત અરુ લક્ષ્મી તો, પાપી કે ભી હોય. ...(૨)

તન સુકાય પિંજર કરૈ, ધરૈ રૈન-દિન ધ્યાન;
તુલસી મિટૈ ન વાસના, બિના વિચારે જ્ઞાન. ...(3)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૩૯)**
મૈત્રી વગેરે ભાવોના પરિપાકસ્વરૂપ, અનંત કરૂણાના સ્વામી, વિશ્વહિત કર્તૃત્વાદિ ગુણસમૂહથી શોભતા, પંચપરમેષ્ઠિના શરણસ્વીકાર સ્વરૂપ આરાધકભાવની પ્રાપ્તિ અને વિશુદ્ધ આત્મસ્વરૂપના સાક્ષાત્કાર માટે મહામંત્રનો જાપ શરૂ કરાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫૭)**
મોક્ષમાર્ગદર્શક, ન બુઝાયેલ દીવી જેવી શુદ્ધાત્માની ચેતના સાધુનો અક્ષયનિધિ છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૮૨)**
ઈશ્વરની કૃપાથી જ પુરૂષોને અભેદનો અનુભવ થાય. બ્રાહ્મણોને મોટા ભયથી રક્ષણ મળે, ત્યારે ઈશ્વર સાથે અભેદનો અનુભવ થાય. હે જીવ! મુક્તિની ઈચ્છા હોય તો વિષયોને વિષની જેમ છોડ ને ક્ષમા, સરળતા, દયા, સંતોષ, સત્યામૃતને ભજ.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૮૩)**
ઉપકાર એ શ્રેષ્ઠ ધર્મ છે. કાર્યકુશળતા એ શ્રેષ્ઠ કાર્ય છે. પાત્રમાં દાન આપવું એ શ્રેષ્ઠ ઈચ્છા છે. તૃષ્ણા રહિતતા એ શ્રેષ્ઠ મોક્ષ છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૫)**
જેના થકી સ્વર્ગ ને મોક્ષના ઉપાયો બુદ્ધિમાં આવે, તે 'આગમ' કહેવાય.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૮૯)**
પાંખ વિનાના પક્ષીના બચ્ચાં જેમ માતાને જોવા તલસતા હોય, ભૂખ્યા થયેલા વાછરડા સ્તનપાન માટે તલસતા હોય, વિહ્વલ પ્રિયા દૂર રહેલ પ્રિયતમ માટે તલસતી હોય, તેમ હે કમલાક્ષ! તમને જોવા માટે મારૂં મન તલસે છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૯૦)**
સર્વ શરીરોમાં જીવ હંમેશા પ્રાણો વડે આરૂઢ હોય છે. જેમ તંતુના પાંજરામાં ગોઠવેલો ઉનનો દોરો ભમે છે, એવી રીતે પ્રાણારૂઢ જીવ આ ભવચક્રમાં સદા ભમે છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૯૫)

અંદરથી બૌદ્ધ, બહારથી શૈવ કે વેદાંતી, સભામાં વૈષ્ણવ, આ રીતે વિવિધ રૂપો ધરનારા નાસ્તિક લોકો પૃથ્વી ઉપર વિચરે છે.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૯૬)

પરધન પ્રત્યે આંધળો, પરસ્ત્રી માટે નપુંસક, પરનિંદા માટે મુંગો અને હંમેશા જીતેન્દ્રિય હોય, એવા બ્રાહ્મણનું જ કૌલમાર્ગમાં અધિકારીપણું છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૯૭)

હે પ્રિયે! વર્ણાત્મક બધા મંત્રો શક્તિસ્વરૂપ છે. શક્તિ એટલે માતા. તે શિવસ્વરૂપ કલ્યાણ કરનાર છે. (૧) પરમ તેજયુક્ત જે માતૃકાદેવી છે, તેના વડે બ્રહ્મ સહિત આખું વિશ્વ વ્યાપેલું છે. (૨)

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૯૮)

પદથી નિર્દિષ્ટ ભાષા તે વૈખરી. વૈ = નિશ્ચય વડે, ખ = કાનમાં, રી = જાય છે તે વૈખરી. વિખર નામના પ્રાણ વડે પ્રેરાય કે બોલાય તે વૈખરી અથવા વિખર નામના વાયુને પ્રેરે તે વૈખરી. વિશેષે કરીને કઠિન સ્વરૂપ જેનું છે તે વૈખરી. વૈખરી કરતાં સૂક્ષ્મ વાણી તે મધ્યમા. તે વાણી મધ્યમ જીવોની હોય છે. - પૂજોપકરણમ્. કારણ એ બિંદુસ્વરૂપ પરાવાણી છે તથા કાર્ય એ બિંદુસ્વરૂપ પશ્યન્તી વાણી છે. તે બંને મધ્યમા વાણી કરતાં વધારે સૂક્ષ્મ છે અને ઉત્તમ જીવો તેના અધિકારી છે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૧)

શબ્દ અને અર્થના બોધ માટે વાણી અને અર્થની જેમ જોડાયેલા, જગતના માતા-પિતા એવા પાર્વતી અને શંકરને હું વંદન કરૂં છું. - રઘુવંશ કાવ્ય, ૧-૧

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૪)

અ થી હ સુધીના વર્ણોની સંધિસ્વરૂપ, મનનધર્મથી તેજસ્વી કે પ્રભાવવંત અને સંસારનો ક્ષય કરવા સ્વરૂપ આત્માનું રક્ષણ કરવાના ધર્મવાળો હોવાથી 'મંત્ર' કહેવાય છે. - સૌભાગ્ય ભાસ્કર, પૃ.પર

ॐ नमो नमः

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૦૫)

મનન કરીએ ત્યારે પોતાનો વૈભવ કે પ્રભાવ બતાવે, પોતાનો સંકોચ થવાનો ભય આવે ત્યારે રક્ષણ કરે અને વિશ્વના વિકલ્પોનો કોળીયો કે નાશ કરે. ખરેખર! મંત્ર શબ્દના અર્થની અનુભૂતિ અદ્ભૂત છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૧૪)

આથી 'આ મારો', 'આ પારકો' આવા કારણના અભાવથી જો કારણનિરપેક્ષ મુક્તિ ન આપે, તો વ્યક્તિનો મોક્ષ પ્રયોજનરહિત જ થઈ જાય. - સુબોધિની

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૭)

હું બધા પ્રાણીઓમાં આત્મારૂપે તેમના હૃદયમાં પ્રવિષ્ટ છું. એમના સ્મૃતિ અને જ્ઞાન અને એ બંનેના લોપ પણ થયા કરે છે. સંપૂર્ણ વેદોથી હું જાણવાલાયક છું. વેદાન્તનો કરનારો કર્તા તથા વેદાન્તને જાણનાર પણ હું છું.

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૨૦)

જેવી રીતે લક્ષણશાસ્ત્રમાં એકસરખારૂપ આવે તો એકત્વની સિદ્ધિ માટે એક જ રૂપ બતાવે (તેવી રીતે જીવમાં પણ એકત્વ સિદ્ધ થાય છે).

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૨૦)

મહાપુરૂષોની નમ્રતા એ જ લોકમાં મહાનતા, દાન એ જ મહાધન, પરાર્થ એ જ સ્વાર્થ કહેવાય છે. અથવા મહાપુરૂષોની નમ્રતા એ જ ઉન્નતિ છે, દાન જ ધન પ્રાપ્તિ છે, પરાર્થ એ જ સ્વાર્થ છે અને ક્ષમા એ જ સામર્થ્ય છે.

- પાર્શ્વનાથ ચરિત્ર, અ.૩, શ્લો.૫૬૩

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૨૯)

ચિત્તની ચંચળતાને ચિત્તથી છુટ્ટી કરી-ત્યજીને, ઊર્ધ્વવાયુ વિગેરે પાંચે વાયુને સંકોચીને, જેના મસ્તકે શાશ્વત લક્ષ્મીને ચિત્ત જોઈ શકે છે, તે સરસ્વતીની જ્યોતિની ઉપાસના કરીએ છીએ. (૧) વીજળીના દંડ જેવી જ્યોતિસ્વરૂપ મેઘની પંક્તિ જેવી સુષુમ્ણા નાડી જ્યારે મસ્તક ઉપર પ્રગટે છે, ત્યારે વિદ્વાન પુરૂષોની રસના કે જિહ્વા કવિસ્વરૂપ અમૃતને આસ્વાદે છે. (૨)

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૩૩)**
દોષમુકત સાધુ ભગવંતો પ્રત્યે પ્રમોદભાવ ધારણ કરતાં કરતાં જે જે દોષ બાધા કરતો હોય, તેની પ્રતિક્રિયા વિચારવી જોઇએ.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૫૭)**
મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ વડે હિતનો ઉદય થાય છે. કલેશના નાશ માટે પરમાત્માના બે ચરણોનું સ્મરણ કે ધ્યાન કરૂં છું.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૨૦૩)**
એમાં સંદેહ નથી કે દેવોનું સ્વામીપણું મળી શકે, રાજાપણું મળી શકે, માત્ર ભગવાને કહેલો ધર્મ મળતો નથી અર્થાત્ દુર્લભ છે. (૧) કદાચ નરકના દુઃખથી પ્રવૃત્તિસ્વરૂપ ધર્મ થાય પણ ખરો, પરંતુ વસ્તુસ્વભાવ ધર્મલોકમાં દુર્લભ છે. (૨) નિજવસ્તુસ્વભાવ ધર્મશ્રવણ પ્રભુના આગમમાં દુર્લભ કહ્યો છે. કેટલાક ધીર પુરૂષો જ કયારેક જ તે ધર્મનો સ્પર્શ પામી શકે છે. (૩) જન્મે એનું મૃત્યુ નક્કી છે અને મૃત્યુ પામનારનો જન્મ નક્કી છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૨૧૦)**
અકિંચનતાપ્રધાન, પરબ્રહ્મસ્વરૂપ, આગમજ્ઞાનથી વિશુદ્ધ, એવો આ અધ્યવસાય (સંયમગ્રહણ પછી) એક વર્ષ થયા બાદ નિયમા સર્વ પ્રકારે શુકલ બને છે. (૧) શાસ્ત્રમાં કહ્યું છે કેઃ એક એક મહિનાની વૃદ્ધિથી ૧૨ મહિના પછી સંયમી જીવ, સર્વ દેવો કરતાં પણ ઉત્તમ તેજ પ્રાપ્ત કરે છે. (૨)



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

|| ॐ ह्रीं अर्हं नमः ||




પૂર્વમાં મહાવિદેહ ક્ષેત્ર અને ઉત્તરમાં મેરૂપર્વત છે,
માટે પૂર્વ કે ઉત્તરાભિમુખ દિશામાં મુખ રાખી
ઈચ્છા કરીને કરજાપ અથવા માળા વડે નિત્ય પ્રભાતે
સૂર્યોદયના ૧ કલાક અને ૩૬ મિનિટ પહેલાં
ઉપરોક્ત મંત્રનો જાપ કરવાથી
જન્મનો વિચ્છેદ તથા પાપનો નાશ થાય છે.

પં. ભદ્રંકર વિજય